અમદાવાદ સીટી માટે

પાનાં : ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ સોમવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૯ વર્ષ : ૯૪, અંક : ૨૮૪ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4


વાંચન વિશેષ

બિઝનેસ plus





જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું[@]

| કેશ ડિસ્કાઉન્ટ | એક્સચેન્જ બોનસ | ઈંસ્ટન્ટ ડિસ્કાઉન્ટ | ઓછું ડાઉન પેમેન્ટ | કોર્પોરેટ ઓફર |
|---|---|---|---|---|
| ₹2 500~ સુધી | ₹5 000~ સુધી | ₹10 000^ સુધી SBI card, HDFC BANK, pine labs | ₹4 999^ થી શરૂ | ₹3 200~ સુધી |

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

INDIA'S FIRST 5 YEAR WARRANTY* *Conditions apply

Hero GoodLife

Also Available on: Flipkart amazon.in

Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. I CIN: L35911DL1984PLC017354 I For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. ~Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only, for a limited time period or till stock lasts. Cash discount, Exchange & Corporate offer are exclusive and can't be availed together ^Finance offer is at the sole discretion of the Financier, subject to its respective T&Cs, Available at select dealerships. $T&C apply, Offer available only on limited stores. @Limited period offer, T&C apply.

TOLL FREE 1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922563; Bopal: Raj Hero: 9289233435; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Narol: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Mann Hero: 9875090031 RTO Circle: Chiraniya Hero 9289235287; Sanand: Bikes Hero: 9289923089; Sarkhej: Raj Hero: 9289233435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shiv Shakti Hero: 9821739780; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vamdote Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922236; GODHRA: Century Hero: 9104400559; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923821 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923051; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922610; JUNAGADH: Jagdish Hero: 9289922239; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL: Shakti Hero: 9289922809; KAMREJ: Shubham Hero: 9289922750; MAHUVA: Vinay Hero: 9289922825; MODASA: Pavan Hero : 9289922826; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289922250; NADIAD: Horizon Hero : 9289922247; NARMADA: Rajpipla: Anas Hero : 9289922241; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922426; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; Rajkot: Kuvadva Road Gopinath Mobility : 7490904512; SILVASA : Anil Motors : 9289924306 SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Surat: Tapi Motors : 7069726000; Katargam: Sadguru Hero : 9289922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Varracha: Rajdeep Hero: 9821737620; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Nizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero :9289922210; Bahucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923199; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922596; VYARA: Wheel Hero : 9289922732

Cheil 33547/26

### આઉટસોર્સિંગ કંપનીની જોહુકમી, સરકારીકરણની માગણી

# જનરક્ષકો પોતે જ અસુરક્ષિત ! '૧૧૨'સેવાના પાયલોટોનું શોષણ

અમદાવાદ, રવિવાર

ગુજરાતની જનતાની ઈમરજન્સી સુરક્ષા માટે ૨૪ કલાક તૈનાત રહેતી 'ડાયલ ૧૧૨' (જનરક્ષક) સેવા ના પાયલોટો હાલ આઉટસોર્સિંગ કંપનીની જોહુકમી અને આર્થિક શોષણ સામે લડી રહ્યા છે . એક તરફ, રાજ્ય સરકાર ૧૧૨ પ્રોજેક્ટના પ્રમોશન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે, ત્યારે બીજી તરફ જમીની સ્તર પર રાત-દિવસ એક કરનારા પાયલોટોના પરિવારોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે.

## એકતરફ ૧૧૨ પ્રોજેક્ટના પ્રમોશન પાછળ કરોડોનો ધુમાડો, બીજી તરફ પાયલોટોનું ભવિષ્ય અંધકારમય

અગાઉ ૧૨ કલાકની ફરજ સામે જે પગાર મળતો હતો, તે શિફ્ટ ઘટાડીને ૮ કલાક કરવાના બહાને સીધો રૂ.૧૪,૦૦૦ આસપાસ કરી દેવાયો છે . સપ્ટેમ્બર મહિનાનો પગાર પણ અનિયમિત મળ્યો છે. જૂન મહિનામાં કોઈ પણ જાણ કર્યા વિના વધુ પગાર જમા કરી, જુલાઈમાં એકાએક કોઈ પણ ખુલાસા વગર કાપ મૂકી દેવાતા પાયલોટોનું બજેટ ખોરવાઈ ગયું છે.

### માત્ર ૧૪-૧૫ હજારના નજીવા પગારમાં કામ કરતા પાયલોટોની-૧૦૦ કિલોમીટર દૂર બદલી

માત્ર ૧૪-૧૫ હજારના નજીવા પગારમાં કામ કરતા આ પાયલોટોની ઘરથી ૧૦૦ કિલોમીટર દૂર બદલી કરી દેવામાં આવે છે. બદલી અને નવા ઓર્ડર વચ્ચેના સમયગાળામાં પાયલોટોને પગાર વગર બેરોજગાર રહેવું પડે છે. પૂરતા વાહનો ન મળવા અને અમુક જ કર્મચારીઓ પાસે ગેરકાયદે વધારાનું કામ કરાવવાની ફરિયાદો પણ ઉઠી છે. આટલા ઓછા પગારમાં વતનથી દૂર રહીને રૂમ ભાડું અને જમવાનો ખર્ચ કાઢવો કે પરિવારને સાચવવો? તે મોટો સવાલ ઉઠ્યો છે.

આઉટસોર્સિંગ કંપનીની જોહુકમી એટલી હદે વધી ગઈ છે કે પોતાની કાયદેસરની માંગણીઓ કે અન્યાય સામે અવાજ ઉઠાવનારા પાયલોટોને ૩-૩ મહિના સુધી કોઈ પણ કારણ વગર 'ઓફ ડ્યુટી' કરી દેવામાં આવે છે અને બાદમાં સીધા નોકરીમાંથી હાંકી કાઢવામાં આવે છે.

જે પાયલોટો પર ગુજરાતના નાગરિકોની કાયદો અને વ્યવસ્થા જાળવવાની મોટી જવાબદારી છે, તેઓ પોતે જ જો માનસિક તણાવ, આર્થિક સંકટ અને અનિશ્ચિતતામાં જીવશે તો તેઓ ફરજ પર સો ટકા ધ્યાન કેવી રીતે આપી શકશે.

સામાજિક સંગઠનોની માંગ છે કે જો ખાનગી એજન્સીઓ ગુજરાતના યુવાનોને સાચવી શકતી ન હોય, તો સરકારે તાત્કાલિક અસરથી 'ડાયલ ૧૧૨' પ્રોજેક્ટનું સંપૂર્ણ સરકારીકરણ કરીને તેને પોતાના હસ્તક લઈ લેવો જોઈએ, જેથી પાયલોટોનું શોષણ અટકે અને તેમનું ભવિષ્ય સુરક્ષિત થાય.

### જૂનમાં સૌથી વધુ ૫૮૧, એપ્રિલમાં માત્ર ૧૧ પરમિટ

# દારૂ જ 'દવા' : સિવિલમાં ૧૦ મહિનામાં ૩૦૫૪ હેલ્થ પરમિટ, ૯૫ ટકા પુરુષો

અમદાવાદ, રવિવાર

ગુજરાતમાં આમ તો દારૂબંધી છે પણ હેલ્થ પરમિટના આધારે દારૂ પીનારાની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે આ વર્ષે ૧૫ ઓક્ટોબર સુધી ૩૦૫૪ હેલ્થ પરમિટ અપાઈ છે. જેમાં ૨૩૯૮ રિન્યુઅલ અને ૬૫૬ નવી પરમિટનો સમાવેશ થાય છે. આમ, પ્રતિ ૧૦૦ પરમિટમાંથી અંદાજે ૭૯ રિન્યુઅલ અને ૨૧ નવી પરમિટ હોય છે.

## ૩ વર્ષમાં કુલ ૧૧ હજાર જેટલી પરમિટ : ગુજરાતમાં ૫૩ હજારથી વધુ પાસે હેલ્થના બહાને દારૂ પીવાની મંજૂરી

આ વર્ષે મહિના પ્રમાણે આંકડાઓમાં જૂન મહિનો મોખરે રહ્યો છે. જૂનમાં ૫૮૧ પરમિટ નોંધાઈ છે, જે આ સમયગાળાના કુલ પરમિટના ૧૯ ટકા થાય છે. બીજી તરફ એપ્રિલમાં માત્ર ૧૧ પરમિટ અપાઈ હતી. પુરુષો અને મહિલાઓના આંકડામાં પણ મોટો તફાવત છે. ૧૦ મહિનામાં ૨૮૮૫ પુરુષ અને ૧૬૮ મહિલાઓને પરમિટ અપાઈ છે. આમ, પરમિટ લેનારી મહિલાઓનું પ્રમાણ ૫.૫ ટકા જ છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૦૭૭, વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૧૮૬ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૮૧૨ હેલ્થ પરમિટ આપવામાં આવી હતી. આ સ્થિતિએ ૩ વર્ષમાં સિવિલમાંથી હેલ્થ પરમિટનો કુલ આંક ૧૦૯૪૩ ઉપર પહોંચ્યો છે. ગુજરાતમાં અંદાજે ૫૩ હજારથી વધુ લોકો પાસે દારૂ પીવાની પરમિટ છે. આ પૈકી ૬૬ ટકા માત્ર અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના લોકોએ મેળવેલી છે.

જેમાં અમદાવાદમાંથી સૌથી વધુ ૧૬૪૭૫, સુરતમાંથી ૮૯૭૧, રાજકોટમાંથી ૫૪૦૩ અને વડોદરામાંથી ૪૧૮૦ લોકો દારૂની પરમિટ ધરાવે છે. અન્ય જિલ્લામાંથી કચ્છમાં ૨૯૩૨, જામનગરમાં ૨૫૪૭, આણંદમાં ૨૨૧૧, ગાંધીનગરમાં ૧૯૬૦ પાસે દારૂની પરમિટ છે.

**છેલ્લા ૩ વર્ષમાં અપાયેલી હેલ્થ પરમિટ**

| વર્ષ | રિન્યુ | નવી | પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૩-૨૪ | ૩૨૨૯ | ૮૪૮ | ૩૭૯૩ | ૨૮૪ | ૪૦૭૭ |
| ૨૦૨૪-૨૫ | ૨૭૮૯ | ૩૯૭ | ૨૯૮૦ | ૨૦૬ | ૩૧૮૬ |
| ૨૦૨૫-૨૬ | ૨૮૫૧ | ૯૬૧ | ૩૫૮૪ | ૨૨૮ | ૩૮૧૨ |

**સિવિલ હોસ્પિટલમા આ વર્ષે અપાયેલી હેલ્થ પરમિટ**

| મહિનો | રિન્યુ | નવી | પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૩૧૯ | ૬૮ | ૩૬૬ | ૨૧ | ૩૮૭ |
| ફેબ્રુઆરી | ૨૮૧ | ૮૯ | ૩૫૧ | ૧૯ | ૩૭૦ |
| માર્ચ | ૨૨૦ | ૫૪ | ૨૬૨ | ૧૨ | ૨૭૪ |
| એપ્રિલ | ૧૦ | ૦૧ | ૧૦ | ૦૧ | ૧૧ |
| મે | ૩૧૨ | ૯૮ | ૩૯૪ | ૧૬ | ૪૧૦ |
| જૂન | ૪૪૭ | ૧૩૪ | ૫૪૪ | ૩૭ | ૫૮૧ |
| જુલાઈ | ૨૫૭ | ૫૭ | ૨૯૦ | ૨૪ | ૩૧૪ |
| ઓગસ્ટ | ૨૪૬ | ૭૭ | ૨૯૮ | ૨૪ | ૩૨૩ |
| સપ્ટેમ્બર | ૨૦૨ | ૬૦ | ૨૫૦ | ૧૨ | ૨૬૨ |
| ઓક્ટોબર* | ૧૦૪ | ૧૮ | ૧૨૦ | ૦૨ | ૧૨૨ |
| કુલ | ૨૩૯૮ | ૬૫૬ | ૨૮૮૫ | ૧૬૮ | ૩૦૫૪ |

(*૧૦ ઓક્ટોબર સુધીના આંકડા.)

### પ્રવેશ પ્રક્રિયા પુરી થવા આવી ત્યારે સરકારનો નિર્ણય

# નર્સિંગની કોલેજ શરૂ કરવા સંસ્થા સીધી સૈદ્ધાંતિક મંજૂરીની દરખાસ્ત કરી શકશે

અમદાવાદ,રવિવાર

યુજી નર્સિંગ તેમજ ડિપ્લોમા નર્સિંગમાં આ વર્ષની પ્રવેશ પ્રક્રિયા પુરી થવા આવી છે ત્યારે શિક્ષણ વિભાગે ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળની યુનિ.ઓ સાથે સંલગ્ન નર્સિંગના વિવિધ અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ પુરતી લેટર ઓફ ઈન્ટેન્ટને બદલે સીધી સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી માટે દરખાસ્તો રજૂ કરવા નિર્ણય કર્યો છે.આ માટે શિક્ષણ વિભાગે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીને લેટર મોકલીને આ પ્રકારની પ્રક્રિયા કરવા આદેશ કર્યો છે.

## યુજી,પીજી અને પોસ્ટ બેઝિક નર્સિંગમાં લેટર ઓફ ઈન્ટેન્ટને બદલે સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી અપાશે:૧૦૦થી વધુ અરજીઓ

યુનિવર્સિટીઓ સંલગ્ન બીએસસી નર્સિંગ,પોસ્ટ બેઝિક નર્સિંગ, બીએસી નર્સિંગ, એમએમસસી નર્સિંગ સહિતના યુજી-પીજી કોર્સીસ ચલાવવામા આવે છે.આ કોર્સની કોલેજોએ જે તે યુનિ.માંથી એનઓસી મેળવવાનું હોય છે અને સરકારની મંજૂરી બાદ જે તે યુનિ.આ કોર્સની કોલેજોને એફિલિએશન આપે છે.આ કોર્સીસમાં નવી કોલેજ માટે સંસ્થાઓએ સરકારમાંથી એસેન્સિયલ સર્ટિફીકેટ લેવાનું હોય છે અને સ્ટેટ નર્સિંગ કાઉન્સિલની મંજૂરી-ભલામણ મેળવવાની હોય છે. ત્યારબાદ સરકારને મળેલી દરખાસ્ત પર લેટર ઓફ ઈન્ટેન્ટ અને એનઓસી આપવામા આવે છે અને ત્યારબાદ ઈન્સ્પેકશન રિપોર્ટના આધારે કોલેજ શરૂ કરવાની મંજૂરી મળે છે.

શિક્ષણ વિભાગે આ વર્ષ માટે એટલે કે ૨૦૨૬-૨૭ પુરતુ લેટર ઓફ ઈન્ટેન્ટની બાદબાકી કરી છે. શિક્ષણ વિભાગે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીને પત્ર લખીને જણાવ્યું છે કે યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન નર્સિંગના વિવિધ અભ્યાસક્રમો માટે આ વર્ષ પુરતી લેટર ઓફ ઈન્ટેન્ટ મેળવવાને બદલે સીધી સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી માટે દરખાસ્તો મેળવવાની રહેશે.જે માટે સંબંધિત યુનિ.ઓને જરૂરી સૂચનાઓ આપતો પરિપત્ર કમિશનર કચેરીએ કરવાનો રહેશે.આમ હવે આ વર્ષ પુરતુ યુજી-પીજી નર્સિંગની નવી કોલેજોને એનઓસી વિના જ સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી મળશે.જો કે ઈન્સ્પેકશન સહિતની પ્રક્રિયા થશે કે નહીં અને ક્યારે કરાશે તે પણ નક્કી નથી.બીજી બાજુ નર્સિંગમાં કાઉન્સિલ દ્વારા વધારાયેલી પ્રવેશ મુદત ૩૧ ઓક્ટોબરે પુરી થઈ રહી છે.આ વર્ષે નર્સિંગમાં જ ૧૦૦થી વધુ સંસ્થાઓએ નવી કોલેજ માટે અરજી કરી છે.જ્યારે પહેલેથી જ હજારો બેઠકો ખાલી રહે છે છતાં પણ નવી કોલેજ માટે અરજી થાય છે અને સરકાર દ્વારા એસે.સર્ટિફિકેટ સહિતની મંજૂરી પણ આપવામા આવે છે.

## રૂપાલના વરદાયિની મંદિરે આજે પલ્લીનો મેળો ભરાશે

ગાંધીનગર, રવિવાર

ગાંધીનગર નજીક આવેલા અને માતાજીની આસ્થાના પ્રતિકસમા રૂપાલ વરદાયિની માતાજીની દર વર્ષે નવરાત્રીના નોમની રાત્રીએ પલ્લી નીકાળવામાં આવે છે ત્યારે આવતી કાલે તા. ૧૯ ઓક્ટોબરે પલ્લીનો મેળો યોજાશે જેના માટે મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ વખતે આઠથી દસ લાખ ભક્તો ઉમટવાના હોવાનો અંદાજ છે જેને લઈને વિશેષ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. સોમવારે મધ્યરાત્રીએ માતાજીની આજ્ઞા બાદ નિકળતી પાંચ જ્યોતવાળી આ પલ્લી ઉપર ૨૦ કરોડથી વધુ રૂપિયાના ચોખ્ખા ઘીનો અભિષેક થશે.

### ૧૯૮૬થી ૨૦૨૬: પરંપરાના નામે પ્રોફેશનાલિઝમ અને જેન-ઝીને જલસા

# પાર્ટી પ્લોટ ગરબાના ૪૦ વર્ષ : રૂ. ૧૨ની ટિકિટના ૧૨૦૦, આયોજન ખર્ચ ૫૦ હજારથી વધી ૫૦ લાખ

અમદાવાદ, રવિવાર



ગુજરાતી ગરબાની ૪૦૦ વર્ષ જુની પરંપરા સામે પાર્ટી પ્લોટોના ગરબા ૨૦૨૬માં ૪૦ વર્ષના થયાં છે. શેરી કે પોળ ગરબાથી અલગ પ્રકારે સ્ત્રી-પુરૂષો સાથે મળી ગરબા ગાઈ શકે તેવાં ગરબા પાર્ટી પ્લોટોમાં યોજવાની પરંપરા ૧૯૮૬માં શરૂ થઈ. ૧૯૮૬થી ૨૦૨૬ના ૪૦ વર્ષ દરમિયાન પાર્ટી પ્લોટોમાં ગરબા ગાનની પરંપરાના નામે પ્રોફેશનાલિઝમ સંપૂર્ણપણે પ્રવેશી ચૂક્યું છે. ૧૯૮૬માં પાલડી વિસ્તારમાં ૧૨ રૂપિયા ટિકિટ વસુલીને ગરબામાં એન્ટ્રી અપાઈ હતી તે ભાવ વધીને ૨૦૨૬માં ૧૨૦૦ રૂપિયા કે તેથી વધુ થયો છે. એ સમયે પાર્ટી પ્લોટમાં દસ દિવસના ગરબા આયોજનનો ખર્ચ રૂા. ૫૦,૦૦૦ આસપાસ રહ્યો હતો તે વધીને ૫૦ લાખ કે તેથી વધુ થાય છે. ટિકિટ દર અને ખર્ચની માફક અમદાવાદમાં પાર્ટી પ્લોટના ગરબા દૂરને દૂરના વિસ્તારોમાં વિસ્તર્યા છે.

જાણકારો કહે છે કે, અમદાવાદમાં પાર્ટી પ્લોટોમાં વ્યાવસાયિક ધોરણે ગરબા આયોજનની શરૂઆત ૧૯૮૬માં પાલડીના પાર્ટી પ્લોટથી થઈ હતી. માત્ર રૂા. ૧૨માં એક વ્યક્તિને એન્ટ્રી અપાતી હતી. જો કે, આ ગરબામાં સીમિત વર્ગના લોકો જ આવતાં હતાં. દશકા પછી પાર્ટી પ્લોટોના ગરબાનું પૂર્ણરૂપે વ્યાવસાયિકરણ ૧૯૯૬થી શરૂ હતું. ૧૩૨ રોડને સ્પર્શતાં નહેરૂનગર વિસ્તારમાં વ્યાસાયિક ગરબાનું આયોજન કરવામાં આવ્યું. રૂા. ૫૦ની ટિકિટ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો ગરબે ઘુમવા એકત્ર થયાં હતાં. એ સમયે આયોજક હિમાંશુભાઈનું કહેવું છે કે, અમદાવાદમાં પહેલી વખત એવું વ્યાવસાયીક આયોજન કરાયું કે, સાઉન્ડ સિસ્ટમ, લાઈટિંગ અને વિજળી ગુલ થાય તો ગરબા બંધ ન થાય તે માટે જનરેટર મુંબઈથી લવાયાં હતાં. ખેલૈયાઓને ધૂળથી બચાવવા આખા ગરબા ગ્રાઉન્ડના તળિયાને લીલા રંગની જાજમથી કવર કરવામાં આવ્યું હતું.

૧૯૯૬ પછી અમદાવાદમાં પાર્ટી પ્લોટોના ગરબાનો ટ્રેન્ડ વધ્યો. ટ્રેન્ડને સતત પ્રોત્સાહન મળ્યું અને ૨૦૦૩થી તો ગુજરાત સરકારે જ વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ શરૂ કર્યો છે. આ વર્ષથી સરકારના વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં પણ રમવા માટે ખેલૈયાઓએ ટોકન ફી ચૂકવવી પડે છે. મતલબ, સરકારી હોય કે ખાનગી... પાર્ટી પ્લોટોના ગરબામાં પૂર્ણરૂપે પ્રોફેશનાલિઝમ અમલમાં છે.

### પરિવાર સાથે અને સ્વતંત્ર રીતે ગરબા ગાવા માટે શરૂ કરાયેલાં પાર્ટી પ્લોટ ગરબાએ સંઘર્ષ પણ કર્યો

અમદાવાદમાં પાર્ટી પ્લોટોના ગરબાના અંગે જુના આયોજકનું કહેવું છે કે, ૧૯૮૦ના અરસાની યુવા પેઢીમાં પરિવાર સાથે પણ સ્વતંત્ર રીતે ગરબા ગાવાનો ક્રેઝ હતો. પોળ, સોસાયટીઓમાં ઓડિયો કેસેટ્સ ઉપર ગવાતાં ગરબા સામે ઓરકેસ્ટ્રા અને ગેવૈયાઓ સાથે ગરબાનું પ્રથમ આયોજન પાલડીના પાર્ટી પ્લોટમાં થયું હતું અને રૂા. ૧૨ એન્ટ્રી ટિકિટ રખાઈ હતી. ૧૯૮૯માં ક્લબના ગરબા શરૂ થયાં હતા. ૧૯૮૬થી ૨૦૨૬ સુધીના ૪૦ વર્ષમાં પાર્ટી પ્લોટના ગરબાએ ખાસ્સો સંઘર્ષ પણ કર્યો છે.

### પાર્ટી પ્લોટના ગરબા એક સમયે દાંડિયા રાસ તરીકે ઓળખાતાં અને કોઈ ડ્રેસ કોડ નહોતાં...

અમદાવાદમાં પાર્ટી પ્લોટોના ગરબાની નિયમીત પરંપરા ૧૯૯૬થી શરૂ થઈ ત્યારે દાંડિયા રાસ તરીકે ઓળખ હતી. યુવતીઓ સાડી કે ચણિયા ચોળીમાં જોવા મળતી હતી. ભાગ્યે જ યુવક કે પુરૂષ વર્ગ કેડિયા, ચોરણીમાં જોવા મળતાં હતાં. યુવકો મોટાભાગે પેન્ટ-શર્ટ પહેરીને જ પાર્ટી પ્લોટમાં જતાં હતાં. ટ્રેડિશનલ વસ્ત્ર પરિધાન કરી આવતાં યુવક-યુવતીઓના ગ્રુપ માટે અલગ સ્ટેજ બનાવાતું હતું. પાર્ટી પ્લોટમાં કોઈ જ ડ્રેસ કોડ નહોતાં.

### અમદાવાદની પાર્ટી પ્લોટ ગરબા પરંપરા દેશ અને વિદેશ સુધી વિસ્તરી છે

### પાર્ટી પ્લોટોના ગરબાનો વિસ્તાર પાંચ વર્ષમાં વિકાસ પછી નવો એરિયા

### પાસની પરંપરા ભૂતકાળ: સ્પ્લિટ થતી ઓનલાઈન ટિકિટ્સથી યુવા વર્ગમાં પાર્ટી પ્લોટનો ક્રેઝ વધ્યો

એક સમય હતો કે જ્યારે પાર્ટી પ્લોટોમાં યોજાતાં ગરબાની ટિકિટો જે તે પાર્ટી પ્લોટના ગેટ ઉપર અથવા તો જે-તે વિસ્તારમાં નિશ્ચિત દુકાનો ઉપર વેચાતી હતી. હવે, પાર્ટી પ્લોટોમાં એન્ટ્રી માટે ઓનલાઈન ટિકિટ્સ શરૂ થઈ છે. આ વર્ષે તો કોઈ એક વ્યક્તિ આખા ગ્રુપની ટિકિટ બૂક કરી દે અને પછી દરેકને એક-એક ટિકિટ ઓનલાઈન જ મોકલી આપે તેવી સુવિધા છે. ઓનલાઈન ટિકિટ્સથી યુવા વર્ગમાં પાર્ટી પ્લોટનો ક્રેઝ વધ્યો છે.

### વિકાસ કરવાનો હોય તે વિસ્તારમાં પાર્ટી-ગરબા

અમદાવાદ વિસ્તરતાં જે વિસ્તારનો વિકાસ કરવાનો હોય તે વિસ્તારમાં પાર્ટી પ્લોટોના ગરબા યોજાય છે તે જોગાનુજોગ હોય? તેવી ચર્ચા છે.

૧૯૫૦: અમદાવાદનો કોટ વિસ્તાર- હદ ૫.૭૨ ચોરસ કિ.મી.

૧૯૬૫: સાબરમતી નદીની બન્ને તરફ વિકાસથી હદ ૯૩ ચોરસ કિ.મી.

૧૯૮૬: પૂર્વના વિસ્તારો ભળતાં- હદ ૧૯૦.૮૬ ચોરસ કિ.મી. (પશ્ચિમ વિસ્તારમાં પાર્ટી પ્લોટ ગરબાનો આરંભ)

૨૦૦૬-૦૭: પશ્ચિમના વિસ્તારો ભળતાં હદ ૪૬૪ ચોરસ કિ.મી. (પાર્ટી પ્લોટોમાં ગરબાની પરંપરા ૧૩૨ ફૂટ રોડ અને આસપાસના વિસ્તારમાં)

૨૦૨૦-૨૧: રિંગ રોડની બન્ને તરફના વિસ્તારો ભેળવાતાં હદ ૫૦૫ ચોરસ કિ.મી. (પાર્ટી પ્લોટોના ગરબા વિકસતા વિસ્તારો આજુબાજુ)

## ૪૦ વર્ષમાં અમદાવાદનો વિસ્તાર ૧૯૦થી વધી ૫૦૫ ચોરસ કિ.મી. થયો તેમ 'ટિકિટ ગરબા' શહેરથી દૂર જતાં ગયાં છે: પાલડી, ૧૩૨ ફૂટ રોડ, એસ.જી. હાઈવે પછી એસ.પી. રીંગ રોડ

### ઈન્સ્ટાગ્રામમાં અનેક આઈડી બનાવ્યા હતા

# ગરબાના બોગસ ઓનલાઇન પાસ વેચવાના કૌભાંડમાં બે ઝડપાયા

અમદાવાદ,રવિવાર

અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ શહેરોમાં યોજવામાં આવતા ગરબાના આયોજનના ઓનલાઈન પાસ મુળ કિંમત કરતા અડધી કિંમતે આપવાનું કહીને છેતરપિંડી આચરતી ગેંગના મુખ્ય સભ્યોને સાયબર ક્રાઈમ સેલ દ્વારા રાજસ્થાનના સીકરથી ઝડપી લેવામાં સફળતા મળી છે. મુળ રાજસ્થાનના ફિલોદી જિલ્લામાં રહેતા બંને યુવકો પાસેથી ઈન્સ્ટાગ્રામના આઈડીની વિગતો, ક્યુ આર કોડ અને બેંકની વિગતો મળી છે. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

## રાજસ્થાનના યુવકો મૂળ કિંમત કરતાં પાસ અડધી કિંમતે આપવાનું કહીને છેતરપિંડી આચરતા હતા

અમદાવાદના મોટા ગરબા આયોજકોના પાસ ઈન્સ્ટાગ્રામ આઈડી પર મુળ કિંમત કરતા અડધી કિંમતે વેચાણ માટે મુકીને અનેક લોકો સાથે છેતરપિંડી કરવામાં આવતી હતી. જે અનુસંધાનમાં એક ઈવેન્ટ કંપનીએ ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં વીર રાજપુત નામના યુવક દ્વારા ઈન્સ્ટાગ્રામના વિવિધ આઈડી ચલાવવામાં આવતા હોવાનું સામે આવ્યું હતું. જે અંગે ટેકનીકલ એનાલીસીસ કરતા જાણવા મળ્યું હતું કે આ ઈન્સ્ટાગ્રામ આઈડીનું રાજસ્થાનથી સંચાલન થતું હતું. જો કે થોડા દિવસ પહેલા આ આઈડીનો ઉપયોગ બંધ કરાયો હતો અને મોબાઈલ નંબર પણ સ્વીચ ઓફ હતો. જેથી રાજસ્થાનમાં સ્થાનિક બાતમીના આધારે કેટલાંક શખ્સો સીકર શહેરમાં હોવાની માહિતી મળી હતી અને પોલીસની એક ટીમ દ્વારા વોચ ગોઠવીને વિરેન્દ્રસિંહ રાજપુત (રહે. બાલાજીનગર,જોધપુર, રાજસ્થાન) અને કિશન રાઠોડ (રહે.ફિલોદી જિલ્લો, રાજસ્થાન)ને ઝડપી લીધા હતા. વિરેન્દ્રસિંહે ઈન્સ્ટાગ્રામ પર આઈડી બનાવ્યું હતુ અને કિશન રાઠોડ આઈડીનું સંચાલન કરીને નાણાંની હેરફેર કરીને બોગસ ક્યુઆર કોડ અને ટિકિટ કન્ફર્મના ઈ-મેઈલ મોકલતો હતો.

### ૨૦૨૨-૨૩ કે તે પછી જિલ્લા-તાલુકામાં

# બદલી થયેલા સરકારી પ્રાથમિક શિક્ષકોને છુટા કરવા ખાસ છૂટ

અમદાવાદ,રવિવાર

શિક્ષણ વિભાગે સરકારી પ્રાથમિક સ્કૂલોના ૨૦૨૨-૨૩ કે તે પછી જિલ્લા-તાલુકા ફેરબદલી થયેલા શિક્ષકોને છુટા કરવા માટે ખાસ છૂટ આપી છે. ૫૦ ટકા મહેકમ પૂર્ણ થતુ ન હોય તો પણ જ્ઞાન સહાયકોને ગણીને ૧૦૦ ટકા છુટ કરવા માટે સરકારે છુટ આપી છે.

## ૫૦ ટકા મહેકમ પૂર્ણ થતું ન હોય તો પણ જ્ઞાન સહાયકોને ગણીને ૧૦૦ ટકા છુટા કરી શકાશે

બદલી કરાયેલા શિક્ષકોને પોતાના મૂળ વતનની જગ્યાએ જવા દેવાની છુટ આપવા માટે પ્રાથણિક શિક્ષક સંઘ અને શૈક્ષિક મહાસંઘે સરકારને રજૂઆત કરી હતી. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન તથા તે પછી જિલ્લા ફેર કે તાલુકાફેર બદલીના આદેશો મેળવેલા જે શિક્ષકો શાળામાં ૫૦ ટકા મહેકમ જળવાતુ ન હોવાને લીધે ત્રણ વર્ષથી છુટા ન કરાતા ન હતા અને જેથી તેઓ મુશ્કેલીઓ ભોગવતા હતા.

સરકારના મે ૨૦૨૩ના ઠરાવની જોગવાઈ મુજબ ૫૦ ટકા મહેકમ પૂર્ણ થતુ ન હોય તેવા સંજોગોમાં બદલી પામેલા શિક્ષકોને છુટા કરી શકાતા ન હતા. પરંતુ હવે સરકારે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ન બગડે તેનું ધ્યાન રાખીને વર્ષોથી રાહ જોઈ રહેલા સરકારી પ્રાથણિક શિક્ષકોને ૧૦૦ ટકા છુટા કરવા માટે એક વખતની ખાસ છુટ આપી છે.આ શિક્ષકો ખાસ કરીને કચ્છ, દ્વારકા,દાહોદ, નર્મદા અને છોટાઉદેપુર સહિતના છેવાડાના જિલ્લાની સ્કૂલોમાં હતા. સરકારે આ શિક્ષકોને છુટા કરવા માટે જ્ઞાન સહાયકોને મહેકમમાં ગણીને મહકેમ ૫૦ ટકા થઈ જતુ હોય તો તાકીદે છુટા કરવા સૂચના આપી છે. જ્ઞાન સહાયકોના વેઈટિંગ લિસ્ટમાંથી તે જગ્યાઓ માટે પસંદગી કરાવીને શિક્ષકોને છુટા કરવાના રહેશે.

### ૨૧મીથી વધપરત અને ૨૨મીથી જિલ્લાં આંતરિક બદલી કેમ્પ

સરકારી પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોની બદલી માટે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા ટાઈમટેબલ જાહેર કરાયુ છે.જે મુજબ ૨૧ ઓક્ટોબરથી વધપરત બદલી કેમ્પ યોજાશે અને ૨૨ ઓક્ટોબરથી જિલ્લા આંતરિક બદલી કેમ્પ શરૂ થશે.આ પ્રક્રિયા ૨૧ નવેમ્બર સુધી ચાલશે.આ બદલી કેમ્પ ઓનલાઈન હશે.

### ભારે વાહનોના પ્રવેશના પ્રતિબંધના જાહેરનામાના ધજાગરા

# ભારે વાહનો બેફામ : ગરબા રમવા જતી યુવતીનું ટ્રકની ટક્કરથી મોત

અમદાવાદ,રવિવાર

નવરાત્રી દરમિયાન શહેરમાં ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાંય, બેરોકટોક રીતે ટ્રક અને બસની આવન જાવન હોવાથી પોલીસની કામગીરી પર સવાલ ઉભા થયા છે. તંત્રની આ બેદરકારી-નિષ્ક્રિયતાને કારણે સામાન્ય લોકોને જીવ પણ ગુમાવવો પડતો હોય છે. આવી જ એક ઘટનામાં કર્ણાવતી ચાર રસ્તા પાસે ગરબા રમવા જતી યુવતીના સ્કૂટરને ટ્રકની ટક્કર લાગતા થયેલા અકસ્માતમાં યુવતીએ જીવ ગુમાવ્યો હતો જ્યારે અન્ય યુવતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## અકસ્માતના અન્ય બનાવમાં વિરાટનગર પાસે માતાને મૂકવા જઈ રહેલા પુત્રએ કારની ટક્કર બાદ જીવ ગુમાવ્યો

શહેરના ચાંદલોડિયામાં આવેલા મૃદુલ પાર્ક સોસાયટીમાં રહેતા પાયલ કુરડીયા અને તેમની પિતરાઈ બહેન કોમલ કુરડિયા અને નજીકમાં રહેતા મિત્રો શુક્રવારે રાતના કર્ણાવતી ક્લબમાં ગરબા રમવા માટે નીકળ્યા હતા. જેમાં પાયલ તેની બહેનપણીના સ્કૂટર ક્લબ પાસે પહોંચ્યા હતા. તેમની સાથે અન્ય મિત્રો પણ હતા. પરંતુ, કોમલ અને પાયલની નાની બહેન આરતી સ્કૂટર પાછળ રહી ગયા હતા. જેથી ક્લબના ગેટ પાસે તમામ લોકો રાહ જોઈ રહ્યા હતા. આ સમયે કર્ણાવતી ચાર રસ્તા પાસે એક ટ્રકચાલકે અકસ્માત કરતા ભીડ થતા પાયલ તેના મિત્રો સાથે ત્યાં જોવા માટે પહોંચી ત્યારે તેને આંચકો લાગ્યો હતો. કારણ કે તેની બહેન આરતી અને કોમલને અકસ્માત નડ્યો હતો. જેમાં કોમલને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. આ દરમિયાન ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના સ્ટાફે કોમલબેનને મૃત જાહેર કર્યા હતા. જ્યારે આરતીને ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. આ અંગે એસ જી ટ્રાફિક-૨ પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

અન્ય બનાવમાં શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા હીરાબેન પરમારના વતનમાં આઠમના નિવેધ હોવાથી ચુડા ખાતે જવાનું હતું. રવિવારે સવારે પાંચ વાગે તેમનો પુત્ર રમેશભાઈ પરમાર (ઉ.વ.૫૦) વિરાટનગર બ્રીજ પાસે મુકવા માટે ગયો હતો. જ્યાં તે બસની રાહ જોતા હતા ત્યારે વિરાટનગર તરફથી પુરઝડપે એક કાર આવી હતી. જેના ચાલકે રમેશભાઈ અને તેમના માતાને અડફેટે લીધા હતા. જેમાં રમેશભાઈને માથામાં ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે હીરાબેનને ઈજાઓ પહોંચી હતી. આ અંગે આઈ ડીવીઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને કારચાલક વિરૂદ્ધ કાર્યવાહી કરી છે.

### ૨૦૨૦માં બનેલા કરજણ બ્રિજના ભાગોમાં ક્ષતિ દેખાઈ

# બ્રિજ ગુણવત્તા મુદ્દે પ્રથમવાર સરકારે જ કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ નોંધાવી

અમદાવાદ,રવિવાર

ગુજરાતમાં પ્રથમવાર બ્રીજના બાંધકામમાં નબળી ગુણવત્તા-બેદકારીને લઈને સરકારના જ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદ કરવામા આવી છે. નર્મદા જિલ્લામાં રાજપીપળા-રામગઢ(નવાગામ) રોડ ખાતેના કરજણ નદી પરના મેજર બ્રિજના બાંધકામની તપાસમાં ક્ષતિઓ ધ્યાને આવતા માર્ગ-મકાન વિભાગે કોન્ટ્રાક્ટર સામે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાક્ટર મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા.લી.સામે ફરિયાદ નોંધાવી છે.

## નર્મદામાં કરજણ નદી પરના મેજર બ્રિજની નબળી ગુણવત્તા ધ્યાને આવતાં માર્ગ મકાન વિભાગ દ્વારા FIR

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ક્યારેય પણ બ્રીજની ગુણવત્તા-બાંધકામ ગેરરીતિ કે બેદરકારીને લઈને કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદ નોંધવામા આવી નથી.

એક વર્ષ પહેલા જામનગરમાં માર્ગ અને મકાન વિભાગના સિવિલ એન્જિનિયર પર હુમલાના એક કેસમાં માર્ગ અને મકાન વિભાગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પરંતુ બ્રીજના બાંધકામમાં નબળી ગુણવત્તા મુદ્દે ક્યારેય પણ સીધી પોલીસ ફરિયાદ માર્ગ અને મકાન વિભાગે નોંધાવી નથી. પરંતુ મળતી માહિતી મુજબ નર્મદામાં કરજણ નદી પરના મેજર બ્રીજની તપાસમાં ઘણી ક્ષતિઓ ધ્યાને આવતા માર્ગ અને મકાન વિભાગે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાક્ટર સામે એફઆઈઆર નોંધાવી છે.

સરકાર દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ માર્ગ અને મકાન વિભાગે કરજણ નદી પરના મેજર બ્રિજનું કામ ૨૦૧૮-૧૯માં સુરતની મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા.લિ.ને આપ્યુ હતું. આ કામની ટેન્ડર રકમ ૧૦.૭૧ કરોડ રૂપિયા હતી. કામ ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ શરૂ થયુ હતુ અને ૧૪ ઓગસ્ટ ૨૦૨૦માં આ કામ પુરુ થયુ હતું. વિભાગ દ્વારા બ્રિજની ચકાસણી દરમિયાન એક ફાઉન્ડેશન સેટલ થવાનું ધ્યાને આવ્યુ હતું. ત્યારબાદ ક્વોલિટી-કંટ્રોલ ટીમે સંપૂર્ણ બ્રિજનું પરીક્ષણ-નિરિક્ષણ કર્યુ હતું.જેમાં બ્રિજના અન્ય ભાગોમાં પણ ક્ષતિ ધ્યાને આવી હતી. ત્યરાબાદ આ બ્રિજ વાહનવ્યવહાર માટે યોગ્ય અને સલામત ન હોવાનું ધ્યાને આવતા વાહન વ્યવહાર બંધ કરાયો હતો.સરકારના આદેશથી માર્ગ અને મકાન વિભાગે કોન્ટ્રાક્ટર કંપની સામે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં બાંધકામમાં બેદરકારી બદલ ફરિયા નોંધાવી છે.મહત્વનું છે કે બ્રીજ તુટે અને કોઈ મોટી ઘટના બને કે લોક વિરોધ-વિપક્ષ વિરોધ થાય તે પહેલા જ સરકારે આગમચેતી રૂપે પોલીસ ફરિયાદની કાર્યવાહી કરી દીધી છે.

અમદાવાદ સીટી

પાનાં : ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ સોમવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ -૯ વર્ષ : ૯૪, અંક : ૨૮૪ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

ગુજરાત સમાચાર
Futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા

ભારતે બનાવ્યો સ્પાય બલુન : આકાશમાંથી જાસૂસી કરશે

ઈઝરાયલ કોકરોચ ડ્રોન આર્મી બનાવશે

વાંચો અંદરના પાને...

## મોંઘવારીની આગમાં ફ્રાંસ ભડકે બળ્યું



મોંઘવારી સામે સરકાર આંખ આડા કાન કરે તો શું પરિસ્થિતિ સર્જાય તેનું ઉદાહરણ ફ્રાંસમાં જોવા મળ્યું. અનેક શહેરોમાં દુકાનોમાં લૂંટફાટ અને તોડફોડની ઘટનાઓ બની હતી. લિમોજ સિટીમાં ૧૯મી સદીના ઐતિહાસિક ટાઉન હોલમાં આગ લાગતાં ઈમારતને ભારે નુકસાન થયું હતું. પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસે ટીયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો.દેખાવોમાં લાખો લોકોએ ભાગ લીધો હતો. દેખાવો દરમિયાન થયેલી હિંસા અને લૂંટફાટના પગલે રવિવાર સુધીમાં ૧,૮૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પેરિસ સહિત અનેક શહેરોમાં દુકાનોને નિશાન બનાવવામાં આવી હતી. કપડાં, ઈલેક્ટ્રોનિક્સ, દવાઓ અને લક્ઝરી ચીજવસ્તુઓ વેચતી દુકાનોમાં લૂંટફાટના બનાવો નોંધાયા હતા. કેટલાક વિસ્તારોમાં વાહનોને આગ ચાંપવામાં આવી હતી અને રસ્તાઓ પર ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ફ્રાન્સમાં ફાટી નીકળેલી હિંસા યુરોપના અન્ય દેશોમાં પણ વધતા રોજિંદા ખર્ચ સામે યોજાયેલા દેખાવો વચ્ચે સામે આવી છે. બેલ્જિયમ, ઈટાલી અને પોર્ટુગલમાં પણ મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઊતર્યા હતા. આ ઘટનાક્રમથી યુરોપમાં મોંઘવારી, ઓછા પગાર અને હાઉસિંગના વધતા ખર્ચ અંગેનો અસંતોષ ફરી ચર્ચામાં આવ્યો છે.

### સ્કૂલોની ખરાબ સ્થિતિ અંગે શરૂ થયેલું જેન-ઝીનું આંદોલન મોંઘવારી, સરકારની નિષ્ફળતાઓ મુદ્દે અરાજકતામાં ફેરવાયું

# ફ્રાન્સમાં જનાક્રોશ ભભૂક્યો : ૧૦ લાખ લોકો રસ્તા પર

(પીટીઆઈ) પેરિસ, તા.૧૮

ફ્રાન્સમાં સ્કૂલોની ખરાબ સ્થિતિ મુદ્દે એક મહિના કરતાં વધુ સમય પહેલાં જેન-ઝીના અસાધારણ દેખાવો વચ્ચે જેન-ઝી અને ટ્રેડ યુનિયનોએ મોંઘવારી, કથળતા જીવન સ્તરને સુધારવામાં સરકારની નિષ્ફળતાના વિરોધમાં શનિવારે આઠ લાખ લોકો રસ્તા પર ઉતર્યા હતા. જોકે, આ રાષ્ટ્રવ્યાપી આંદોલન સાંજ સુધીમાં હિંસક બનતા અરાજક સ્થિતિ સર્જાઈ હતી. પેરિસ સહિત અનેક શહેરોમાં દેખાવકારોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો, દુકાનો લૂંટી હતી. દેખાવકારોએ લિમોઝ શહેરમાં ઐતિહાસિક ૧૪૦ વર્ષ જૂના ટાઉન હોલ સહિત અનેક ટાઉન હોલને સળગાવી દેતાં ફ્રાન્સમાં ગૃહયુદ્ધ જેવી હાલત પેદા થઈ છે. પોલીસે ૨૦૦૦થી વધુ દેખાવકારોની ધરપકડ કરી હતી. જોકે, આ દેખાવોમાં એક વ્યક્તિનું મોત થતા તેમજ હજારોની ધરપકડથી દેખાવકારો ભડક્યા હતા અને સતત બીજા દિવસે રવિવારે પોલીસ અને દેખાવકારો વચ્ચે ઘર્ષણ થયું હતું.

## ૧૪૦ વર્ષ જૂના ટાઉન હોલ સહિત અનેક ઈમારતો આગને હવાલે, પોલીસ પર પથ્થરમારો, દુકાનોમાં લૂંટફાટ : પોલીસે ૨૦૦૦થી વધુની ધરપકડ કરી

ફ્રાન્સમાં સ્કૂલોની ખરાબ સ્થિતિ મુદ્દે જેન-ઝીએ શરૂ કરેલું આંદોલન હવે સતત ખરાબ થઈ રહેલી જાહેર સેવાઓ, મોંઘવારી, આકાશને આંબતા ઈંધણના ભાવ મુદ્દે જનાક્રોશમાં ફેરવાયું છે. દેખાવકારોએ પેરિસ, માર્સેલી, ટુલૌઝ, લિમોઝ સહિતના શહેરોમાં દેખાવકારોએ દુકાનોમાં તોડફોડ અને લૂંટફાટ કરી હતી, પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. લિમોઝ શહેરમાં ૧૯મી સદીના ઐતિહાસિક ટાઉન હોલ સહિત અનેક શહેરોના સિટી હોલ તેમજ અનેક ઈમારતોને આગ લગાવી દીધી હતી.

### હિંસક દેખાવો વચ્ચે એકનું મોત, હજારોની ધરપકડથી દેખાવકારો ભડક્યા, સતત બીજા દિવસે પોલીસ સાથે ઘર્ષણ

પોલીસે જણાવ્યું કે, સમગ્ર દેશમાં હિંસક દેખાવો કરનારા ૨૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરાઈ છે. એકલા પેરિસમાં જ ૫૫૭ લોકોની અટકાયત કરાઈ હતી. પોલીસ અને દેખાવકારો વચ્ચે થયેલા ઘર્ષણમાં ૬૦૦થી વધુ પોલીસ અધિકારીઓ, અર્ધલશ્કરી દળના જવાનો અને ફાયરફાઈટર્સ ઈજાગ્રસ્ત થયા હતા. પેરિસમાં દેખાવો સમયે હૃદયરોગના હુમલાથી એક દેખાવકારનું મોત થયું હતું.

પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઈરેએ કહ્યું કે શહેરના રસ્તાઓ પર તોફાની તત્વોએ ભારે ઉત્પાત મચાવ્યો છે. વાહનો સળગાવી દેવાયા છે. બંધ દુકાનોમાં શટરો તોડી લૂંટફાટ કરાઈ છે. ફ્રાન્સના ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે કહ્યું,

### હિંસા અને તોડફોડ કરનારા લોકો વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરાશે : પ્રમુખ મૈક્રોં

દેશમાં અંદાજે ૫.૫ લાખ લોકો દેખાવોમાં જોડાયા હતા, તેમાંથી ૧.૧ લાખ લોકો પેરિસમાં રસ્તા પર ઉતર્યા હતા. જોકે, આંદોલનકારી સંગઠનોએ આઠ લાખ લોકો દેખાવોમાં જોડાયા હોવાનો દાવો કર્યો હતો.

દેશમાં સર્જાયેલી ગૃહયુદ્ધ જેવી સ્થિતિ મુદ્દે પ્રમુખ ઈમેન્યુઅલ મૈક્રોંએ રવિવારે બપોરે ઈમર્જન્સી બેઠક બોલાવી હતી. તેમણે દેશભરમાં શનિવારે થયેલી હિંસા, આગજની, લૂંટપાટની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, હિંસા અને તોડફોડ કરનારા લોકો વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી થશે. વડાપ્રધાન સેબાસ્ટિયન લેકોર્નુએ કહ્યું કે, આગામી વર્ષે દેશમાં પ્રમુખની ચૂંટણી થવાની છે

(અનુસંધાન ૧૧મે પાને)

### લોરેન્સ બિશ્નોઈ ગેંગે હુમલાની જવાબદારી સ્વીકારી

## મુંબઈમાં ગોળીબાર કરી ટાઈગર શ્રોફની હત્યાનો પ્રયાસ : એકની અટકાયત

મુંબઈ, તા.૧૮

બોલિવુડ હસ્તીઓ પર હુમલાના સિલસિલામાં રવિવારે સાંજે જેકી શ્રોફના પુત્ર તથા એક્ટર ટાઈગર શ્રોફ પર જુહૂમાં ગોળીબાર કરી તેની હત્યા કરવાનો પ્રયાસ થતાં ખળભળાટ મચી ગયો હતો. આ હુમલામાં ટાઈગર શ્રોફ બચી ગયો હતો પરંતુ તેના ડ્રાઈવર તથા એક રિક્ષાચાલક તથા અન્ય એક ચાહકને ઈજા થઈ હતી. બનાવના થોડા જ સમયમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના નામે જારી થયેલી એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી હતી. ચાહકો ટાઈગર શ્રોફનો વીડિયો ઉતારી રહ્યા હતા તે જ વખતે બાઈક પર આવેલા અજાણ્યા હુમલાખોરો બિલકુલ ફિલ્મી સ્ટાઈલથી તેની કાર પર ગોળીઓ વરસાવી ફરાર થઈ ગયા હતા. રાતે સાંતાક્રુઝ વિસ્તારમાંથી એક શકમંદની અટકાયત કરાઈ હતી જોકે, તે અંગે તત્કાળ વિગતો પ્રાપ્ય થઈ ન હતી.

### પાર્ટીમાંથી ઘરે જતી વખતે બાઈક પર આવેલા શખ્સોનું કાર પર ફાયરિંગ : ટાઈગરને કારનો કાચ વાગ્યો

સાંજે સાત વાગ્યાના અરસામાં ૩૬ વર્ષીય ટાઈગર એક બર્થ ડે પાર્ટીમાં હાજરી આપ્યા બાદ બીએમડબલ્યૂ કારમાં બેસી તેમના નિવાસસ્થાને જઈ



રહ્યો હતો. ટાઈગર શ્રોફ અહીં આવ્યો હોવાની જાણ થતાં કેટલાક ચાહકો ગેટ બહાર તેનો વીડિયો ઉતારવા જમા થયા હતા. કેટલાક પાપારાઝી ફોટગ્રાફર પણ તેમાં સામેલ હતા. તે વખતે અચાનક જ બાઈક પર આવેલ ત્રણ અજાણ્યા



શખ્સોએ સાત ગોળીઓ છોડી હતી. ગોળીબાર કરી આ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. ગોળીબારને કારણે સ્થળ પર નાસભાગ અને અફડાતફડી થઈ ગઈ હતી. જોકે, કેટલાક લોકો કાર તરફ

### ટાઈગરના ડ્રાઈવર તથા એક બ્લોગરને ઈજા

ધસ્યા હતા અને ટાઈગર હેમખેમ હોવાની ખાતરી કરી હતી. જોકે, તેના ડ્રાઈવર ફિરદૌસ તથા યોગેશ ચૌહાણ નામના બ્લોગરને ઈજા થઈ હતી. ફિરદૌસને ડાબા હાથ પર ગોળી વાગી હોવાનું

(અનુસંધાન ૧૧મે પાને)

### લોરેન્સ બિશ્નોઈ ગેંગની પોસ્ટ

## ટાઈગરને ફોન કર્યો હતો, સમજ્યો નહિ એટલે આ રીતે સમજણ આપી છે

મુંબઈ,તા.૧૮

લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ટાઈગર શ્રોફ પર ગોળીબારની જવાબદારી સ્વીકારવામાં આવી હતી. આ પોસ્ટમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ટાઈગર શ્રોફને આ પહેલાં પણ ફોન

(અનુસંધાન ૧૧મે પાને)

### ક્લિનિકલ ટ્રાયલમાં દર્દીઓ ફરી વાંચી શક્યા

## આંખની રેટિનાની નીચે ચિપ સેટ કરીને દર્દીઓએ દ્રષ્ટિ પાછી મેળવી

લંડન, તા.૧૮

આંખોની રોશની ગુમાવી ચૂકેલા લોકો માટે ફરીથી દુનિયા જોવાની આશા જગાવતી બાયોનિક આઈ ટેકનોલોજીમાં મહત્ત્વની પ્રગતિ થઈ છે. આંખની રેટિનાની નીચે નાની ચિપ સેટ કરીને સ્પેશિયલ કેમેરાવાળાં ચશ્માની મદદથી દૃષ્ટિ સુધારવાના પ્રયાસોને સફળતા મળી છે. આ ટેકનોલોજીની મદદથી ચોક્કસ પ્રકારની આંખની બીમારી ધરાવતા કેટલાક દર્દીઓ અક્ષરો, આંકડા અને શબ્દો વાંચી શક્યા છે.

### બાયોનિક આઈ ટેકનોલોજીમાં સ્પેશિયલ ચશ્માની ઉપર લગાવેલો કેમેરો સામેના સીનને કેપ્ચર કરે છે

સામાન્ય રીતે આંખની રેટિના લાઈટને ઈલેક્ટ્રિકલ સંકેતોમાં ફેરવે છે. જે ઓપ્ટિક નર્વ દ્વારા મગજ સુધી પહોંચે છે. મગજ તેને દ્રશ્ય તરીકે સમજે છે. રેટિનાના કોષોને નુકસાન પહોંચે ત્યારે દૃષ્ટિ ગુમાવવાની સમસ્યા સર્જાય છે. બાયોનિક આઈ ટેકનોલોજીમાં ખાસ ચશ્માં પર લગાવવામાં આવેલો કેમેરા સામેના સીનને કેપ્ચર કરે છે. પ્રોસેસર તેને ઈન્ફ્રારેડ લાઈટના સંકેતોમાં ફેરવે છે. આંખની રેટિનાની નીચે બેસાડવામાં



આવેલી નાની ચિપ આ સંકેતોને ઈલેક્ટ્રિકલ સિગ્નલમાં ફેરવીને રેટિનાના બાકી રહેલા કાર્યક્ષમ કોષોને ઉત્તેજિત કરે છે. આ રીતે વિઝન સંબંધિત માહિતી મગજ સુધી પહોંચે છે.

આ ટેકનોલોજીથી મળતી દૃષ્ટિ સામાન્ય આંખ જેવી હોતી નથી. તેનાથી દર્દીઓને વસ્તુઓ ઓળખવામાં અને વાંચવામાં મદદ મળી શકે છે. તેનો ઉપયોગ કરતાં શીખવા માટે દર્દીઓને ટ્રેનિંગની પણ જરૂર પડે છે. ન્યૂ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસીનમાં પબ્લિશ થયેલી સ્ટડી મુજબ, ટ્રાયલમાં સામેલ ૩૮

(અનુસંધાન ૧૧મે પાને)

### દિલ્હીની વાત

#### સરકારની મોટી તૈયારી, આ મહિને સંસદનું વિશેષ સત્ર મળી શકે છે

નવીદિલ્હી, તા. ૧૮

વિરોધ પક્ષના વિરોધ તેમજ ચૂંટણી કમિશનને લઈને ચાલતા રાજકારણ વચ્ચે કેન્દ્ર સરકાર સંસદનું વિશેષ સત્ર બોલાવવાની તૈયારીમાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ મહિનાના છેલ્લા દિવસોમાં સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવી શકે છે. સિમાંકન અને મહિલા અનામત સાથે જોડાયેલા બંધારણીય ફેરફારના બીલો પર ચર્ચા તેમ જ પસાર કરવાની કોશિશ થઈ શકે છે. સરકાર સાથે જોડાયેલા નજીકના સૂત્રોનું કહેવું છે કે, લોકસભામાં આ બીલો પસાર કરાવવા માટેનું યોગ્ય સંખ્યાબળ સરકાર પાસે છે. મહિલા

(અનુસંધાન ૧૧મે પાને)

### ટ્રમ્પ બાદ વિદેશમંત્રી પણ નરમ પડ્યા

## ભારત મહત્ત્વપૂર્ણ દેશ, ટેરિફ લગાવતા પહેલા વિચારવું પડશે : માર્કો રુબિયો

વોશિંગ્ટન, તા. ૧૮

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ કહ્યું હતું કે ભારત અમેરિકાનો મહત્વપૂર્ણ સહયોગી દેશ છે. તેના પર ટેરિફ લગાવતા પહેલા અમેરિકાએ વિચારવું પડશે. આ સપ્તાહમાં જ અમેરિકાના વિદેશમંત્રી ભારતની મુલાકાત માટે આવી રહ્યા છે જે પહેલા તેમણે આ નિવેદન આપ્યું હતું અને ભારતના વખાણ કર્યા હતા.

### રશિયન ઓઈલથી ભારત રાતોરાત દૂર ના થઈ શકે, તેની ઈંધણની જરૂરિયાતોને પણ ધ્યાનમાં રાખવી જોઈએ

અમેરિકાએ રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા પાંચ સૌથી મોટા દેશોના અમેરિકા આવતા સામાન પર ૧૦૦ ટકા ટેરિફ નાખવા એક કાયદો પસાર કર્યો હતો. આ પાંચ મોટા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. જોકે બાદમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હાલ પુરતા આ નિર્ણયને ટાળી દીધો હતો. એવા સમયે અમેરિકાના વિદેશમંત્રી માર્કો

(અનુસંધાન ૧૧મે પાને)

### બેધડક -મંજુલ




હા, અમે તમારું સપનું પુરું કરવા દિવસ-રાત મથી રહ્યા છીએ... ટૂંક સમયમાં જ આપણી પાસે ઊડતી કાર, ઊડતી બસો અને પાંખવાળી રિક્ષાઓ હશે એટલે... !

### ઓઈલ મથકો પર હુમલા નહીં કરવાની ટ્રમ્પની ચેતવણીનો ફિયાસ્કો

## યુક્રેનનો રશિયા પર ૧૦૦૦ ડ્રોનનો મારો પિટર્સબર્ગમાં ઓઈલ ટર્મિનલમાં આગ

મોસ્કો, તા. ૧૮

યુક્રેને રશિયાના પોર્ટ સિટી સેન્ટ પિટર્સબર્ગ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. યુક્રેને સેન્ટ પિટર્સબર્ગ સહિતના રશિયન વિસ્તારો પર એક હજારથી વધુ ડ્રોન છોડ્યા હતા. આ હુમલા બાદ પિટર્સબર્ગમાં ઓઈલ નિકાસ ટર્મિનલ અને ઓઈલ ડેપોમાં આગ લાગી હતી. અમેરિકા અને યુક્રેન વચ્ચે વધી રહેલી તકરાર



સમયે જ યુક્રેન દ્વારા રશિયાના ૧૫ જેટલા પ્રાંતો પર આ હુમલા કરાયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીને કહ્યું હતું કે તેઓ હવે રશિયન ઓઈલ મથકો પર હુમલા ના કરે. જોકે ટ્રમ્પની આ ચેતવણી વચ્ચે જ યુક્રેને રશિયાના ઓઈલ મથકોને જ સૌથી વધુ નિશાન બનાવીને હુમલા શરૂ કરી દીધા છે. તાજેતરમાં યુક્રેને રશિયા પર કરેલા ૧૦૦૦ ડ્રોન હુમલામાં સૌથી વધુ નુકસાન પોર્ટ સિટી તરીકે ઓળખાતા

(અનુસંધાન ૧૧મે પાને)

### રશિયાના ૧૫ જેટલા પ્રાંતોને નિશાન બનાવીને યુક્રેને ડ્રોન છોડ્યા હતા, મોટાભાગનાનો નાશ કરી દેવાયાનો દાવો






### વરસાદી પાણી ભરાવાથી રાહત મળશે તેવો દાવો

# વાડજ-રાણીપમાં 'ડક્ટ'કવચ ચંદ્રાભાગાનું ૫૫ ટકા કામ પૂર્ણ

અમદાવાદ,રવિવાર

વાડજ-રાણીપ વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ઘટાડવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચંદ્રભાગા ડક્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થયેલા આ પ્રોજેક્ટની કામગીરીમાં અત્યારસુધી ૫૫ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

૧૨૦૦ મીટર ડક્ટ બનાવવામાં આવતાં ખાસ કરીને બકરામંડી, જોગેશ્વરી સોસાયટીના નીચાણવાળા વિસ્તારોમાં પાણીના નિકાલની સમસ્યા હળવી થવાની આશા છે. અગાઉ ભારે વરસાદમાં નાળાના પાણીનો બેકફ્લો, માટ જમા થવાથી રહેણાક મકાનોમાં પાણી ઘૂસી જવાની સમસ્યા સર્જાતી હતી. આ સમસ્યાના નિવારણ માટે ચંદ્રભાગા ડક્ટ પ્રોજેક્ટ હેઠળ પાણીના પ્રવાહને યોગ્ય દિશામાં વાળવા, ડક્ટની સફાઈ કરવા, ગાદ અને માટી દૂર કરવા તથા જરૂરી સ્થળોએ ડ્રેનેજ કનેક્ટિવિટી સુધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ચંદ્રભાગા ડક્ટ પ્રોજેક્ટની કામગીરી માટે વર્ષ ૨૦૨૬નું ચોમાસું મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. ૨૩ જુલાઈના રાણીપ વિસ્તારમાં પડેલા ભારે વરસાદ દરમિયાન ચંદ્રભાગા કેનાલમાં પાણીનો ડિસ્ચાર્જ આશરે ૧૧૬.૮ ક્યુબિક મીટર પ્રતિ સેકન્ડ નોંધાયો હતો. પ્રોજેક્ટ માટે જણાવવામાં આવેલી કુલ કેરિંગ કેપેસિટી ૨૩૩.૬ ક્યુબિક મીટર પ્રતિ સેકન્ડ છે. કેનાલની વાસ્તવિક કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે વરસાદની તીવ્રતા, પાણીનો પ્રવાહ કેટલો સમય રહ્યો, વિવિધ સ્થળોએ પાણી ભરાવવાની સ્થિતિ અને પાણીના નિકાલમાં લાગેલો સમય જેવા પરિબળો પણ મહત્ત્વપૂર્ણ છે.




એ-વન ટુરીઝમ
સ્લીપર બસ - શાકાહારી જમવાનું - ડીલક્ષ હોટલ સાથે
કચ્છ રણોત્સવ — સફેદ રણ - માંડવી બીચ - માતાનો મઠ નારાયણ સરોવર (૧ નાઈટ ટેન્ટ) દિ.-૪ 7450/-
ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા-માથેરાન દિ. ૮ 11950/-
ગોલ્ડન ગોવા-સાઉથ-નોર્થ-ડોલ્ફીન- ક્રુઝ દિ-૬ 9950/-
અયોધ્યા-બનારસ-પ્રયાગરાજ-હરિદ્વાર દિ.૮/૧૦
જેસલમેર - જોધપુર - સમ રણ - તણોટમાતા - લોંગેવાલા દિ-૪ 9450/-
કાશ્મીર-શ્રીનગર-વૈષ્ણોદેવી-જોધપુર-અમૃતસર દિ-૧૨ 19750/-
મહાબળેશ્વર - લોનાવાલા - માથેરાન / ઈમેજીકા દિ-૫ 7950/-
અમદાવાદ-વડોદરા M: 7284099992

### ઈસનપુરની મહિલા કોર્પોરેટરે ફરિયાદ નોંધાવી

# ફતેવાડીમાં મહિલા કોર્પોરેટર સાથે બિભત્સ ચેનચાળા કરી ધમકી અપાઈ

અમદાવાદ,રવિવાર

**ઈસનપુરમાં રહેતાં મહિલા કોર્પોરેટર તેમના પરિવાર સાથે એસ જી હાઈવે ગરબા જોવા જતા હતા ત્યારે ગુગલ મેપની મદદથી ફતેવાડી કેનાલ નજીકથી પસાર થતા હતા. ત્યારે એક સ્કૂટર ચાલક યુવક સાથે તકરાર થતા તે યુવકે અન્ય યુવકોને બોલાવીને મારામારી કરવાની સાથે મહિલા કોર્પોરેટર સાથે વાંધાજનક હરકત કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે ગુનો નોંધીને ત્રણેય યુવકોની ધકરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

## ત્રણ યુવકોની ધરપકડ કરાઈ : આરોપીઓએ મારામારી કરીને કારમાં નુકસાન પણ પહોંચાડ્યું

ઈસનપુરમાં રહેતા મહિલા કોપોરેટર તેમના પરિવાર સાથે શનિવારે રાતના ગરબા જોવા માટે નીકળ્યા હતા. ત્યારે ગુગલ મેપની મદદથી તે લોકેશન ટ્રેક કરતા હતા. ત્યારે શોર્ટ કટથી ફતેવાડી કેનાલનો રસ્તો મળ્યો હતો.આ રસ્તા પર એક સ્કૂટર ચાલક યુવક સાઈડ આપતો નહોતો. જેથી મહિલાના પુત્રએ હોર્ન મારતા સ્કૂટર ચાલક યુવકે દાદાગીરી કરી હતી. જો કે આ સમયે તે કાર લઈને આગળ નીકળી ગયા હતા. કાર સરખેજ જવાના વળાંક પર પહોંચી ત્યારે તે યુવક અન્ય ત્રણ યુવકો સાથે આવ્યો હતો અને તેણે કારને રોકીને કાચ તોડવા પ્રયાસ કર્યો હતો. આ સમયે મહિલા કોર્પોરેટરે તેમને સમજાવવાનો પ્રયાસ કરતા એક યુવકે હાથ ખેચવાનો પ્રયાસ કર્યો હતો અને વાંધાજનક ચેનચાળા કર્યા હતા. સાથેસાથે કારમાં નુકશાન પહોંચાડ્યું હતું. જો કે આ સમયે મહિલા કોર્પોરેટરે પોલીસ કંટ્રોલમાં ફોન કરતા વેજલપુર પોલીસે સ્થળ પર પહોંચી અને ગુનો નોંધીને ભાગીને છુટેલા શોહેબ શાહ ફકીર સહિત ત્રણ યુવકોની ધરપકડ કરી હતી.

### દસ વર્ષ બાદ એમ.ફાર્મમાં નવી બ્રાંચ ઉમેરાઈ

# વિદ્યાર્થીઓ હવે મેડિકલ ડિવાઈસ ક્ષેત્રે પણ એમ.ફાર્મ કરી શકશે

અમદાવાદ,રવિવાર

**ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા એમ.ફાર્મમાં નવી એક બ્રાંચ ઉમેરવામા આવી છે.જે મુજબ વિદ્યાર્થીઓ હવે મેડિકલ ડિવાઈસ ક્ષેત્રે પણ એમ.ફાર્મ એટલે કે માસ્ટર ઓફ ફાર્મસી કરી શકશે. કાઉન્સિલ દ્વારા આ કોર્સ માટેનો કોમન મોડલ સીલેબસ અને મૂલ્યાંકન પદ્ધતિ-ક્રેડિટ પોઈન્ટ-માર્કસ ફોર્મેટ જાહેર કરવામા આવ્યા છે. આ નવો કોર્સ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮થી લાગુ પડશે.આ બ્રાંચ ખૂબ જ નવી મેડિકલ ઈન્ડસ્ટ્રી સાથે વિદ્યાર્થીઓને સાંકળતી છે.**

## કાઉન્સિલ દ્વારા મેડિકલ ડિવાઈસ માટેનો કોમન સીલેબસ અને મૂલ્યાંકન પદ્ધતિ જાહેર કરાયા

બી.ફાર્મ પાસ થયા બાદ અનેક વિદ્યાર્થીઓ પીજી ફાર્મસી એટલે કે એમ.ફાર્મનો અભ્યાસ કરતા હોય છે.હાલ એમ.ફાર્મ ફાર્માસ્યુટિક્સ, ઈન્ડસ્ટ્રીયલ ફાર્મસી, ફાર્મસ્યુટિકલ ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી, ફાર્માસ્યુટિકલ એનાલિસીસ, ક્વોલિટી એસ્યોરન્સ, રેગ્યુલેટરી અફેર્સ, બાયોટેકનોલોજી, ફાર્મસી પ્રેક્ટિસ અને ફાર્મેકોલોજી સહિતના વિવિધ વિષયો-બ્રાંચમાં વિદ્યાર્થીઓ કરી શકે છે.આ વિવિધ બ્રાંચો ૨૦૧૬-૧૭માં એટલે કે દસ વર્ષ પહેલા ઉમેરવામા આવી હતી.ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા હવે દસ વર્ષ બાદ નવી એક બ્રાંચ ઉમેરવામા આવી છે.આ કોર્સ શરૂ કરવા માટે કોલેજો ૧૫ નવેમ્બર સુધી અરજી કરી શકશે.જો ત્યારબાદ અરજી કરાશે તો ૨૦૨૮-૨૯ માટે ધ્યાને લેવાશે.જે મુજબ વિદ્યાર્થીઓ હવે મેડિકલ ડિવાઈસ બ્રાંચ-વિષયમાં એમ.ફાર્મનો અભ્યાસ કરી શકશે. કાઉન્સિલ દ્વારા આ કોર્સ માટેનો કોમન સીલેબસ પણ તૈયાર કરીને જાહેર કરવામા આવ્યો છે.આ ઉપરાંત મૂલ્યાંકન પદ્ધતિ-ગુણભાર સહિતનું માળખુ અને અન્ય નિયમો પણ જાહેર કરવામા આવ્યા છે. આ કોર્સ પણ ચાર સેમેસ્ટર-બે વર્ષનો રહેશે. વિદ્યાર્થીની હાજરી ૮૦ ટકા હોવી ફરજીયાત છે.આ કોર્સમાં પ્રવેશ માટે બી.ફાર્મમાં ૫૫ ટકા હોવા ફરજીયાત છે તેમજ કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન થયેલુ હોવુ જોઈએ. દરેક સેમેસ્ટરમાં કુલ ૬૫૦ માર્કસ અને ૨૬ ક્રેડિટ પોઈન્ટ રહેશે.આ કોર્સમાં પણ અભ્યાસનું માધ્યમ અંગ્રેજી જ રહેશે અને દરેક સેમેસ્ટરમાં ૧૦૦થી ઓછા કલાકનું શિક્ષણકાર્ય ન હોવુ જોઈએ.




# ગૌતમ અદાણી દંપતિએ ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશનની મુલાકાત લીધી




અદાણી ગૃપના ચેરમેન ગૌતમ અદાણી અને. ડો.પ્રીતિ અદાણીએ આજે દ.ગુજરાતના ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશનની મુલાકાત લીધી હતી.આ પ્રસંગે ગૌતમ અદાણીએ 'X' પર પોસ્ટમાં લખ્યું, "મેં અને પ્રીતિએ ગુરુદેવશ્રી રાકેશજી સાથે આધ્યાત્મિક ક્ષણો વિતાવી અને વિશ્વની સૌથી ઊંચી શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમાના ચરણ ધોવાની પ્રક્ષાલન વિધી કરી. આ અનુભવ અત્યંત ભાવપૂર્ણ હતો."



## ઈન્ડોનેશિયામાં ભારતે લોન્ચ કર્યો AI અવતાર 'દેવી'



### ભારતીય સંસ્કૃતિ, પ્રવાસન, સ્કોલરશિપ, વેપાર અને કોન્સ્યુલર સેવાઓની માહિતી આપશે

ડિજિટલ વિશ્વમાં ભારતે વધુ એક મોટું અને નવતર (ઈનોવેટિવ) પગલું ભર્યું છે. જકાર્તા સ્થિત ભારતીય દૂતાવાસે AI આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત એક નવો વર્ચ્યુઅલ અવતાર દેવી (Devi) રજૂ કર્યો છે. નવરાત્રિના અવસરે શરૂ થયેલો આ એઆઈ અવતાર ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે સાંસ્કૃતિક તેમજ વ્યાપારી સંબંધોને એક નવી ઊંચાઈએ લઈ જવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આ અવતાર ભારતીય સંસ્કૃતિ, પર્યટન, છાત્રવૃત્તિ (સ્કોલરશિપ), વેપાર, રોકાણની તકો અને કોન્સ્યુલર સેવાઓ સાથે સંબંધિત અપડેટ્સ શેર કરશે. આ પહેલનો હેતુ ડિજિટલ માધ્યમથી ભારત-ઈન્ડોનેશિયા ભાગીદારી સંબંધિત માહિતીને વિશાળ ઓનલાઈન દર્શકો સુધી પહોંચાડવાનો છે. ભારતીય દૂતાવાસના જણાવ્યા પ્રમાણે, 'દેવી' દ્વારા ભારતીય સંસ્કૃતિ, પ્રવાસન, સ્કોલરશિપ, વેપાર, રોકાણની તકો અને કોન્સ્યુલેટ સંબંધિત સેવાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવશે. આ ઉપરાંત ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેની ભાગીદારી સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ અને સફળતાઓની વાતો પણ રજૂ કરવામાં આવશે. દૂતાવાસે લોકોને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટને ફોલો કરવા અને 'દેવી' સાથે જોડાવા અપીલ કરી છે, જેથી તેમને ભારત-ઈન્ડોનેશિયા સંબંધોના નિયમિત અપડેટ્સ મળતા રહે. જાણકારોના મતે હવે ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ સરકારી અને રાજદ્વારી સંવાદમાં પણ વ્યાપકપણે થઈ રહ્યો છે. આવા ડિજિટલ પ્લેટફોર્મ થકી સંસ્કૃતિ, પર્યટન, શિક્ષણ અને વેપાર સંબંધિત માહિતી સામાન્ય નાગરિકો સુધી સરળતાથી અને ઝડપથી પહોંચાડી શકાય છે.

## ૧૦ અબજ પ્રકાશવર્ષ દૂરનો રેડિયા બર્સ્ટ શોધવામાં સફળતા



### બ્રહ્માંડની ઉંમર ૩ અબજ વર્ષ હશે તે સમયે આ બર્સ્ટ થયો હોવાનો અંદાજ

અબજો વર્ષ પહેલાં નીકળેલું એક રહસ્યમય રેડિયો સિગ્નલ વૈજ્ઞાનિકો સુધી પહોંચ્યું છે. તેનું અંતર એટલું વધારે છે કે તેણે ફાસ્ટ રેડિયો બર્સ્ટનો અત્યાર સુધીનો સૌથી જૂનો અંતરનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ શોધમાં જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે મહત્વની ભૂમિકા ભજવી છે. વૈજ્ઞાનિકોએ રેડિયો ટેલિસ્કોપમાંથી મળેલા સંકેતની મદદથી એ ગેલેક્સી શોધી કાઢી છે જ્યાંથી આ સિગ્નલ નીકળ્યું હતું. આ ઘટનાને FRB 20240304B નામ આપવામાં આવ્યું છે. આની વિશેષતા એ છે કે આ તે સમયનો સંકેત છે જ્યારે બ્રહ્માંડની ઉંમર લગભગ ૩ અબજ વર્ષ હતી.

ફાસ્ટ રેડિયો બર્સ્ટ એટલે કે FRB એ અવકાશમાંથી આવતા રેડિયો તરંગોની અત્યંત તીવ્ર અને શક્તિશાળી ચમક હોય છે. આ સંકેતો સામાન્ય રીતે માત્ર થોડી મિલિસેકન્ડ સુધી જ દેખાય છે. આ જ કારણે વૈજ્ઞાનિકો માટે તેના સ્રોતની ઓળખ કરવી મુશ્કેલ બની રહે છે. FRB 20240304B એટલા માટે ખાસ છે કારણ કે તેના અંતરે અગાઉના રેકોર્ડને બમણાથી પણ વધુ અંતરથી પાછળ છોડી દીધો છે. આ શોધ દર્શાવે છે કે FRB બ્રહ્માંડના પ્રારંભિક તબક્કામાં પણ પેદા થઈ રહ્યા હતા. આનાથી વૈજ્ઞાનિકોને એ સમજવામાં મદદ મળી શકે છે કે જુદા જુદા યુગોમાં આવી ઘટનાઓ કઈ પરિસ્થિતિઓમાં બનતી હતી. જાણકારોના મતે, આ રેડિયો વિસ્ફોટની ભાળ સૌથી પહેલાં દક્ષિણ આફ્રિકામાં આવેલા 'મીરકેટ' રેડિયો ટેલિસ્કોપ નેટવર્કે મેળવી હતી. તેમાં ૬૪ રેડિયો ટેલિસ્કોપ સામેલ છે. આ નેટવર્કે વિસ્ફોટની ઓળખ કરવાની સાથે આકાશમાં તેનું સ્થાન પણ ખૂબ જ સચોટ રીતે નક્કી કર્યું. ત્યારબાદ ટીમે જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ પાસેથી વિશેષ સમય લઈને તે વિસ્તારની ઊંડાણપૂર્વકની તસવીરો લીધી. તેના 'નિયર ઈન્ફ્રારેડ કેમેરા' એ રેડિયો સંકેતની દિશામાં એક અત્યંત ઝાંખી ગેલેક્સી દર્શાવી. આ જ આ શોધનો નિર્ણાયક વળાંક સાબિત થયો.

## ડ્રોન અને વિમાનોને સતત ફ્યૂઅલ જોઈએ છે જ્યારે હિલિયમ ગેસથી ભરેલા બલૂન લાંબા સમય સુધી ઉડતા રહેશે

# ભારતે બનાવ્યો સ્પાય બલુન : આકાશમાંથી જાસૂસી કરશે

ભારત સંરક્ષણ ક્ષેત્રમાં ઘણું બધું બનાવી રહ્યું છે, તે હવે ઘણા લોકો જાણવા લાગ્યા છે. પરંતુ તાજેતરમાં ભારતે જે લેટેસ્ટ વસ્તુ બનાવી છે તે જાણવી એટલા માટે પણ જરૂરી છે કારણ કે વિશ્વમાં ખૂબ ઓછા દેશો છે જે આ બનાવી શક્યા છે. ભારતે એક એરશિપ બનાવી છે. એરશિપ એટલે એક મોટો બલૂન. ભારતે હાલમાં જેનું પરીક્ષણ કર્યું છે તેનું કદ તો જાહેર નથી કરાયું, પરંતુ સામાન્ય રીતે એરશિપ બલૂન સરેરાશ ૫૦ થી ૧૦૦ મીટર કે તેનાથી પણ વધુ લાંબા હોય છે. એટલે કે બહુમાળી ઈમારત જેટલા લાંબા અને ખૂબ પહોળા. જાણે હવામાં કોઈ મોટી બસ તરી રહી હોય! આમાં ગેસ ભરવામાં આવે છે, જે હવા કરતાં પણ હલકો હોય, તેથી જ તે આકાશમાં તરતો રહે છે. જેમ બાળકોના ગેસવાળા ફુગ્ગા હોય છે, એ જ સિદ્ધાંત પર એરશિપ હવામાં તરે છે. પરંતુ સૌથી મોટી ખાસીયત એ છે કે, આ એરશિપમાં એન્જિન પણ લગાવેલા હોય છે. એરશિપને ઉપર મોકલવાનું મુખ્ય કામ ગેસ કરે છે. તેના મોટા ફુગ્ગા જેવા ભાગમાં હિલિયમ જેવો હવા કરતાં હલકો ગેસ ભરવામાં આવે છે. ગેસ હલકો હોવાને કારણે આખું પ્લેટફોર્મ આપોઆપ ઉપર ચડી જાય છે, જેમ ફુગ્ગો ઊડે છે. ત્યારબાદ એકવાર ઊંચાઈ પર પહોંચી ગયા પછી તેને ત્યાં જ સ્થિર રાખવા અને જરૂર પડે આગળ-પાછળ કે આજુબાજુ ખસેડવા માટે એન્જિન અને પ્રોપેલરનો ઉપયોગ થાય છે. આ એન્જિન સામાન્ય રીતે વીજળીથી ચાલે છે. ઊંચાઈ પર સોલર પેનલ લગાવીને દિવસ દરમિયાન વીજળી બનાવવામાં આવે છે અને ફુગ્ગાની અંદર બેટરીમાં સંગ્રહિત કરવામાં આવે છે, જેથી રાત્રે પણ કામ ચાલુ રહી શકે. બધું જ નીચે જમીન પરથી નિયંત્રિત થાય છે.




## એરશિપનો મુખ્યત્વે સર્વેલન્સ રાખવા માટે ઉપયોગ કરાશે

આ એરશિપનો મુખ્યત્વે સર્વેલન્સ રાખવા માટે ઉપયોગ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ભારતે ઉડાડીને જેનું પરીક્ષણ કર્યું છે, તેમાં વિવિધ પ્રકારના ચકાસણી સાધનો લગાવેલા હતા. જેમ કે દિશા અને ગતિ માપવા માટેનું સેન્સર, ફુગ્ગાની અંદર જ GPS સિસ્ટમ અને વિવિધ પ્રકારના કેમેરા લગાવેલા હોય છે, જે નીચેની તસવીરો અને વીડિયો બનાવતા રહે છે. આ બધાં સાધનો એટલા માટે લગાવાય છે જેથી ચકાસી શકાય કે તે યોગ્ય રીતે ઉપર જઈ રહ્યું છે, ઉપર ટકી રહ્યું છે અને તમામ માહિતી જમીન સુધી પાછી મોકલી રહ્યું છે કે નહીં. તેથી એક રીતે આવી એરશિપ લોન્ચ કરવાનો હેતુ એ હોય છે કે તે અત્યંત ઊંચાઈ પર લાંબા સમય સુધી ટકી રહે, તરતી રહે અને નીચેના એક વિશાળ વિસ્તારનું નિરીક્ષણ અને દેખરેખ કરતી રહે.

## સમુદ્ર સપાટીથી ૨૧ કિલોમીટરની ઊંચાઈ સુધી એરશિપ પહોંચ્યું

ડ્રોન પણ આ કામ કરે છે, પરંતુ તે વધુ સમય સુધી ઊડી શકતા નથી. સેટેલાઈટ દ્વારા પણ આ જ કામ થાય છે, પરંતુ એરશિપની સરખામણીમાં તે અત્યંત મોંઘા પડે છે. આ એરશિપ ડ્રોન અને સેટેલાઈટ બંને વચ્ચેનો સેતુ ગણી શકાય. સરહદો પર નજર રાખવા, દુશ્મનની ગતિવિધિઓને ટ્રેક કરવા, અથવા આપત્તિના સમયે જ્યારે જમીનના કોઈ ભાગનો બાકીના નેટવર્ક સાથેનો સંપર્ક તૂટી જાય ત્યારે આ ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. એટલે કે આકાશમાં એક ચોકીદાર બેઠો છે તેમ સમજી લો. આ હાઈ-ઓલ્ટિટ્યુડ પ્લેટફોર્મ સિસ્ટમ (HAPS)ની ઉડાનનું પરીક્ષણ કરવામાં આવ્યું અને તે આકાશમાં એટલી ઊંચાઈએ પહોંચી ગઈ જ્યાં સામાન્ય વિમાનો પહોંચી શકતા નથી. સમુદ્ર સપાટીથી ૨૧ કિલોમીટરની ઊંચાઈ સુધી તે ગઈ, અને ૨૦ કિલોમીટરની ઊંચાઈ પર ૩૦ મિનિટથી વધુ સમય સુધી ટકી રહી. ત્યારબાદ જમીન પરના કંટ્રોલ સેન્ટર પરથી આદેશ આપવામાં આવ્યો અને એરશિપ સુરક્ષિત રીતે નીચે આવી ગઈ.



## યુરોપમાં સોલાર પાવરથી ચાલતી એરશિપ બનાવવામાં આવી છે

વિશ્વના ઘણા દેશો દ્વારા આ પ્રકારના એરશિપ ઉપર કામ કરાયું છે અને ઘણા દેશોમાં તેમાં વ્યાપક સફળતા મળેલી છે. યુરોપમાં એરબસ કંપનીની 'ઝેફિર' (Zephyr) નામની સોલર પાવરથી ચાલતી એરશિપ છે. તેમાં પંખા પણ લાગેલા છે અને તે અઠવાડિયાંઓ સુધી ઊંચાઈ પર ટકી શકે છે. ચીન પણ આ ક્ષેત્રે કામ કરી રહ્યું છે; તેના ઊંચા ફુગ્ગા ઘણી જગ્યાએ જોવા મળ્યા છે અને માનવામાં આવે છે કે તે અત્યંત અદ્યતન સિસ્ટમ ધરાવતી એરશિપ બનાવી રહ્યું છે. જાપાન પણ સંચાર માટે આવા પ્લેટફોર્મ્સમાં રોકાણ કરી રહ્યું છે. ભારત અત્યારે પ્રારંભિક તબક્કામાં છે. ખાસ વાત એ છે કે, DRDO એ પહેલાં ૧૭ કિમી અને હવે ૨૧ કિમીની ઊંચાઈ સુધી પહોંચાડ્યું છે, પરંતુ હવામાં ટકી રહેવાનો સમય અત્યારે લગભગ અડધા કલાક સુધીનો જ ટેસ્ટ થયો છે. ભારત સરકારે આ માટે આશરે રૂપિયા ૧૫,૦૦૦ કરોડનો મોટો કાર્યક્રમ મંજૂર કર્યો છે જેમાં ખાનગી કંપનીઓ પણ સામેલ થશે. કેટલીક ભારતીય સ્ટાર્ટઅપ્સ પણ પોતાના નાના પરીક્ષણો કરી રહી છે. ભારત એ ગણ્યાગાંઠ્યા દેશોમાં સામેલ છે જે પોતાની રીતે જ આ ટેક્નોલોજી વિકસાવી રહ્યા છે. જ્યારે આ પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે, ત્યારે આ ઊંચી ઉડાન સંપૂર્ણપણે દેશના પોતાના દમ પર હશે.

## આગ્રામાં આવેલી ડીઆરડીઓની લેબ દ્વારા આ સંશોધન હાથ ધરાયું

સમગ્ર ઉડાન દરમિયાન તેની તસવીરો અને તમામ માહિતી રિયલ-ટાઈમમાં જમીન પરના કંટ્રોલ સ્ટેશન સુધી પહોંચતી રહી, એટલે કે લાઈવ તસવીરો આવતી રહી. આગ્રામાં આવેલી DRDOની ADRDE (એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ) લેબ દ્વારા આ એરશિપનું સર્જન કરાયું છે. આ જ લેબમાં પેરાશૂટ અને હળવી એરિયલ સિસ્ટમ બને છે, અને હવે તેમણે એરશિપ પણ બનાવી લીધી છે. ગયા વર્ષે મે મહિનામાં મધ્યપ્રદેશના શ્યોપુરથી તેની પ્રથમ પરીક્ષણ ઉડાન થઈ હતી. ત્યારે તે ૧૭ કિલોમીટરની ઊંચાઈ સુધી ગઈ હતી અને લગભગ ૬૨ મિનિટ હવામાં રહી હતી. તે વખતે તેના પ્રેશર અને ઈમરજન્સી સિસ્ટમની ચકાસણી કરવામાં આવી હતી. આ વખતે તે વધુ ૪ કિલોમીટર ઊંચે ગઈ અને ઊંચાઈ પર સ્થિર રહેવાની ક્ષમતા પણ દર્શાવી. ડ્રોન સામાન્ય રીતે લગભગ ૧૨ કિલોમીટરની ઊંચાઈ સુધી ઊડે છે અને વધુ સમય સુધી એક જગ્યાએ ટકી શકતા નથી. સેટેલાઈટ તો અવકાશમાં હોય છે, એટલે કે જમીનથી સેંકડો કિલોમીટર દૂર અત્યંત ઊંચાઈએ હોય છે, અને તેમને ત્યાં મોકલવા ખૂબ ખર્ચાળ પડે છે. આ એરશિપ આ બંને વચ્ચેનો સુવર્ણ માર્ગ છે. ૨૦ કિલોમીટરની ઊંચાઈનો અર્થ એ છે કે તે વાદળો અને મોટાભાગના વિમાનો કરતાં ઉપર રહે છે, અને લગભગ એક જ સ્થળે સ્થિર રહી શકે છે. આ કારણથી ત્યાંથી તે લાંબા સમય સુધી એક મોટા વિસ્તાર પર નજર રાખી શકે છે. તેને આકાશમાં તરતા વોચ-ટાવર તરીકે સમજી શકાય.

## ડ્રોન અને સેટેલાઈટ કરતા ઘણો સસ્તો અને સરળ વિકલ્પ સાબિત થશે

સેટેલાઈટની સરખામણીમાં આ ઘણું સસ્તું પડે છે અને જો કોઈ ખામી સર્જાય તો તેને નીચે ઉતારીને રિપેર પણ કરી શકાય છે. ભારતની લાંબી સરહદોને જોતાં આવી સિસ્ટમ અત્યંત ઉપયોગી છે. પાકિસ્તાન બોર્ડર હોય કે ચીન બોર્ડર, પહાડી વિસ્તારોમાં સતત નજર રાખવી મુશ્કેલ હોય છે. સમુદ્રી સીમાઓ પર પણ આ ખૂબ કામ આવી શકે છે. એરશિપ આકાશમાં દિવસો કે અઠવાડિયાંઓ સુધી એક જ જગ્યાએ ટકી રહી શકે છે. અત્યારે તો માત્ર અડધા કલાકનું નાનું પરીક્ષણ થયું છે. અસલી પડકાર લાંબા સમય સુધી ઉપર ટકી રહેવાનો, વધુ વજન વહન કરવાનો અને વિવિધ ઋતુઓ તેમજ પ્રતિકૂળ હવામાન સામે ટકી રહેવાનો છે. પરંતુ ભારત એ પસંદગીના દેશોમાં સામેલ થઈ ગયું છે જે એરશિપના વિકાસ પર કામ કરી રહ્યા છે. લાંબા સમય સુધી ટકી રહે તેવી સિસ્ટમ હાલમાં વિશ્વના બહુ ઓછા દેશો પાસે છે, અને મોટાભાગના દેશો અત્યારે પરીક્ષણના તબક્કામાં જ છે. તાજેતરમાં અમેરિકાની એક કંપનીની એરશિપ ન્યૂ મેક્સિકો રાજ્યથી જાપાન સુધી ઊડીને પાછી આવી અને તેના પર મોબાઈલ નેટવર્કનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરંતુ હજી સુધી કોઈ સેના મોટા પાયે તેનો ઉપયોગ કરવાના સ્તર સુધી પહોંચી શકી નથી.

## માઈક્રો ડ્રોનના શરૂઆતી પ્રયાસો

અમેરિકામાં ૧૯૭૦ના દશકામાં લશ્કરી હેતુથી પહેલી વખત સંશોધકોએ ઈન્સેક્ટ સાઈઝના ઉડી શકે તેવા ડિવાઈસ બનાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ એમાં જોઈએ એવી સફળતા મળી ન હતી. તે વખતે ખૂબ નાની બેટરીથી અમુક મિનિટથી વધારે સંચાલન કરવાનું શક્ય ન હતું એટલે ટૂંકાગાળાની ઉડાન ભરાવવા સિવાય એવા ડ્રોન્સ બહુ ઉપયોગી ન હતા. લિથિયમ-આયન બેટરીની ક્રાંતિ થઈ પછી ૧૯૯૦ના દશકામાં ડ્રોનની સાઈઝ નાની થવા લાગી. કમર્શિયલી સફળ કહી શકાય એવા માઈક્રો ડ્રોન્સ જર્મનીના ત્રણ મિત્રોએ ૨૦૦૫માં બનાવ્યા હતા. ઉડો જ્યુરિસ, જેન વેન્ડેલ અને ડેનિયલ શુબલેર નામના ત્રણ મિત્રોએ માઈક્રોડ્રોન્સ નામની કંપની બનાવી ને તેમણે પહેલી વખત માર્કેટમાં માઈક્રો ડ્રોન બનાવીને મૂક્યા. આ સફળતાથી પ્રેરાઈને બીજી ગણી કંપનીઓએ માઈક્રો ડ્રોન બનાવવાના પ્રોજેક્ટ શરૂ કર્યા.



## એઆઈથી માઈક્રો ડ્રોન્સનો માર્ગ આસાન બન્યો

એઆઈ ટેકનોલોજીના કારણે તેમ જ બેટરીની ક્ષમતા પણ વિકસી ગઈ હોવાથી હવે ઈન્સેક્ટ સાઈઝના ડ્રોન્સ બનાવવાનું સરળ બન્યું છે. એક વખત બેટરી ચાર્જ કર્યા પછી ત્રણથી પાંચ કલાક સુધી માઈક્રો ડ્રોન્સ પાસેથી કામ લઈ શકાતું હોવાથી ઘણા આર્મી ઓપરેશનમાં જાસૂસીના હેતુથી તેનો ઉપયોગ થવા લાગ્યો છે. મોટાભાગના આવા પ્રોજેક્ટ એકદમ ગુપ્ત રાહે ચાલે છે.



અમેરિકા-ચીન-જાપાન-જર્મની-ઈઝરાયલ કે ભારત જેવા ઘણાં દેશોની આર્મી આ પ્રકારની ટેકનિકનો ઉપયોગ કરે છે એવી અટકળો ચાલતી રહે છે. એઆઈના કારણે માઈક્રો ડ્રોનનું કામ ઓર આસાન બન્યું. હાઈ ડેફિનેશન કેમેરાનું એનાલિસિસ હોય કે અવરોધોમાંથી પસાર થવાનું હોય, એઆઈની મદદથી નક્કી કરેલા સ્થળ સુધી આવા ડ્રોન્સ પહોંચાડવામાં સુગમતા વધી છે.

## ટચૂકડાં ડ્રોન્સની ડિમાન્ડ વધી

ઈન્સેક્ટ એટલે કે જંતુના આકાર જેવડાં ડ્રોન તો નહીં, પરંતુ એનાથી મોટા એટલે કે જેને મિની ડ્રોન્સ કહેવાય છે એવા પ્રકારના ડ્રોનની ડિમાન્ડ દુનિયામાં છેલ્લાં એક દશકામાં વધી છે. ૨૦૧૦ પછી ઘણી કંપનીઓ ફોટોગ્રાફર્સથી લઈને શોખીન લોકો માટે કે ઈવન બાળકોના રમકડાં તરીકે ટચૂકડાં ડ્રોન આપવા લાગી. તે વખતે દુનિયામાં ડ્રોનના ફ્લાઈંગ માટે નિયમો ન હતા, પરંતુ એ મોંઘા હોવાથી બધાને પોષાય તેવા પણ ન હતા. તેના કારણે ખૂબ ગણ્યાં-ગાંઠ્યા લોકો જ આવા મિની ડ્રોન્સ ખરીદતા હતા. એ દરમિયાન અમેરિકા-ચીન જેવા દેશોના લશ્કરમાં બર્ડ સાઈઝ ડ્રોન્સથી જાસૂસી થતી હોવાના અહેવાલો આવવા લાગ્યા હતા. ભલે પ્રાયોગિક ધોરણે માઈક્રો ડ્રોન્સ બનાવવામાં સફળતા મળી હોવા છતાં એનો કમર્શિયલી ઉપયોગ કરવો આસાન હતો. એની બેટરી ટકાઉ ન હતી એટલે જંતુ જેવડી આકારના ડ્રોનના પ્રોજેક્ટ મિની ડ્રોન્સના પ્રોજેક્ટ જેટલી ઝડપે આગળ ન વધ્યાં.

## ભારતમાં કોકરોચ દેખાવોના કારણે ચર્ચામાં છે ત્યારે ઈઝરાયલે કોકરોચનો જુદા પ્રકારનો ઉપયોગ વિચાર્યો છે

# ઈઝરાયલ કોકરોચ ડ્રોન આર્મી બનાવશે

### ઈઝરાયલના કોકરોચ ડ્રોન યુદ્ધનું સમીકરણ બદલશે

ઈઝરાયલે આમ તો માઈક્રો ડ્રોનના પ્રયોગો છેક ૨૦૦૯થી શરૂ કર્યા હતા, પરંતુ હવે યુદ્ધોની બદલાતી તાસીર જોઈને માઈક્રો-ડ્રોન્સથી પણ એક કદમ આગળ વધીને ઈન્સેક્ટ ડ્રોન્સ બનાવવાના પ્રયાસો આદરી દીધા છે. અમેરિકા-ઈઝરાયલની ૩૦ યુનિવર્સિટીઝ મળીને ઈન્સેક્ટ ડ્રોન્સ બનાવવાના ૭૦ પ્રોજેક્ટ ચલાવે છે. ઈઝરાયલ માત્ર એવા ડ્રોન બનાવવા નથી ઈચ્છતું કે જે મચ્છર કે માખીની જેમ ઉડી શકે, ઈઝરાયલ વંદાની જેમ પહેલી નજરે આંખે ચડ્યા વગર જમીનથી ચાલીને દુશ્મનો વચ્ચે જઈ શકે એવા ડ્રોન બનાવવાના પ્રયાસો કરે છે. ઈઝરાયલ આવા એક-બે કે પાંચ-પચ્ચીસ નહીં, આખી કોકરોચ ડ્રોન આર્મી બનાવવા માંગે છે. એની ક્ષમતા દુશ્મનનું લોકેશન જાણવા સુધી મર્યાદિત નહીં હોય. એ દુશ્મનોના શસ્ત્રો સુધી પહોંચીને છુપા કેમેરાથી એના ફૂટેજ આર્મીને આપશે. વળી, ઈઝરાયલ આવા વંદાઓ જ જરૂર પડ્યે વિસ્ફોટ કરી શકે એવી ટેકનિક પર કામ કરે છે. દુશ્મનોને પહેલી નજરે ખબર જ પડે કે બ્લાસ્ટ કેમ થયો. કારણ કે કોકરોચ ડ્રોન પણ વિસ્ફોટમાં ભસ્મિભૂત થઈ જાય. બ્લાસ્ટ કોઈ શસ્ત્રની આંતરિક ગરબડના કારણે થયો હતો એવું લાગશે.

### કોકરોચ ડ્રોન આર્મી કેવા મિશનો પાર પાડશે?

ઈઝરાયલ કોકરોચની સાઈઝના કે કોકરોચ જેવા દેખાતા ડ્રોન્સનો ઉપયોગ કરીને દુશ્મનના લશ્કર સુધી પહોંચતી પાણીની લાઈન કે ખોરાકનો ખાત્મો બોલાવવા કરશે. પાણીની લાઈનની જાસૂસી કરીને તેમાં બ્લાસ્ટ કરીને તોડી પાડશે. લશ્કરના અનાજનું ગોદામમાં આગની ચિંગારી લગાડી દેશે. દુશ્મનના શસ્ત્રાગારમાં પહોંચીને દારુગોળામાં આગ ચાંપી દે તો આખું શસ્ત્રાગાર ખાક થઈ જાય. રણગાડીથી લઈને યુદ્ધવિમાનોમાં આ કોકરોચ આર્મીને ઘૂસાડી શકાય અને એ ખૂબ નાનો વિસ્ફોટ કરીને પણ દુશ્મન માટે પરેશાની ઉભી કરી શકે છે. બંકરોમાં ઘૂસવાથી લઈને એવી એવી જગ્યાએ કોકરોચ આર્મી પહોંચી જશે કે જ્યાં માઈક્રો-ડ્રોન માટે પહોંચવાનું અઘરું બને. ઈન્સેક્ટ ડ્રોન પર કોઈનું તરત ધ્યાન ખેંચાશે નહીં તેનો યુદ્ધમાં ફાયદો ઉઠાવી શકાશે.







### ભવિષ્યમાં અદૃશ્ય યુદ્ધો લડાશે

ડ્રોનના કારણે લશ્કરી વિમાનોનું કામ ઘટી ગયું. પાયલટ અને કરોડોના લશ્કરી વિમાનો પર જોખમ પણ ઓછું થયું, નેક્સ્ટ જનરેશનના ઈન્સેક્ટ અને માઈક્રો ડ્રોન્સથી અત્યારના ડ્રોન્સની પણ જરૂરિયાત ઘટી જશે. મોટો હુમલો કરવો હશે કે બ્લાસ્ટ કરવો હશે તો મોટા ડ્રોનની જરૂર પડશે. નહીંતર નેક્સ્ટ જનરેશનના ડ્રોન્સથી અદૃશ્ય જંગ લડાશે. ઉડતાં ડ્રોનનું સ્થાન ઉડવા ઉપરાંત હળવેકથી સરકતાં ડ્રોન લઈ લેશે. આ ડ્રોન્સથી ન કેવળ યુદ્ધનું સમીકરણ બદલાશે, પરંતુ યુદ્ધનું અર્થતંત્ર અને યુદ્ધનું મિકેનિઝમ જ બદલાઈ જશે.

### છેલ્લા અઢી મહિના દરમિયાન

# સિવિલમાં મચ્છરજન્ય બીમારીના ૮૨૨ કેસ, ૭૮ ટકા ડેન્ગ્યુના

અમદાવાદ,રવિવાર

મચ્છરજન્ય રોગચાળમાં વધારો યથાવત્ રહ્યો છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ઓગસ્ટથી ૧૬ ઓક્ટોબર સુધી ડેન્ગ્યુ-ચિકનગુનિયા-મેલેરિયાના ૮૨૨ કેસ નોંધાયેલા છે.

## વાયરલ ફીવરના બે સપ્તાહમાં ૬૧૫ કેસ ઓપીડીમાં દરરોજ સરેરાશ ૪૨૦૦થી વધુ દર્દી

સિવિલ હોસ્પિટલમાં આ સમયગાળા દરમિયાન ડેન્ગ્યુના સૌથી વધુ ૬૪૧,

**સિવિલમાં કઈ બીમારીના કેટલા કેસ?**

| બીમારી | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટો. |
|---|---|---|---|
| ડેન્ગ્યુ | ૯૪ | ૩૬૮ | ૧૭૯ |
| મેલેરિયા | ૪૩ | ૪૮ | ૨૧ |
| ફાલ્સિપેરમ | ૧૩ | ૧૫ | ૦૪ |
| ચિકનગુનિયા | ૧૦ | ૨૨ | ૦૫ |
| હેપેટાઈટિસ | ૧૯૪ | ૧૮૩ | ૭૭ |
| ઝાડા-ઉલ્ટી | ૧૭૯ | ૧૨૨ | ૪૪ |
| ટાઈફોઈડ | ૧૪ | ૦૬ | ૦૦ |
| વાયરલ | ૭૦૦ | ૧૨૦૧ | ૬૧૫ |

મેલેરિયાના ૧૧૨, ઝેરી મેલેરિયાના ૩૨, ચિકનગુનિયાના ૩૭ કેસ સામે આવેલા છે. આમ, મચ્છરજન્ય બીમારીના જે કેસ નોંધાયા છે તેમાંથી ૭૮ ટકા માત્ર ડેન્ગ્યુના છે. ઓક્ટોબરના ૧૬ દિવસમાં ડેન્ગ્યુના ૧૭૯ કેસ નોંધાઇ ચૂક્યા છે. વાયરલ ફીવરના ૧૬ દિવસમાં ૬૧૫ કેસ સામે આવ્યા છે.

સિવિલમાં છેલ્લા સપ્તાહે ઓપીડીમાં ૨૯૬૯૦ દર્દી નોંધાયા હતા અને ૨૪૧૯ને દાખલ કરવા પડ્યા હતા. આ સ્થિતિએ ઓપીડીમાં દરરોજ સરેરાશ ૪૨૪૧ દર્દી નોંધાય છે.

## ઠક્કરનગર પાસે યુવકના ગળા ઉપર છરી મૂકી હોટલમાં લૂંટ ચલાવી

અમદાવાદ, રવિવાર

ઠક્કરબાપાનગર ચાર રસ્તા પાસે હોટલમાં કાલે વહેલી સવારે આરોપીઓ મિત્રને મળવા માટે આવ્યા હતા અને રૂમમાં રોકાયેલા યુવકના ગળા પર છરી મૂકી, હોટલ સ્ટાફને ધમકાવીને તેમની પાસેથી ૨૫ હજાર રૂપિયા લૂંટી લીધા હતા અને ઘાતક હથિયારો સાથે આતંક મચાવ્યો હતો. કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી ચાર લોકોની ધરપકડ કરી છે.

## બોડકદેવમાં બે એકમ સીલ કરાયા

અમદાવાદ, રવિવાર

મ્યુ. કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ-ઉત્તર પશ્ચિમ ઝોન દ્વારા કુલ ૬૫ એકમ તપાસીને ૫૦ એકમોને નોટીસ અપાઇ હતી જ્યારે ૪૦ કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરીને ૩૪૭૦૦ દંડ વસૂલાયો છે. આ ઉપરાંત ગંદકી કરવા બદલ પ્રેમચંદનગરમાં શુભ મોટર્સ, પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ બોડકદેવમાં હોક્કો આઇસ્ક્રીમને સીલ કરાયા છે.

### અગાઉ થયેલી તકરારની અદાવતમાં મધરાતે ખૂની ખેલ

# અમઈવાડીમાં ગરબામાંથી પાછા આવતા યુવકની ચાકુના ઘા મારી હત્યા

અમદાવાદ,રવિવાર

અમરાઈવાડીમાં શનિવારે મધરાતે ગરબા જોઈને ભાઈ સાથે પાછા ફરી રહેલા યુવકની ચાકુના ઘા મારી હત્યા કરી હતી. પોલીસ તપાસમાં બે મહિના પહેલા થયેલી થયેલી તકરારમાં આ ખૂની ખેલ ખેલાયો હતો. અમરાઈવાડી પોલીસે બે શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂની તકરાર મામલે બે શખ્સો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ

રખિયાલ વિસ્તારમાં ત્રિકમલાલ ભોગીલાલની ચાલીમાં રહેતા અભિષેક ગુર્જર (ઉ.વ.૨૬)એ અમરાઈવાડીમાં ગુલાબનગર ખાતે રહેતા રોહિત ઉર્ફે ગાંડો અને મદન રાજપુત સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૧૭-૧૦-૨૬ના રોજ તેઓ તેમના મોટાભાઇ વિકેશ (ઉ.વ.૨૭) અને મિત્ર સાથે અમરાઈવાડીમાં ગુલાબનગર ખાતે મિત્રના ત્યાં ગરબા જોવા ગયા હતા.

ગરબા જોઈને રાતે ત્રણ વાગે પરત આવતા હતા ત્યારે આરોપી તેમની બાજુ આવતા હતા અને બે મહિના પહેલા થયેલી તકરારની અદાવત રાખીને બોલાચાલી કરી હતી. જો કે અગાઉ આરોપીએ ફરિયાદીના ભાઇને જાનથી મારી નાંખીને ખેલ ખતમ કરવાની ધમકી આપી હતી અને કાવતરુ રચીને અચાનક આવીને ફરિયાદીના ભાઇ વિકેશને પીઠમાં હાથના બાવડાના ભાગે ચાકુના ઘા મારીને લોહી લુહાણ કર્યો હતો. યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું.

### શિક્ષણ બોર્ડ દ્વારા રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરાઈ

# બોર્ડ પરીક્ષા ફોર્મ ભરતા પહેલા સ્કૂલ અને ટીચર રજિસ્ટ્રેશન માટે આદેશ

અમદાવાદ,રવિવાર

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરાવતા પહેલા સ્કૂલ રજિસ્ટ્રેશન અને ટીચર રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામા આવી છે.આ વર્ષે નવી શરૂ થયેલી સ્કૂલોએ ફરજીયાત રજિસ્ટ્રેશન કરવાનુ રહેશે અને જુની સ્કૂલોએ માહિતી અપડેટ કરવાની રહેશે.આ ઉપરાંત નવી-જુની તમામ સ્કૂલોએ પોતાના વિષયવાર શિક્ષકોનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

## નવી સ્કૂલોએ ફરજિયાત રજિસ્ટ્રેશન કરવાનું રહેશે સ્કૂલે વિષયદીઠ શિક્ષકોની માહિતી આપવી પડશે

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડ પરીક્ષા પહેલા તમામ સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોનું રજિસ્ટ્રેશન કરાવવા ઉપરાંત શિક્ષકોનું પણ રજિટ્રેશન કરાવવામા આવે છે. રજિસ્ટ્રેશનના આધારે બોર્ડ પરીક્ષામાં મૂલ્યાંકન માટે શિક્ષકોને ઓર્ડર કરવામા આવે છે. આ વર્ષે નવી શરૂ થયેલી સ્કૂલે રજિસ્ટ્રેશન કરાવવુ અને જુની સ્કેલી રજિસ્ટ્રેશન અપડેટ કરાવવુ તેમજ શિક્ષક રજિસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત છે. બોર્ડ દ્વારા આ માટેની ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરી દેવામા આવી છે.સ્કૂલોએ બોર્ડ પરીક્ષાના ફોર્મ વિદ્યાર્થીઓ પાસે ભરાવતા પહેલા આ પ્રક્રિયા પુરી કરાવવાની રહેશે.

સ્કૂલોએ છુટા થયેલા,નવા જોડાયલા અને રાજીનામુ આપેલા શિક્ષકોની વિગતો સાથે માહિતી ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં આપવાની રહેશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડ દ્વારા તમામ સ્કૂલોને વાર્ષિક નિરિક્ષણ અહેવાલ માટે ની પ્રક્રિયાનો પણ આદેશ કરાયો છે.સ્કૂલોએ વાર્ષિક અહેવાલ ઓનલાઈન મુકવાની પ્રક્રિયા ૧૭ નવેમ્બર સુધીમાં પુરી કરવાની રહેશે.મહત્વનું છે કે દર વર્ષે સ્કૂલો ટીચર રજિસ્ટ્રેશન તો કરાવે છે છતાં પણ ઘણા શિક્ષકો પરીક્ષા મૂલ્યાંકનમાં જતા જ નથી.

## ઈસનપુરમાં પોલીસ હોવાની ઓળખ આપી રૂપિયા પડાવ્યા

અમદાવાદ, રવિવાર

ઈસનપુરમાં પોલીસ હોવાની ઓળખ આપીને બે શખ્સો યુવકને બાઇક ઉપર બેસાડીને અંધારામાં લઈ ગયા હતા અને તું ધંધે વાલી હોટલમાં જા રહા હૈ, કહી ડરાવીને પોલીસ કેસમાં ફસાવવાની ધમકી આપી હતી અને શ્રમજીવી યુવકને મોબાઈલમાં ઓન લાઇન રૂા. ૨૦ હજાર કાઢી લીધા હતા. ઈસનપુર પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજ આધારે બે શખ્સોની ધરપકડ કરી છે.







ગુજરાત સમાચાર

# ઈરાનનો ચોતરફી યુદ્ધોન્માદ

ઈરાન સમર્થિત હુથી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા હુમલાઓ બાદ સુરક્ષા ચિંતાઓ વચ્ચે, ગઈકાલે રિયાધમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને વિનંતી કરી કે તેઓ કટોકટી ચેતવણી મળતાં જ સાઉદી અધિકારીઓ દ્વારા નેશનલ ઈમરજન્સી અર્લી વોર્નિંગ પ્લેટફોર્મ દ્વારા જારી કરાયેલ અપડેટેડ સૂચનાઓ પર ધ્યાન આપે અને તેનું પાલન કરે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલી સૂચનાઓમાં લોકોને શાંત રહેવા, સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અને તાત્કાલિક ઈમારતની અંદર સૌથી સુરક્ષિત સ્થળે જવાની સલાહ આપવામાં આવી છે. આ સૂચનાઓ એવા સમયે આવી છે જ્યારે યમનના હુથી બળવાખોરો દ્વારા સાઉદી અરેબિયાને લક્ષ્ય બનાવતા ડ્રોન અને મિસાઈલ હુમલાઓને કારણે સુરક્ષા ચિંતાઓ વધી ગઈ છે. આમાં ૧૦ ઓક્ટોબરના રોજ રિયાધના કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર થયેલા ઘાતક હુમલાનો પણ સમાવેશ થાય છે, જેમાં એક ભારતીય નાગરિકનું મોત થયું હતું અને ઘણા અન્ય ઘાયલ થયા હતા, જેના પગલે ભારતીય દૂતાવાસે તેની સુરક્ષા સલાહને પુનરાવર્તિત કરી છે.

યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહી લાલ સમુદ્રમાંથી પસાર થતા જહાજોને સતત નિશાન બનાવી રહ્યા છે, જેના કારણે વૈશ્વિક વેપાર પ્રભાવિત થઈ રહ્યો છે. જૈશ-અલ-અદલ નામનું આતંકવાદી જૂથ, જેનું ઠેકાણું ઈરાને કહ્યું છે કે તે નિશાન બનાવી રહ્યું છે, તે પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં સક્રિય સુન્ની મુસ્લિમ જૂથ છે. તે ઈરાનની સરહદની અંદર આતંકવાદી ગતિવિધિઓ કરી રહ્યું છે. ધ્યાનમાં રાખો, બંને દેશો વચ્ચે લાંબી સરહદ છે. તેનો મોટાભાગનો ભાગ સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આવે છે. ઈરાન શિયા બહુમતી ધરાવતો દેશ છે, પરંતુ તેના સિસ્તાન પ્રાંતમાં મોટાભાગે સુન્ની વસ્તી છે. પાકિસ્તાન અને ઈરાન વચ્ચેના સંબંધોમાં ઉતાર-ચઢાવ આવ્યા છે. હજુ અમેરિકા સાથેના જંગમાંથી ઊંચું ન આવેલું ઈરાન નવા ખતરનાક પ્રાદેશિક અને જાતિગત યુદ્ધો લડવા માટે તૈયાર છે એ નવાઈની અને અખાતી દેશોને ન સમજાય એવી રમત છે. જોકે, ઈરાનનું કહેવું છે કે તે ગાઝા યુદ્ધથી ફેલાઈ રહેલા સંઘર્ષનો ભાગ બનવા ઈચ્છતું નથી. પરંતુ હુથી, હમાસ, હિઝબુલ્લાહ જેવા ઘણા જૂથો છે, જેને તે પ્રતિકારની ધરી કહે છે તે સમગ્ર સંઘર્ષને આગળ ધપાવવામાં સીધા સામેલ છે.

લાલ સમુદ્રમાંથી પસાર થતા જહાજો પર હુથી વિદ્રોહીઓના હુમલાને રોકવા માટે અમેરિકા અને સહયોગી દેશોએ પણ તેમની જગ્યાઓ પર હુમલો કર્યો છે. જો કે, તે પછી પણ, હુથી બળવાખોરોએ કહ્યું છે કે તેઓ તેમનું અભિયાન અને અભિમાન બન્ને ચાલુ રાખશે. જો આપણે ઈરાન સમર્થિત જૂથોના હુમલા અને ઈરાક અને સીરિયા પછી પરમાણુ સશસ્ત્ર પાકિસ્તાન સામેની તેની કાર્યવાહી પર નજર કરીએ તો ગાઝામાં ચાલી રહેલ યુદ્ધ વ્યાપક અવકાશમાં ફેલાઈ જવાનો ગંભીર ખતરો સ્પષ્ટપણે દેખાય છે. પાકિસ્તાન-ઈરાન વચ્ચે ૯૦૦-૯૫૦ કિમીની સરહદ છે. એક તરફ પાકિસ્તાનનો બલૂચિસ્તાન પ્રાંત છે. બીજી બાજુ ઈરાનના સિસ્તાન છે. બંને દેશો સરહદ પર અશાંત બલૂચ વિસ્તારમાં આતંકવાદીઓ સામે લાંબા સમયથી લડાઈ લડી રહ્યા છે. બંનેનો એક સામાન્ય દુશ્મન છે.

ઈરાને સ્પષ્ટ કર્યું કે તેણે જૈશ અલ-અદલના ઠેકાણા પર હુમલો કર્યો છે. જૈશ અલ-અદલ એક આતંકવાદી સંગઠન છે. તેની સ્થાપના ૨૦૧૨માં કરવામાં આવી હતી. તે ૨૦૧૩થી સરહદ પર તૈનાત ઈરાની દળો પર હુમલો કરી રહ્યું છે. આ જૂથે ડિસેમ્બર ૨૦૨૩ના મધ્યમાં ઈરાનના એક પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો હતો, જેમાં ૧૧ ઈરાની પોલીસકર્મીઓ માર્યા ગયા હતા. જૈશ અલ-અદલની ફિલસૂફી એ છે કે તે ઈરાનના સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતની સ્વતંત્રતા અને બલૂચ લોકોના અધિકારો માટે લડે છે. બંને દેશોના સમાન દુશ્મનો છે. તેઓ અલગતાવાદી છે. આવી સ્થિતિમાં એકબીજા પર હુમલાને અજીબ માનવામાં આવી રહ્યા છે. ઈરાને પાકિસ્તાન પર સીમા પાર હુમલા માટે જવાબદાર જૈશ-અલ-અદલ જેવા આતંકવાદી જૂથોને આશ્રય આપવા અને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો છે. મોટા પ્રાદેશિક સંઘર્ષે ઈરાનને તેની સરહદોની બહાર સક્રિય થવા માટે પ્રોત્સાહિત કર્યા છે. ખાસ કરીને અમેરિકાએ આ ક્ષેત્રને નિયંત્રિત કરવા માટે ઈરાનની આસપાસ જે ભીષણ યુદ્ધ ચાલુ રાખ્યું છે એણે ઈરાનનું ચરિત્ર જ બદલી નાખ્યું છે.

અગાઉ ઈરાને ઈરાક, સીરિયા પર બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. ઈરાને દાવો કર્યો હતો કે તે ઈઝરાયેલી દળો અને ઈરાન વિરોધી આતંકવાદી જૂથોના જાસૂસી મથકને નિશાન બનાવી રહ્યું છે. લેબનોન સરહદ પર ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે લડાઈ ચાલુ છે. યુ.એસ. યમનમાં ઈરાન સમર્થિત હુથીઓ સામે લડી રહ્યું છે, જેમણે ગાઝા પર ઈઝરાયેલી હુમલાનો બદલો લેવાના નામે જહાજો પર હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટનાઓ વચ્ચે ઈરાન આ ક્ષેત્રમાં એક મહાન નેતા - લિડ કન્ટ્રી તરીકે ઉભરી આવવાની કોશિશ કરી રહ્યું છે.

# RBIના પગલાં રૂપિયાને સ્થિર કરી શકે, પરંતુ FY27ના અંત સુધીમાં નવા નીચલા સ્તરે પહોંચવાની શક્યતા

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ડાૅલરની માંગ પર અંકુશ મૂકવાના તાજેતરના પગલાંથી રૂપિયાને ટૂંકા ગાળાનો ટેકો મળવાની ધારણા છે, પરંતુ મૂડીનો પ્રવાહ બહાર જવો (કેપિટલ આઉટફ્લો) અને વૈશ્વિક બજારમાં ઊંચી યીલ્ડ ચલણ પર દબાણ બનાવી રાખતી હોવાથી માર્ચ ૨૦૨૭ના અંત સુધીમાં રૂપિયો નવી નીચી સપાટીએ પહોંચી શકે છે. આ તારણ ૧૦ બજાર નિષ્ણાતો પર કરાયેલા 'બિઝનેસ સ્ટાન્ડર્ડ'ના એક સર્વેક્ષણમાં સામે આવ્યું છે.

આરબીઆઈ દ્વારા શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરાયા બાદ રૂપિયામાં ૨ એપ્રિલ, ૨૦૨૬ પછીનો એક દિવસનો સૌથી મોટો ઉછાળો નોંધાયો હતો. આ પગલાંઓમાં સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે સમર્પિત દૈનિક ડાૅલર વિન્ડો શરૂ કરવાનો સમાવેશ થાય છે, જે ગત સોમવારથી અમલમાં આવી હતી. બીજી તરફ, બેન્ચમાર્ક ૧૦-વર્ષીય સરકારી બોન્ડની યીલ્ડ ૯ બેસિસ પોઈન્ટ વધીને ૭.૩૯ ટકા થઈ ગઈ હતી, જે ૧૦ માર્ચ, ૨૦૨૩ પછીની સૌથી ઊંચી સપાટી છે. આરબીઆઈના આયોજિત ઓપન માર્કેટ ઓપરેશન બોન્ડ વેચાણને કારણે વેચવાલીનું દબાણ વધ્યું હતું. આ જાહેરાતે સરકારી સિક્યોરિટીઝના વધારાના પુરવઠા અંગે ચિંતા વધારી દીધી છે, જેથી વધતી યીલ્ડ વચ્ચે રોકાણકારો દૂર રહ્યા હતા.

રૂપિયા માટે મળેલી આ રાહત કામચલાઉ સાબિત થવાની ધારણા છે. વર્ષ ૨૦૨૬માં ડાૅલર સામે અત્યાર સુધીમાં ૬.૧૭ ટકા ઘટેલો રૂપિયો ડિસેમ્બરના અંત સુધીમાં ઘટીને ડાૅલર દીઠ આશરે ૯૬ થવાની આગાહી કરવામાં આવી છે. કેટલાક નિષ્ણાતો માર્ચ ૨૦૨૭ના અંત સુધીમાં તે ઘટીને ૯૬.૭૫-૯૭.૨૫ થવાની અપેક્ષા રાખે છે. મે મહિનામાં ભારતીય ચલણ પ્રતિ ડાૅલર ૯૬.૯૬ના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે બંધ થયું હતું.

બેંકિંગ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું કે, અમે વારંવાર દોહરાવ્યું છે કે બાહ્ય ક્ષેત્રની સમસ્યા હવે કરંટ એકાઉન્ટ (ચાલુ ખાતા) તરફથી નથી, પરંતુ કેપિટલ એકાઉન્ટ (મૂડી ખાતા)ની નબળાઈને કારણે છે. મુખ્યત્વે વૈશ્વિક ભૌગોલિક-રાજકીય જોખમો અને વૈશ્વિક સ્તરે ઊંચા યીલ્ડ (વળતર)ને લીધે ભારતમાં મૂડીનો પ્રવાહ ઘટવાને કારણે. આ પગલાંથી રૂપિયામાં કોઈ લાંબા ગાળાનો સુધારો થવાની શક્યતા ઓછી છે, અને માર્ચ ૨૦૨૭ના અંત સુધીમાં ડોલર સામે રૂપિયામાં ૯૬.૭૫ થી ૯૭.૨૫ ની રેન્જની અપેક્ષા રખાય છે. બાર્કલેઝની નોંધ અનુસાર, રિઝર્વ બેંકના આ પગલાં યુએસ ડાૅલર ક્યાં અને ક્યારે ખરીદવામાં આવે છે, પરંતુ તે ક્રૂડ ઓઈલ, વેપાર અને મૂડીના બહિર્ગમન (આઉટફ્લો) દ્વારા સર્જાતી મૂળભૂત માંગને બદલતા નથી. નિષ્ણાંતોનો મત રૂપિયાના ક્રમશઃ અને વધુ વ્યવસ્થિત અવમૂલ્યન (ઘસારા) તરફ જ રહે છે. આ પગલાં રૂપિયાને ટૂંકા ગાળાનો ટેકો આપી શકે છે અને બજારની કામગીરી સુધારી શકે છે, પરંતુ તે ધીમા અવમૂલ્યનના મૂળભૂત કારણોને દૂર કરતા નથી.

૧૬ ઓક્ટોબરથી શરૂ થતા પખવાડિયાથી લાગુ થતા કેશ રિઝર્વ રેશિયો (CRR) માટે લઘુત્તમ દૈનિક જાળવણી જરૂરિયાત ૯૦ ટકાથી વધારીને ૯૯ ટકા કરવાના સેન્ટ્રલ બેંકના નિર્ણયની મર્યાદિત વધારાની અસર જોવા મળી હતી, કારણ કે બેંકો પાસે અગાઉની જરૂરિયાત હેઠળ બહુ ઓછી વધારાની જગ્યા (હેડરૂમ) હતી. જોકે, આયોજિત રૂ. ૨૫,૦૦૦ કરોડના બોન્ડના વેચાણે સપ્લાય અંગેની ચિંતાઓમાં વધારો કર્યો હતો, ખાસ કરીને એવા સમયે જ્યારે વધતા યીલ્ડ વચ્ચે રોકાણકારો સિક્યોરિટીઝ ખરીદવામાં અચકાઈ રહ્યા હતા.

આ ક્ષેત્રના સુત્રોના મતે વ્યાજદરમાં વધારો અગાઉની ધારણા કરતાં વધુ તીવ્ર જણાઈ રહ્યો છે, જેણે સેન્ટિમેન્ટ (બજારના માનસ)ને ફટકો માર્યો છે. ઓપન માર્કેટ ઓપરેશન્સ વેચાણ હંમેશાં બજારમાં ગભરાટ પેદા કરે છે, તેથી બજારમાં વેચવાલી જોવા મળે છે.

રૂપિયાએ એક જ સત્રમાં લગભગ ૧ ટકાનો ઉછાળો નોંધાવ્યો હોય તેવો છેલ્લો કિસ્સો ૨ એપ્રિલના રોજ બન્યો હતો, જ્યારે રિઝર્વ બેંક દ્વારા બેંકોને સ્થાનિક અને બિન-નિવાસી ક્લાયન્ટ્સને રૂપિયાના નોન-ડિલિવરેબલ ફોરવર્ડ્સ ઓફર કરવા પર પ્રતિબંધ મૂક્યા બાદ રૂપિયો મજબૂત થયો હતો. આ પગલું સેન્ટ્રલ બેંક દ્વારા ઓનશોર રૂપિયાના બજારમાં બેંકોની નેટ ઓપન પોઝિશનને ૧૦૦ મિલિયન ડોલર સુધી મર્યાદિત કરવાના નિર્ણય બાદ લેવામાં આવ્યું હતું, જેના કારણે ધિરાણકર્તાઓને તેમની પોઝિશન સમેટીને (અનવાઈન્ડ કરીને) ડાૅલર વેચવાની ફરજ પડી હતી.

૧૮ સપ્ટેમ્બર સુધી ૧૪૩ બિલિયન ડોલર એકત્ર કરવામાં મદદ કરનારી ખાસ રાહતદરે ફોરેક્સ સ્વેપ વિન્ડો છતાં ભારતીય ચલણ પર દબાણ યથાવત રહ્યું છે. સેન્ટ્રલ બેંકે પાછલા મહિના દરમિયાન ફોરેન એક્સચેન્જ માર્કેટમાં મોટા પાયે હસ્તક્ષેપ કર્યો હતો, જેના પરિણામે ચાર અઠવાડિયામાં વિદેશી હૂંડિયામણ અનામત (ફોરેક્સ રિઝર્વ)માં ૫૧ બિલિયન ડોલરનો ઘટાડો થયો હતો. ઘસારાનું વલણ ચાલુ રહેવા વચ્ચે, કેટલાકનું સૂચન છે કે રિઝર્વ બેંક એ વ્યાજ દરો વધારવાની જરૂર પડી શકે છે.

વાસ્તવમાં, રિઝર્વ બેંક રૂપિયાને ટેકો આપવા માટે ચલણ બજારમાં મોટા પાયે હસ્તક્ષેપ કરી રહી છે. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેંક) અથવા FCNR (B) ડિપોઝિટ્સ સહિતની રાહત દરે સ્વેપ વ્યવસ્થાઓથી ફોરેક્સ રિઝર્વ એકત્રિત કરવામાં મદદ મળી હતી, જે ૪ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૭૮૫.૭ બિલિયન ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું. જોકે, ત્યારથી તેમાં ૫૧ બિલિયન ડોલરથી વધુનો ઘટાડો થયો છે (૨ ઓક્ટોબર સુધીમાં). આમાંથી અમુક ઘટાડો રિવેલ્યુએશન (પુનઃમૂલ્યાંકન) ને કારણે હોઈ શકે છે, પરંતુ તે સ્પષ્ટપણે દર્શાવે છે કે સેન્ટ્રલ બેંક ચલણ બજારમાં ખાસ્સી સક્રિય છે. આરબીઆઈની જાહેર કરાયેલી નીતિ એવી છે કે તે કોઈ ચોક્કસ સ્તરને લક્ષ્ય બનાવતી નથી અને માત્ર અતિશય અસ્થિરતાને નિયંત્રિત કરવા માટે જ હસ્તક્ષેપ કરે છે. જોકે, એવું જણાય છે કે તે અન્ય ઉદ્દેશ્યો પર પણ ધ્યાન આપી રહી છે.

અહીં એ નોંધવું જરૂરી છે કે બેલેન્સ ઓફ પેમેન્ટ્સ (BoP) ના દબાણને સંભાળવું એ માત્ર સેન્ટ્રલ બેંકની એકલાની જવાબદારી નથી. ભારત કરંટ એકાઉન્ટ અને કેપિટલ એકાઉન્ટ બંને મોરચે દબાણનો સામનો કરી રહ્યું છે, અને આ ખેંચતાણ પશ્ચિમ એશિયામાં યુદ્ધ શરૂ થયું તે પહેલાંની છે. ભારતે છેલ્લા બે વર્ષ દરમિયાન BoP ખાધનો સામનો કર્યો હતો, જેનું આંશિક કારણ મૂડીનું બહાર જવું (કેપિટલ આઉટફ્લો) હતું.



## ડોલર વિરુદ્ધ રૂપિયા માટે અનુમાન

| સંસ્થા | ડિસેમ્બર '૨૬ અંત સુધી | માર્ચ '૨૭ અંત સુધી |
|---|---|---|
| ડીબીએસ બેંક | ૯૬-૯૬.૫૦ | ૯૬-૯૬.૫૦ |
| IDFC ફર્સ્ટ બેંક | ૯૬-૯૭ | ૯૭-૯૮ |
| બેંક ઓફ બરોડા | ૯૬-૯૭ | ૯૬-૯૭ |
| RBL બેંક | ૯૬.૫૦ | ૯૭ |
| CR ફોરેક્સ | ૯૫-૯૭ | ૯૪.૫૦-૯૭.૫૦ |
| મેકલાઈ ફાય. | ૯૬ | ૯૫.૫૦ |
| શિન્હાન બેંક | ૯૪.૮૦-૯૭.૫૦ | ૯૫-૯૮.૨૦ |
| ફીનરેક્સ ટ્રેઝરી | ૯૪.૫૦-૯૫ | ૯૪.૫૦-૯૫ |
| HDFC બેંક | ૯૫-૯૭ | ૯૬-૯૮ |
| યસ બેંક | ૯૫.૨૫-૯૫.૭૫ | ૯૬.૭૫-૯૭.૨૫ |

**રિઝર્વ બેંકના પગલાં રૂપિયાને ટૂંકા ગાળાનો ટેકો આપી શકે છે અને બજારની કામગીરી સુધારી શકે છે, પરંતુ તે ધીમા અવમૂલ્યનના મૂળભૂત કારણોને દૂર કરતા નથી**

# ભારતીય અર્થકારણમાં થઈ રહેલા કેટલાક મૂળભૂત ફેરફાર

**અર્થકારણના આટાપાટા**

■ ધવલ મહેતા

૧૪૭ કરોડથી કાંક વધુ ધરાવતા ભારતની વસતી વધારાની ટકાવારી ઘટતી જાય છે. પરંતુ જગમા સૌથી વધુ વસતી ધરાવતા દેશની સ્વતંત્રતા મળ્યા પછીના લગભગ ૮૦ વર્ષ બાદ પણ સરાસરી માથાદીઠ આવક ૨૮૧૩ ડોલર્સ છે જ્યારે ઈ.. ૧૯૪૯મા જીડીપીની દ્રષ્ટએ ભારતથી પણ વધારે ગરીબ ચીનની સરાસરી માથાદીઠ આવક લગભગ ૧૫,૦૦૦ ડોલર્સ પર પહોંચી ગઈ છે. ભારત આર્થિક વિકાસ દરની બાબતમાં 'ઢ' નથી. દુનિયાના મોટા અર્થકારણોમાં તેનો આર્થિક વિકાસ દર સૌથી વધારે છે પરંતુ ભારતને ઊંચા વિકાસદરના ફાયદાઓને નીચે સુધી (લાસ્ટ મેન સુધી) પહોંચાડવાની આવડત નથી. ભોગવાદી પશ્ચિમ જગતના સરાસરી આયુષ્યની સરખામણીમાં ભારતીયજનનું સરાસરી આયુષ્ય કેમ આટલુ બધુ ઓછું છે ? 'સેલ્ફ ડીલ્યુઝન'ની પણ એક હદ હોય છે.

ભારતની ગરીબી પાછળ મુખ્ય કારણ એ છે કે તેની પ્રચંડ વસતીનો મોટોભાગ ખેતીવાડી ક્ષેત્રે રોકાયેલો છે અને ખેતીવાડી ક્ષેત્રની ઉત્પાદકાત ઔદ્યોગીક ક્ષેત્રની કે સેવા ક્ષેત્રની ઉત્પાદકતા કરતા ઘણી ઓછી છે. દા.ત. ભારતના કૃષિક્ષેત્રે તેના કુલ વર્ક ફોર્સના ૪૨ ટકાથી ૪૫ ટકા લોકો કામ કરે છે. આ ટકાવારી સીઝન પ્રમાણે વર્ષોવર્ષ બદલાતી રહે છે છતા ભારતની કુલ જીડીપીમા ખેતીવાડી ક્ષેત્ર જેમા ખેતઉત્પાદન, દૂધઉત્પાદન, મસ્ત્યઉદ્યોગ, બાગાયતી ખેતી, જંગલની પેદાશો વગેરેનો સમાવેશ થાય છે. તેનો ભારતની કુલ રાષ્ટ્રીય આવકમા માત્ર ૧૫ ટકાની આજુબાજુ ફાળો છે. તેમા સીઝન પ્રમાણે વધઘટ થયા કરે છે.

વળી ભારતમા છેલ્લી ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે ભારતની બે તૃતીયાંશ વસતી તેના ગામડાઓમાં રહે છે જ્યારે માત્ર એક તૃતીયાંશ વસતી તેના નગરો અને શહેરોમાં રહે છે.

૨૦૨૧મા સરકારે વસતી ગણતરી કરી નથી તે કેન્દ્ર સરકારની મોટી ભૂલ છે ખરૂ ભારત તેના ગામડાઓમાં રહે છે તે આશીર્વાદ નથી પણ ભારત માટે મોટો શ્રાપ છે. અલબત્ત ભારતના શહેરોની વસતી ફાટફાટ થઈ રહી છે તેમ છતાં જગતનું આર્થિક ભવિષ્ય તેના ગામડાઓમા નહી પરંતુ શહેરોમાં અને ઉપનગરોમાં છે. ભારતની વસતી વધતી જાય છે પરંતુ વસતી વધારાનો દર ઓછો થતો જાય છે તે એક સારી બાબત છે. ભારતમા સ્ત્રીઓની ફળદ્રુપતાનો દર ૨.૧ ટકાથી નીચે જતો રહ્યો છે કે ભવિષ્યમા તે જતો રહેશે તે ભારત માટે એક સારી બાબત છે. બીજી સૌથી વધુ નબળી બાજુ એ છે કે ભારતમા શીક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓમા જે રોકાણ થવું જોઈએ તે થતું નથી.

ભારતનું અર્થકારણ ચોમાસાની કામગીરીથી ડીકપલ થઈ ગયું છે. ભારતનાં અર્થકારણનું માળખુ બદલાઈ રહ્યું છે. ૧૯૫૦ના દાયકામા ભારતની કુલ રાષ્ટ્રીય આવકમા ખેતીવાડી ક્ષેત્રનો ફાળો ૫૫.૪ ટકા હતો. ૨૦૦૦ના દાયકામા તે ઘટીને ૨૧.૮ ટકા થઈ ગયો અને આજે તે લગભગ ૧૫ ટકા પહોંચી ગયો છે. ટૂંકમાં ભારતનું અર્થકારણ હવે ખેતી આધારિત નથી. ભારતની જીડીપીમા સેવાક્ષેત્રનો ફાળો પ્રચંડ વધી ગયો છે. ભારતની સેવા ક્ષેત્રના ઉત્પાદનમાં જથ્થાબંધ અને છૂટક વ્યપાર, ટ્રાન્સકોર્પોરેશન, ડીફેન્સ સર્વીસીઝ, આર એન્ડ ડી, ફાયનાન્સ, ઈન્સ્યુરન્સ, બેંકિંગ અને સૌથી અગત્યની એવી શીક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓમાં સમાવેશ થાય છે. ૧૯૫૦ના દાયકામા ભારતની રાષ્ટ્રીય આવકમાં સેવાક્ષેત્રનો ફાળો માત્ર ૨૯.૮ ટકા હતો હવે તે વધીને ૬૧.૫ ટકા થયો છે જ્યારે ભારતની કુલ રાષ્ટ્રીય આવકમાં મેન્યુફેકચરીંગ અને ઈન્ડસ્ટ્રી તથા ખાણખનિજ અને રીયલ એસ્ટેટનો ફાળો ૨૫ ટકાની આજુબાજુ રહે છે. ભારતની કુલ રાષ્ટ્રીય આવકમા કૃષિક્ષેત્રનો ઘટતો જતો ફાળો ભારત માટે આશીર્વાદ સમાન સાબીત થયો છે. હવે ચોમાસાની નિષ્ફળતાને કારણે ભારતનું અર્થકારણ ભાગી પડતું નથી. ૨૦૧૪ અને ૨૦૧૫મા મોદી સરકાર હેઠળ ચોમાસુ લગભગ નિષ્ફળ ગયું હતું છતાં તે દરમિયાન મોદી સરકારે અનુક્રમે ૭.૨ ટકા અને ૮ ટકા આર્થીક વૃદ્ધિ દર સિદ્ધ કર્યો હતો. ૨૦૨૬માં પણ ભારતમા વરસાદની અછત વર્તાઈ છે અને વરસાદની અછત ૧૨.૬ ટકા અપેક્ષિત છે.

**ભારતમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે જે રોકાણ થવું જોઈએ તે થતું નથી**

**યુરોપની સમસ્યા આર્થિક ? શરણાર્થી ? કે અમેરિકાનું ડીપ સ્ટેટ ?**

# સસ્તા લેબરની મહા લાલચે મોંઘી સંસ્કૃતિ ગુમાવી રહેલા યુરોપના દેશો

યુરોપના મુખ્ય દેશો બ્રિટન, જર્મની અને ફ્રાંસ. આ ત્રણેય દેશો ઉપરાંત સ્પેન, બેલ્જીયમ, સ્વીડન જેવા નાના પણ સમૃદ્ધ દેશો આજે એવા સમયમાંથી પસાર થઈ રહ્યા છે કે તેમના પતન તરફ આગળ વધી રહ્યા છે એ તેમને પોતાને જ ખબર નથી.

બહારથી જોતા એવું લાગે છે કે ફ્રાંસમાં શાળાકીય સુવિધાઓના અભાવને કારણે આ આંદોલનો થઈ રહ્યા છે. પરંતુ અંદરખાને આ વાત જુદી રીતે ચર્ચાઈ રહી છે. જેના બે કારણો વિષે ચર્ચા થાય છે. એક મુસ્લિમ ઈમીગ્રેન્ટસ - શરણાર્થીઓ જેઓ સીરીયા, મોરેક્કો, આફ્રિકા જેવા દેશોમાંથી આવી રહ્યા છે. તેમને શરૂઆતમાં તો ખુબ સરસ આવકાર આપ્યો. તેઓ આવ્યા ત્યારે યુરોપિયનોને એમ હતું કે આપણને સસ્તું લેબર મળશે પરંતુ મોંઘી સંસ્કૃતિ ગુમાવી બેસશે એ તેમને ન હોતી ખબર. શરૂઆતમાં તો આ ઈમીગ્રેન્ટસ આવતા ત્યારે તેમને ભોજન, વાઈન અને પૈસા આપતા. ઉપરાંત યુરોપના અમુક દેશના કાયદા મુજબ તો દરેક શરણાર્થીઓને રહેવા ઘર આપવું ફરજિયાત છે અને જ્યાં સુધી કામ ન મળે ત્યાં સુધી રોજગારી ભથ્થું આપવું પણ ફરજિયાત છે. માનવતાવાદની પૂછડી પકડીને ચાલનાર યુરોપને ખબર ન હતી કે તેઓ કેટલી મોટી ગંભીર ભૂલ કરી રહ્યા છે. મારા એક મિત્ર જર્મનીમાં રહે છે તે વાત કરે છે કે અહિયાં એવી પરિસ્થિતિ નિર્માણ થઈ કે આ લોકોને આપવા ઘર નથી તો તેઓને હોટેલમાં રાખવામાં આવે છે. તેનો ભાર જર્મનીના સામાન્ય ટેક્સ પેયર ચુકવે છે. સામે પક્ષે શરણાર્થીને જો હોટલ નાની પડે છે તો કોર્ટમાં કેસ કરે છે કે અમને મોટી હોટલ આપો. તેમજ દરેક શરણાર્થી દીઠ બેકારી ભથ્થું આપવામાં આવે છે તે વ્યક્તિ દીઠ હોય છે. હવે જો શરણાર્થીને બે કે ત્રણ પત્ની હોય અને છ કે સાત બાળકો હોય તો દસ જણાના ફેમિલીને વ્યક્તિ દીઠ ૫૦૦થી ૭૫૦ યુરો એટલે કે સરેરાશ ૬૫૦૦ યુરો ( ભારતના અંદાજે રૂ.૭,૦૦,૦૦૦/-) હોટલ ઉપરાંત શિક્ષણ, હીટિંગનો ખર્ચ (રૂમ ગરમ રાખવાનો ખર્ચ) અને હેલ્થ ઈન્સ્યોરન્સ પણ અલગથી સરકાર આપે છે. આમ જોવા જાવ તો ૧૦૦૦ યુરો એટલે કે ૧૦ જણાના ફેમિલીને મહીને ૧૦૦૦૦ યુરો એટલે વર્ષે એક કરોડ ને વીસ લાખનો ખર્ચ જર્મનની સામાન્ય અને યુરોપના અન્ય દેશો ભોગવી રહ્યા છે. ઘણી વખત તો મૂળ યુરોપીયન ફેમીલી મહેનત કરીને પણ મહીને ૧૦૦૦૦ યુરો મહીને નથી કમાતું. જ્યારે આ લોકો મફતમાં જલસા કરે છે.

આટલી મોટી રકમ શરણાર્થીઓ પાછળ ખર્ચ્યા પછી સરકાર પાસે શિક્ષણ માટે કોઈ ફંડ વધતું નથી. આ જ રીતે સ્પેનમાં હવે રહેણાકનો મુદ્દો ઉભો થયો છે. બેલ્જીયમમાં મોઘવારીનો મુદ્દો ઉભો થયો છે. સરવાળે આ દરેકના મૂળમાં આ શરણાર્થીઓની સમસ્યા જ છે. આપણે ત્યાં કહેવત છે કે 'આ બેલ મુજે માર' જેવી સ્થિતિ યુરોપની થઈ છે.

બીજો એક દ્રષ્ટિ કોણ એવો પણ છે કે ફ્રાન્સે સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના વલણની આકરી ટીકા કરી અને સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'અમેરિકા ક્યારેક માનવાધિકારોની મશાલ ગણાતું હતું, પરંતુ હવે નથી રહ્યું.' ફ્રાન્સે અમેરિકાની સરખામણી સરમુખત્યાર દેશો સાથે કરી હતી. આ વિવાદ એટલો વધ્યો કે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની બેઠક દરમિયાન અમેરિકાના રાજદૂતો ફ્રાન્સના ભાષણ વચ્ચેથી જ બહાર નીકળી ગયા (વોક આઉટ કર્યો) હતા. વેનેઝુએલાના નેતા નિકોલાસ માદુરોની ધરપકડ અને ગ્રીનલેન્ડ પર અમેરિકાના દાવા જેવા નિર્ણયો પર યુરોપ અને ફ્રાન્સે નારાજગી વ્યક્ત કરી હતી. અને ઈઝરાયલ - ગાઝાના યુદ્ધનો વિરોધ તો ખુલીને કર્યો જ હતો. અમેરિકાના ડીપ સ્ટેટ દ્વારા ફ્રાન્સની ઝેન્ઝી અને વામપંથી કે શરણાર્થીઓ દ્વારા સ્કુલની અસુવિધાઓનાં બહાના હેઠળ વિરોધ પ્રદર્શનો કરાવ્યા.

સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે અમેરિકાની કેટલીક મહત્વની સૈન્ય અને આંતરરાષ્ટ્રીય નીતિઓનો સખત વિરોધ કર્યો છે. અમેરિકાના લશ્કરી વિમાનો માટે પોતાની એરસ્પેસ (આકાશ) પણ બંધ કરી દીધી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે નાટો દેશો પર પોતાના જીડીપીના ૫% જેટલો ભાગ સંરક્ષણ બજેટ પાછળ ખર્ચવાનું ભારે દબાણ કર્યું હતું. સ્પેને આટલો મોટો લશ્કરી ખર્ચ કરવાનો વિરોધ કર્યો. અમેરિકાની ઈઝરાયલ અને ઈરાન સાથેની યુદ્ધ નીતિનો સાથ ન આપ્યો. અમેરિકાના ડીપ સ્ટેટ દ્વારા ત્યા પણ ઝેન્ઝી અને વામપંથી કે શરણાર્થીઓ પાસે રહેણાકની સમસ્યા અંગે વિરોધ પ્રદર્શનો કરાવ્યા. થોડા સમય પહેલા મોરેક્કોથી હજારો લોકો સ્પેનમાં ઘુસી ગયેલા તેમાં પણ અમેરિકાનો હસ્તક્ષેપ હોવાની ચર્ચા થાય છે.

છેલ્લાં બે-ત્રણ વર્ષમાં એટલે કે ૨૦૨૪થી ૨૦૨૬ દરમિયાન બેલ્જિયમે અમેરિકાની વિદેશ નીતિઓ, રાજદ્વારી હસ્તક્ષેપ અને આંતરરાષ્ટ્રીય નિર્ણયો સામે તીવ્ર વિરોધ અને ચિંતા વ્યક્ત કરી છે. તો ત્યાં પણ મોઘવારી સામે પ્રદર્શનો શરુ થયા.

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ સેન્ટ માર્ટિન ટાપુ અમેરિકાને આપવાની ના પાડી દીધી હતી અને તેમની સત્તા કોઈ કારણ વગર વિદ્યાર્થીઓ આંદોલનમાં જતી રહી.

આમ યુરોપમાં શરણાર્થીઓની સમસ્યા છે કે તેમનો ઉપયોગ અમેરિકાનું ડીપ સ્ટેટ કરી રહ્યું છે કે યુરોપ ખરેખર આર્થિક કટોકટીની કગાર પર છે? આ પ્રશ્ન દરેક જીયોપોલીટીક્સના અભ્યાસુ વિચારી રહ્યા છે.

**માનવતાવાદની પૂછડી પકડીને ચાલનાર યુરોપને ખબર ન હતી કે તેઓ કેટલી મોટી ગંભીર ભૂલ કરી રહ્યા છે**

# વિવિધ પ્રકારના પોલિશીસ અંગે વિસ્તૃત માહિતી

**ઔદ્યોગિક માર્ગદર્શન**

■ ધીરૂ પારેખ

* પોલિશીસ એટલે શું ? : પોલિશીસ એટલે લીકવીડ અથવા સેમિ-લીકવીડ મિકસર છે જે સ્મૂથનેસ, સરફેશ પ્રોટેકશન અથવા ડેકોરટીવ ફીનિશીંગ આપે તેને પોલિશ કહેવાય છે. દરેક પોલિશ વેજીટેબલ વેક્સમાંથી બનાવી શકાય છે. જેવા કે કાર્નુબા અને કેન્ડેલીલા વેક્સ, સોફ્ટનર, ફીલર, પીગમેન્ટ, ઈમલસીફાયર, સોલવન્ટ અને આલકોહોલ પ્રકારના દ્રાવણો વાપરી પોલિશીસ બનાવી શકાય છે.

* કાર્નુબા વેકસ :- આ વેકસ સોલીડ ફોમમા હોય છે. જે યેલો તેમજ બ્રાઉન-ગ્રે કલરમાં હોયછે. તેનો મેલ્ટીંગ પોઈન્ટ ૮૪.૮૬ સે.ગ્રે. ઉષ્ણતામાને ઓગળે છે. આ વેક્સ પાણીમાં ઓગળતું નથી. જે ઈથર, બોઈલીંગ આલકોહોલ તેમજ આલકલીમાં ઓગળે છે.

* કેન્ડેલીલા વેક્સ :- આ વેક્સ સોલીડ ફોમમાં હોય છે. જે યેલો તેમજ બ્રાઉન કલરમાં હોય છે. તેનો મેલ્ટીંગ પોઈન્ટ ૬૭.૬૮ સે.ગ્રે. ઉષ્ણતામાને ઓગળે છે. આ વેક્સ પાણીમાં ઓગળતું નથી. જે કલોરોફોમ, ટર્પેનટાઈન, કાર્બન ટેટ્રા કલોરાઈડ, ટોલ્યુન અને આલકલીમાં ઓગળે છે.

* સોલવન્ટ :- સોલવન્ટ એટલે તેના મોલેકયુલર પદાર્થને ઓગાળે, યુનિફોમ ડીસપર્સ કરે તેને સોલવન્ટ કહેવાય છે. સોલવન્ટના પ્રકારમાં પોલાર અથવા નોન-પોલાર, જેમાં હાઈડ્રોકાર્બન સોલવન્ટ નોન-પોલાર હોય છે. બીજા પ્રકારના સોલવન્ટમાં ઈસ્ટર, ઈથર, કેટોન, એમાઈન, નાઈટ્રેટ અને ક્લોરીનેટેડ હાઈડ્રોકાર્બન હોય છે.

* ફીલર :- ફીલર એટલે એકજાતનું મિનરલ જે વજનમાં વધારો કરે, કોસ્ટ ડાઉન કરી, પ્રોડકટને સ્ટ્રકચર પુરુ પાડે છે. સાથે સરફેસ રબીંગમાં મદદ કરે છે. **(ક્રમશઃ)**

# પોર્ટલ ઉપર લોગીન કર્યું એટલે આદેશની જાણ થઈ તેમ ના કહેવાય

**વેચાણવેરો**

■ સોહમ મશરુવાળા

ઘણી વખત વેપારીથી GSTપોર્ટલ ઉપર ચઢાવેલ નોટીસ અથવા આદેશ જોવાના રહી જાય છે અને ૩૦ દિવસનો ગ્રેસ સમય વિતી ગયા બાદ વિલંબ માફ કરવામાં આવતો નથી અપીલ તબક્કે. આવી દલીલ જ્યારે કોર્ટ સમક્ષ કરવામાં આવે છે કે અમોને જાણ હતી નહી કે આદેશ ચઢાવવામાં આવ્યો છે તે સમયે આને અવગણના કરવા માટે ખાતુ તેમ દલીલ કરે છે કે પત્રક ભરવા માટે જો GST પોર્ટલ કાયમ ખોલી શકાય તો ઓર્ડર જોયો નથી તેમ કહી ના શકાય. આ તકરાર મા બોમ્બે હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થીત થઈ એલ્સ્ટર મિટરીંગ પ્રા.લી.વિ. સ્ટોટ ઓફ મહારાષ્ટ્ર ( W.P,No.12273/2026 તારીખ ૧૨.૧૦.૨૦૨૬) જેમા માન વડી અદાલત દ્વારા ખૂબ જ ઉમદા ચુકાદો આપ્યો છે.

**કેસની હકીકત**

અરજદારે મહાનગર ગેસ લિમિટેડને આશરે રૂ.૬૦.૬૫ લાખની રકમના ગેસ મીટર સપ્લાય કર્યા હતા. એક ઈન્વોઈસ હેઠળ બે વાહનમાં માલ મોકલવામાં આવ્યો હોવાથી બે ઈ-વે બીલ બનાવવામાં આવ્યું હતું. બન્ને ઈ-વે બીલમાં ઈન્વોઈસની સંપૂર્ણ કિંમત દર્શાવાઈ હતી. આના લીધે GSTR1 તથા ઈ-વે બીલની રકમ વચ્ચે તફાવત આવતા ૨૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ આદેશ પસાર કરી વેરો, વ્યાજ, દંડ વસુલાતા ખાતાએ DRC-07 GST પોર્ટલ ઉપર ચઢાવી દીધો. અરજદારને તેની જાણ ફેબ્રૂઆરી ૨૦૨૫માં થતા ડિલે કોન્ડોનેશન અરજી સાથે અપીલ દાખલ કરી. ડિલે કોન્ડોનના થતા માન. બોમ્બે હોઈકોર્ટ સમક્ષ રીટ દાખલ થઈ.

**અરજદારની દલીલ**

અરજદાર દ્વારા બોમ્બે હાઈકોર્ટના અગાઉ આપેલ ચૂકાદો T.S.Lines India Pvt. Ltd VS State of Maharashtra (2024) 15 Centax 273 (BON) ના કેસ ઉપર આધાર રાખી દલીલ કરી આદેશ 'additional notices and order section' મા હતો જેથી જાણ હતી નહીં. માટે કલમ ૧૦૭ (૧) હેઠળ આદેશની યોગ્ય જાણ કરી નથી.

**ખાતાની દલીલ**

કરદાતા એ જો નિયમ પત્રકો ભર્યા હોય GST પોર્ટલ ઉપર અને વેરો પણ ભરતા હોય તો તે પોર્ટલની કામગીરીથી વાકેફ છે. માટે આદેશની જાણ નથી તે અયોગ્ય છે.

**બોમ્બે હાઈકોર્ટનો ચૂકાદો**

કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું કે પત્રક ભરવાની જગ્યાએ આદેશ મૂકવાનો હોતો જ નથી. અધિકારીના આ અભિગમમાં મૂળભૂત ખામી દર્શાવી. આમ, આદેશની જાણ થઈ ગણાય નહીં. માત્ર પોર્ટલ ઉપર આદેશ અપલોડ કરવાથી કઈ યોગ્ય રીતે તેની બજવણી પૂરવાર થતી નથી. ટેકનીકલ પ્રક્રિયા કરતા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન વધુ મહત્ત્વનું છે.

# સાવધાન, મોંઘવારીના રાક્ષસનું દહન કરવાની મનાઈ છે...

**સ્માઈલ ઈન્ડેક્સ**

■ વ્યર્થશાસ્ત્રી

એક મેદાનમાં કેટલાક લોકો એક વિશાળ કદનું પૂતળું લઈને જતા હતા.

ત્યાં પોલીસની ગાડી સાયરન વગાડતી વગાડતી આવી...'હેય...ખબરદાર! આ શેનું પૂતળું છે? ક્યાં લઈ જાઓ છો? શું કરવાનું છે? મંજૂરી લીધી છે?'

ટોળામાંથી એક બોલ્યો. 'અરે પોલીસદાદા, તમને ખબર નથી? દશેરા આવી ગઈ છે?'

'હા, તો? દશેરા નજીક આવી હોય તો તમારા હાથમાં ફાફડા જલેબીનાં બોક્સ હોવાં જોઈએ, સાથે પેકિંગમાં ચટણી અને સંભારો હોવા જોઈએ. એવું તો કાંઈ તમારા હાથમાં દેખાતું નથી. એ વગર તમે દશેરા ઉજવવા નીકળ્યા છો એ કેવી રીતે માનવું? ફાફડા ને જલેબી વગર દશેરા કેવી ને વાત કેવી? ને આ પૂતળું શેનું છે? ફાફડાનું બનાવ્યું છે?' પોલીસદાદાએ સવાલોના તીર વરસાવ્યાં.

બીજો જણ કહે, 'ના,ના, સર ... આ પૂતળું ખાવાનું નથી, પણ બાળવાનું છે.'

તરત જ પોલીસની ટીમ સતર્ક થઈ ગઈ. એક જણ તો વાયરલેસ પર મેસેજ આપવા માંડ્યો.'હેલ્લો... હેલ્લો... ચાર્લી વન... અહીં એક ટોળું પૂતળું લઈને ફરી રહ્યું છે , દહન કરવાનો આઈડિયા છે. ક્યાંક આ પૂતળું ચૂંટણી કમિશનરનું તો નહીં હોય ને? કે પછી કોઈ નેતાજીનું? અમે આ લોકોને રાષ્ટ્રદ્રોહમાં એરેસ્ટ કરી લઈએ?'

**મોંઘવારીને અભયદાન છે, એને કોઈ કાળે નાબુદ થવા નહીં દેવાય**

આ બધી વાતચીત સાંભળી ટોળામાંથી ત્રીજો જણ દોડતો આવ્યો. 'અરે ભાઈ, તમે માનો છો એવું કાંઈ નથી. આ તો રાક્ષસનું પૂતળું છે, રાક્ષસનું. શું આ સરકારમાં કોઈ રાક્ષસનું પૂતળું બાળવાની પણ મનાઈ છે? શું સરકાર રાક્ષસોને બચાવવા માગે છે? શું અબ કી બાર , રાક્ષસો કી સંરક્ષક સરકાર?'

પોલીસવાળો ઉશ્કેરાઈ ગયો. 'ઓય મિ. ઓવરસ્માર્ટ! શું અમને રામાયણની સ્ટોરી ખબર નથી? રાક્ષસ રાવણને તો દસ માથાં હતાં. તમે લઈ જાઓ છો એ પૂતળાંનું તો એક જ માથું છે. સાચેસાચું બોલી દો કે રાક્ષસના નામે કે રાવણના નામે તમે કોના પૂતળાંનું દહન કરવા જાઓ છો?'



છેવટે ટોળાંમાંથી બીજો જણ કહે, 'અરે ભાઈ, મૂકોને લપ. તમને ખરું કહી દઉં? આ પૂતળું મોંઘવારીનું છે . મોંઘવારીને દસ માથાં નથી, પણ આજકાલ એનાથી વધારે ત્રાસ કોઈનોય નથી. અમે મોંઘવારીના રાક્ષસનું દહન કરવા જઈ રહ્યા છીએ.'

'વેઈટ...' ગૂંચવાયેલા કોન્સ્ટેબલે ફરી વાયરલેસ ચાલુ કર્યો. 'હેલ્લો... અહીં કેટલાક લોકો મોંઘવારીના રાક્ષસનું દહન કરવા જઈ રહ્યા છે? એ આપણે એલાઉ કર્યું છે?'

સામેથી જે જવાબ આવ્યો એ સાંભળીને કોન્સ્ટેબલ પણ ઢીલોઢસ થઈ ગયો. એ રડમસ અવાજે કહે, 'સોરી, અમે તમને આ પૂતળાંનું દહન નહીં કરવા દઈએ. અમારા ઉપરીઓને એમની પણ ઉપરથી મેસેજ છે કે સરકારે મોંઘવારીને અભયદાન આપ્યું છે. એને કોઈ કાળે નાબુદ નહીં થવા દેવાય. મોંઘવારીનાં પૂતળાં દહનની પણ મનાઈ છે. લોંગ લિવ મોંઘવારી...'

આ કોન્સ્ટેબલ પોતાની વાત પૂરી કરી રહે તે પહેલાં બાકીના પોલીસ કર્મચારીઓ પૂતળાંને ઝૂંટવી દોડવા લાગ્યા. આ જોઈ ટોળાએ નવાં સૂત્રો પોકાર્યાં, 'બહુત હુઈ મહંગાઈ કી માર, અબ કી બાર પૂતળાં સરકાર...'

આ સાંભળી પોલીસવાળા પૂતળું પડતું મૂકી ચાલતા થઈ ગયા.

**સ્માઈલ ટિપ**

**દેશમાં કોમન મેનનું નસીબ કુંભકર્ણ જેવું છે. જ્યારે જુઓ ત્યારે સુતેલું ને સુતેલું જ રહે છે!**


NPCI
भारतीय राष्ट्रीय भुगतान निगम
NATIONAL PAYMENTS CORPORATION OF INDIA
ALWAYS FORWARD
UPI
UNIFIED PAYMENTS INTERFACE
પેમેન્ટ કરતા પહેલાં જાણો કે પૈસા કોને મોકલી રહ્યા છો.
માત્ર એક સ્કેનમાં જાણો
1 MyUPI પર UPI ID દાખલ કરો અથવા UPI QR અપલોડ કરો.
2 અગાઉની ચુકવણીનો ઇતિહાસ અથવા વેપારી/વ્યવસાય વિશેની માહિતી જુઓ.
3 વિગતો તપાસો અને પછી ચુકવણી કરવાનો નિર્ણય લો.
MyUPI
AI Powered
Help for Payments, Mandates & Services
QR સ્કેન કરો અને MyUPI પર "Pay Safe" ફીચર અજમાવો.
નીચેના UPI એપ્સ દ્વારા સીધું MyUPI નો ઉપયોગ કરો:
BHIM
famapp
IND UPI
INDmoney
Jupiter
KVB
navi UPI
Paytm
PAYZAPP
PhonePe
super.money
UCO UPI BHIM
YES PAY NEXT
Yono SBI
ભાગ લેનારી બેંકો અને એપ્સ*
તમારી મનપસંદ UPI એપ દ્વારા MyUPIનો ઉપયોગ કરો. તમામ UPI એપ્સ અને બેંકોમાં થયેલી તમારી લેવડદેવડ અને ઓટોપે મેન્ડેટ્સ એક જ જગ્યાએ જુઓ.*

## બજારની વાત

### આસામ પૂર રાહત માટે વિશેષ ચેરિટી ટી લિલામ



આસામમાં પુર રાહત ભંડોળ ઉભું કરવા આસામના મુખ્ય પ્રધાને નવતર આઇડ્યા અપનાવ્યો હતો. ગુવાહાટી ટી ઓક્શન સેન્ટરની આ ઈવેન્ટમાં લિલામ દ્વારા રૂા. ૧.૬૧ કરોડ એકત્ર થયા હતા, જેમાં વધારાના રૂા. ૬૫ લાખના યોગદાન સાથે કુલ રકમ રૂા. ૨.૨૬ કરોડ થઈ ગઈ હતી.આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પોતે જ હવાલો સંભાળ્યો હતો. ગુવાહાટી ટી ઓક્શન સેન્ટર ખાતે યોજાયેલા એક વિશેષ ચેરિટી ટી લિલામમાં આસામમાં પૂર રાહત માટે ભંડોળ એકત્ર કરવા સમગ્ર ચા ઉદ્યોગ એકસાથે આવ્યો હતો. આ રકમ મુખ્યમંત્રી રાહત ફંડ, આસામમાં જશે.અનેક કંપનીઓએ બોલી બોલાવી હતી.આસામ ઉપરાંત, દાર્જિલિંગના બગીચા ગૂમટીએ પણ પોતાની ચાનું યોગદાન આપ્યું હતું. મુંબઈ, સુરત, અમદાવાદ અને દિલ્હીથી ખરીદદારો આવ્યા હતા.

### એન્જલ વનના દિનેશ ઠક્કર કોણ છે?

એન્જલ વનના સ્થાપક દિનેશ ઠક્કર જુહૂમાં આખો રેસિડેન્શિયલ ટાવર આશરે રૂા. ૭૧૧ કરોડમાં ખરીદવા સંમત થતા દેશના લોકોનું ધ્યાન તેમના તરફ ખેંચાયું છે. આ સોદાએ પરિવારના કાપડ વેપારથી લઈને ભારતનું સૌથી મોટું રિટેલ બ્રોકિંગ પ્લેટફોર્મ બનાવવા સુધીની તેમની સફર પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કર્યું છે.એન્જલ વનના સ્થાપક, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર દિનેશ ઠક્કર મુંબઈના જુહૂમાં આશરે રૂા. ૭૧૧ કરોડમાં આખો રેસિડેન્શિયલ ટાવર ખરીદવા સંમત થયા પછી સમાચારમાં આવ્યા છે. પરંતુ આ સ્ટોકબ્રોકિંગ ઉદ્યોગસાહસિક



પાછળની વાર્તા તેમની આ છેલ્લી લક્ઝરી પ્રોપર્ટી ખરીદી કરતાં ઘણી આગળ વધે છે.ઠક્કરે ધોરણ ૧૨ પછી અભ્યાસ છોડવા, તેમના પરિવારના કાપડના વ્યવસાયમાં શરૂઆત કરવા, શેરબજારમાં પ્રવેશ કરવા, બ્રોકરેજ બિઝનેસ ઊભો કરવા અને આખરે તેને ભારતના સૌથી મોટા રિટેલ બ્રોકિંગ પ્લેટફોર્મ્સમાંના એક 'એન્જલ વન'માં ફેરવવાની સફળતાની લોકો પ્રશંસા કરી રહ્યા છે.

### ઉત્તર પ્રદેશમાં રૂફટોપ સોલર ક્ષમતા ૩,૦૦૦ મેગાવોટ

ઉત્તર પ્રદેશમાં ૯,૦૦૦,૦૦૦ થી વધુ રૂફટોપ સોલર પ્લાન્ટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનાથી ક્ષમતા ૩,૦૦૦ મેગાવોટ થઈ ગઈ છે. અહીં દરરોજ ૯-૧૦ મેગાવોટનો ઉમેરો થાય છે અને અંદાજે ૧,૦૦૦,૦૦૦ સીધી રોજગારીની તકો ઊભી થઈ છે.રૂફટોપ સોલરના વિસ્તરણથી સોલર મોડ્યુલ્સ, ઈન્વર્ટર, બેટરી, કેબલ, માઉન્ટિંગ સ્ટ્રક્ચર્સ અને અન્ય સાધનોના પુરવઠા અને ઉત્પાદનને પણ ટેકો મળી રહ્યો છે.રૂફટોપ સોલર સિસ્ટમ્સના ઝડપી ઈન્સ્ટોલેશનથી ઉત્તર પ્રદેશની રૂફટોપ સોલર ક્ષમતા ૩,૦૦૦ મેગાવોટ (Mw) પર પહોંચી ગઈ છે, જેમાં અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં ૯,૦૦૦,૦૦૦ થી વધુ પ્લાન્ટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે 'પ્રધાનમંત્રી



સૂર્ય ઘર મુફ્ત બીજલી યોજના' હેઠળ પાત્ર લાભાર્થીઓને નિયત માર્ગદર્શિકાને આધીન કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રૂા. ૧.૦૮ લાખ સુધીની સબસિડી આપવામાં આવી રહી છે.

### 'ન્યૂ નોઈડા' વિકાસ યોજના

ઉત્તર પ્રદેશ સરકાર ઔદ્યોગિક વિકાસ અને કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરીને ૨૦૩૦ સુધીમાં ૫,૦૦૦,૦૦૦ થી ૬,૦૦૦,૦૦૦ નોકરીઓનું લક્ષ્ય રાખીને ૨૦,૦૦૦ હેક્ટરમાં ન્યૂ નોઈડા વિકસાવવાની યોજના ધરાવે છે. નોઈડા ઓથોરિટી ઔદ્યોગિક રોકાણને આકર્ષવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવા અને ૨૦૩૦ સુધીમાં ૬,૦૦૦,૦૦૦ સુધી નોકરીઓ ઊભી કરવા માટે ૨૦,૦૦૦



હેક્ટરમાં 'ન્યૂ નોઈડા' વિકસાવવાની યોજના ધરાવે છે. વધતી જતી રહેણાંક અને ઔદ્યોગિક માંગને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશ સરકારે નોઈડાનો વિસ્તાર કરવાનો નિર્ણય લીધો છે. ન્યૂ ઓખલા ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટીએ 'ન્યૂ નોઈડા' નામના મુખ્ય વિસ્તરણની યોજના ઘડી છે, જેનો ઉદ્દેશ્ય આ ક્ષેત્રને અગ્રણી દેશી અને વૈશ્વિક રોકાણ સ્થળ તરીકે વિકસાવવાનો છે.

### ચીન સાથેની વેપાર ખાધ સતત વધી રહી છે

અમેરિકામાં નિકાસમાં થયેલો વધારો ભારતીય વ્યવસાયો માટે મહત્વપૂર્ણ છે. દરમિયાન, ભારત-અમેરિકા વેપાર કરારનો પ્રથમ તબક્કો પણ પૂર્ણ થવાના આરે છે.ચીન સાથે ભારતની વેપાર ખાધ $૧૧૨.૬ બિલિયન પર છે, અને અમેરિકામાં નિકાસ $૫૦.૮૧ બિલિયન સુધી પહોંચી ગઈ છે.ટેરિફ સંબંધિત વિક્ષેપો છતાં યુનાઇટેડ સ્ટેટ્સમાં ભારતની નિકાસ વધી રહી છે. સાથે જ, ચીન ખાતેની નિકાસ વધુ ઝડપથી વધી રહી છે, પરંતુ બેઇજિંગ સાથેની વેપાર ખાધ સતત વ્યાપક બની રહી છે.



તાજેતરના આંકડાઓ એક સંકેત આપે છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના વેપાર આંકડા મુજબ, એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અમેરિકામાં ભારતની મર્ચેન્ડાઇઝ નિકાસ $ ૫૦.૮૧ બિલિયને પહોંચી છે, જે એક વર્ષ અગાઉ $ ૪૫.૭૩ બિલિયન હતી. આ આશરે ૧૧.૧ ટકાનો વધારો છે.

### ચેન્નાઈ મેટ્રોની મુસાફરી દરમિયાન સ્ટાર્ટઅપની પણ સવાર

વિન્સેન લેબ્સના સ્થાપક તેજસ પાર્થસારથિ સુદર્શન પાસે વિદ્યાર્થીઓ વ્યવહારુ અનુભવ કેવી રીતે મેળવી શકે અને સરકારી સેવાઓને સરળતાથી કેવી રીતે એક્સેસ કરી શકાય તે સમજાવવા માટે આશરે ૯૦ સેકન્ડનો સમય હતો.૧૧ ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચેન્નઈ



મુલાકાત દરમિયાન તેમને આ તક મળી હતી. સુદર્શન એક ઉદ્યોગસાહસિક છે જેમણે વિન્સેન લેબ્સની સ્થાપના કરી હતી, જે એપ્લાઇડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર કામ કરતું સ્ટાર્ટઅપ છે. કંપની શરૂ કરતા પહેલા, તેમણે કેપીએમજી ઈન્ડિયામાં કામ કર્યું હતું અને 'ફેનપિટ' નામના ઈવેન્ટ્સ અને કમ્યુનિટી પ્લેટફોર્મની સ્થાપના કરી હતી.વડાપ્રધાનની ચેન્નઈ મુલાકાત દરમિયાન મોદી સાથે વાતચીત કરવા માટે પસંદ કરાયેલા ૧૭ સ્ટાર્ટઅપ સ્થાપકોમાં તેઓ સામેલ હતા.

## ટીવીએસ મોટરનું મૂલ્ય ૧,૮૩,૩૮૪ કરોડ અને સુંદરમ ક્લેટનનું ૨,૩૪૩ કરોડ રૂપિયા

# ટીવીએસ ગૃપમાં વહિવટી વિવાદ

## પિતા-પુત્ર v/s માતા-પુત્રી

# પરિવાર પાસે TVS હોલ્ડિંગ્સનો ૭૪.૪૫% હિસ્સો..

ભારતમાં કોર્પોરેટ કંપનીના વારસદારો વચ્ચેના અનેક વિવાદો જોવા મળ્યા છે. પરંતુ ટીવીએસ ગૃપના વિવાદમાં વિચિત્રતા છેકે એક તરફ મા-બેટી છે તો સામે છેડે પિતા-પુત્ર છે. બંને જોડી વચ્ચેના મતભેદો એક સમયે ઘરમાં ચાલતા હતા. ત્યારબાદ તે કંપનીના બોર્ડરૂમમાં પહોંચ્યા હતા અને હવે કોર્ટના દ્વારે પહેંચી રહ્યા છે. કોર્ટે ચઢતા પહેલાં સમાચાર માધ્યમોમાં ચર્ચાવા લાગ્યા છે.

**કોર્પોરેટ પ્લસ**

**ગણેશ દત્તા**

TVS પરિવારની આંતરિક તિરાડ સુંદરમ ક્લેટન (Sundaram Clayton) ના બોર્ડરૂમ સુધી પહોંચી છે. વેણુ શ્રીનિવાસને ગવર્નન્સની કમાન સંભાળી, લક્ષ્મીને બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું આ વિવાદમાં પરિવાર બે ભાગમાં વહેંચાઈ ગયો છે : એક તરફ વેણુ શ્રીનિવાસન અને તેમના પુત્ર સુદર્શન વેણુ છે, તો બીજી તરફ તેમના પત્ની મલ્લિકા શ્રીનિવાસન અને પુત્રી લક્ષ્મી વેણુ છે.

આ વિવાદના કારણે સુંદરમ ક્લેટનમાં નિયંત્રણ અને ગવર્નન્સ અંગેનું ટેન્શન સતત વધી રહ્યું છે. નવો વળાંક આવ્યો છે. સુંદરમ ક્લેટન એ TVS મોટરની હોલ્ડિંગ કંપની છે. કોણ શું સંભળાશે તે વિવાદ બોર્ડરૂમના ઘાંટાઘાંટમાં પરિણમ્યો છે.

વિવાદ એવો ચાલે છે કે માત્ર ત્રણ દિવસમાં, બોર્ડની બેઠક બે વાર યોજવી પડી હતી. પહેલી બેઠકમાં કંપની સેક્રેટરી પી.ડી. દેવ કિશનનું રાજીનામુ સ્વીકારવામાં આવ્યું, પરંતુ ગયા સોમવારે યોજાયેલી બીજી બેઠકમાં તે નિર્ણયને તાત્કાલિક પાછો ખેંચી લેવામાં આવ્યો. બોર્ડની પહેલી બેઠક ઉતાવળમાં બોલાવવામાં આવી હતી. જેમાં લક્ષ્મી વેણુએ કંપની સેક્રેટરી દેવને હટાવવાનો નિર્ણય પાસ કરાવ્યો હતો. એવું માનવામાં આવે છે કે લક્ષ્મી વેણુએ એવો આક્ષેપ કર્યો હતો કે કંપની સેક્રેટરી ટીવીએસ ગ્રુપ સર્વિસિસમાંથી આવે છે અને તે વિશાળ સ્થાપિત જૂથ સાથે જોડાયેલા છે, માટે તે ના જોઈએ. પરંતુ ઠવાડિયામાંજ ફરી બોલાવેલી બેઠકમાં તે રાજીનામું પાછું ખેંચવામાં આવ્યું હતું. જોકે બે વાર બોર્ડ બેઠક અને સેક્રેટરી જેવી મહત્વની પોસ્ટ પર બેઠેલાના રાજીનામાની વાતની તપાસ સેબીના કાન સુધી પહોંચી છે. કહે છેકે વેણુ શ્રીનિવાસન પાસે સેબીએ સ્પષ્ટતા પણ માંગી છે.

આ વિવાદ એટલા માટે પણ ચર્ચામાં છે કારણ કે બંને ભાઈ-બહેનો સાથે જોડાયેલી કંપનીઓની બજાર કિંમતમાં મોટો તફાવત છે. ટીવીએસ મોટર કંપનીની માર્કેટ કેપિટલાઈઝેશન આશરે ૧.૮૩ લાખ કરોડ રૂપિયાની છે તો સુંદરમ-ક્લેટન (Sundaram-Clayton)ની માર્કેટ કેપિટલાઈઝેશન આશરે ૨,૩૪૩ કરોડ રૂપિયાની છે. અહીં પરિવારનું વિભાજન કેવી રીતે કરાયું છે તે પણ જોઈએ. આટલા મોટા આર્થિક તફાવતના કારણે ન્યાયી વહેંચણી અને પારદર્શક મૂલ્યાંકનને લઈને પ્રશ્નો ઊભા થયા છે. વેણુ શ્રીનિવાસન પોતે તેઓ ટીવીએસ મોટર કંપનીના ચેરમેન એમેરિટસ છે. મલ્લિકા શ્રીનિવાસન તેઓ વેણુના પત્ની અને ટ્રેક્ટર્સ એન્ડ ફાર્મ ઈક્વિપમેન્ટ લિમિટેડ (TAFE) ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. જ્યારે સુદર્શન વેણુ આ દંપતીના પુત્ર છે. તેઓ ટીવીએસ મોટર કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તેમજ TVS હોલ્ડિંગ્સના એમડી છે.

લક્ષ્મી વેણુ આ દંપતીની પુત્રી છે. તેઓ સુંદરમ-ક્લેટનના મેનેજિંગ ડિરેક્ટર અને TAFE ના વાઇસ ચેરપર્સન છે. તેમનું માનવું છે કે માત્ર મેનેજમેન્ટની જવાબદારી મળવાથી પારિવારિક સંપત્તિમાં આર્થિક માલિકીના અધિકારોનો નિકાલ થઈ જતો નથી.

સુંદરમ ક્લેટન, જેણે ત્રણ વર્ષ પહેલાં પોતાનું સત્તાવાર નામ બદલીને 'TVS હોલ્ડિંગ્સ' કર્યું હતું, તેણે આર. ગોપાલનના રાજીનામા પછી તાત્કાલિક અસરથી વેણુ શ્રીનિવાસનને તેના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે પુનઃનામાંકિત કર્યા છે.

ચર્ચા અનુસાર શ્રીનિવાસન, જેઓ ૨૦૨૨માં ચેરમેન એમેરિટસ બન્યા હતા, તેમણે ગવર્નન્સના બાબતો પર પોતાની દેખરેખ ચાલુ રાખી છે. બિઝનેસમાં તેમના સંતાનો કામ કરતા હતા પરંતુ મુખ્ય સંચાલન શ્રીનિવાસન જ કરશે. તેમની સલાહ લીધા વિના આ અંગે કોઈ નિર્ણયો લઈ શકાતા નહોતા.

લેટેસ્ટ બોર્ડરૂમ વિવાદે પરિવારના ઊંડા મતભેદો પર પણ બહાર આવ્યા છે. શ્રીનિવાસન તેમના પુત્ર સુદર્શન વેણુ તરફ વધુ ઝુકાવ ધરાવે છે, જ્યારે પુત્રી લક્ષ્મી વેણુ તેમની માતા મલ્લિકા શ્રીનિવાસન સાથે વધુ જોડાયેલા માનવામાં આવે છે.

૨૦૨૨માં, શ્રીનિવાસને પ્રોફેશનલ આર. ગોપાલનને સ્વતંત્ર ચેરમેન તરીકે લાવ્યા હતા અને તેમની પુત્રી લક્ષ્મી વેણુને કામગીરીનું સંચાલન સોંપ્યું હતું. સુદર્શન વેણુ પહેલાથી જ TVS મોટર કંપનીનું નેતૃત્વ કરી રહ્યા હતા.

આ કૌટુંબિક વ્યવસ્થા દ્વારા ગ્રુપના મુખ્ય બિઝનેસને વિભાજિત કરવામાં આવ્યે હતો. સુદર્શન વેણુ હેઠળ TVS મોટર અને લક્ષ્મી વેણુ હેઠળ સુંદરમ ક્લેટન. પરંતુ આ વિભાજન કાગળ પર જેટલું સરળ હતું, વ્યવહારમાં તેનાથી વધુ જટિલ સાબિત થયું હતું. TVS મોટરની હોલ્ડિંગ કંપની તરીકે સુંદરમ ક્લેટનની ઐતિહાસિક સ્થિતિને કારણે સોર્સિંગ, સંબંધો અને મેનેજમેન્ટ પ્રક્રિયાઓમાં એકબીજા પર નિર્ભરતા થઈ છે, જેના કારણે સ્પષ્ટ નિર્ણયો લઈ શકાતા નહોતા.

અહીં મહત્વની વાત એ છે કે કંપનીના શેરો કોની પાસે છે? પરિવાર સુંદરમ-ક્લેટનના ૫૯.૦૯% હિસ્સો ધરાવે છે. વીએસ ટ્રસ્ટ, જેમાં વેણુ શ્રીનિવાસન એકમાત્ર ટ્રસ્ટી છે, તે ૪૬.૮૩% હિસ્સો ધરાવે છે, જ્યારે એક પરિવારના અન્ય એક સાહસ TSF ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડ દ્વારા ૬.૮૭% હિસ્સો ધરાવે છે. શ્રીનિવાસન વ્યક્તિગત રીતે ૪.૩૮% ધરાવે છે, અને મલ્લિકા તથા લક્ષ્મી અનુક્રમે ૦.૨૬% અને ૦.૭૫% ધરાવે છે.



તસ્વીરમાં વેણુ શ્રીનિવાસન અને તેમના પુત્ર સુદર્શન વેણુ છે, તો બીજી તરફ તેમના પત્ની મલ્લિકા શ્રીનિવાસન અને પુત્રી લક્ષ્મી વેણુ.

**લક્ષ્મી વેણુ ડાઈ-કાસ્ટિંગ વ્યવસાય સંભાળે છે, સુદર્શન TVS મોટરને નિયંત્રિત કરતી હોલ્ડિંગ કંપની સંભાળે છે, TVS મોટરમાં, શ્રીનિવાસન ચેરમેન એમિરિટસ છે અને સુદર્શન ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર છે**

# ટોચની કંપનીઓના કૌટુંબિક વિવાદો...કે.કે. મોદી ટુ કલ્યાણી પરિવાર

ભારતમાં પરિવારની માલિકીની કંપનીઓ અર્થતંત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ છે, પરંતુ તે ઘણીવાર વારસા અને વહિવટી સંબંધીત ગંભીર વિવાદોમાં અટવાયેલી જોવા મળે છે. અનેક કંપનીઓના કુટુંબીઓ કોર્ટે ચઢેલા છે. ભારતની કોર્પોરેટ કંપનીઓના ઝગડા અને વિવાદો અવાર નવાર સમાચાર માધ્યમોમાં છવાયેલા રહે છે. નોંધપાત્ર કૌટુંબિક ઝઘડાઓમાં કે.કે. મોદી, ઓબેરોય, કલ્યાણી અને મુરુગપ્પા પરિવાર વચ્ચેના વિવાદોનો સમાવેશ થાય છે. હાલમાં ટીવીએસ પરિવારનો વિવાદ બહાર આવ્યો છે.

જોકે આ આંકડા આ વ્યવસાયિક પરિવારોના સભ્યો વચ્ચે ટ્રસ્ટ, ભાઈચારા અને પરસ્પર આદરનું પ્રભાવશાળી ચિત્ર રજૂ કરે છે, પરંતુ પરિસ્થિતિ હંમેશા સરળ અને સુંદર હોતી નથી. અહીં કેટલાક બહુ ચગેલા વિવાદોને સ્થાન આપવામાં આવ્યું છે.

**કે.કે. મોદી કૌટુંબિક વિવાદ : સત્તાની લડાઈ અને તૂટેલા સંબંધો**

કે.કે. મોદી પરિવારનો વિવાદ ૨૦૨૪માં બહુ ચગ્યો હતો. જેણે સંપત્તિ, વારસો અને મહત્વાકાંક્ષાના મુદ્દાઓને પ્રકાશમા લાવ્યા હતા. આ લડાઈના કેન્દ્રમાં દેશની બીજા ક્રમની સૌથી મોટી તમાકુ કંપની ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા (જેની કિંમત લગભગ ૧૧,૦૦૦ કરોડ રૂપિયા છે)ના ૮૦ વર્ષીય ચેરપર્સન બીના મોદી છે, જેઓ તેમના બે પુત્રો સમીર મોદી અને લલિત મોદી (આઈપીએલના ભૂતપૂર્વ બોસ) સામે ટકરાયા છે.

આ વિવાદ પરિવારના વડા કે.કે. મોદીનું ૨૦૧૯માં અવસાન થયા પછી શરૂ થયો હતો, જેમાં તેઓ એક વસિયતનામું છોડી ગયા હતા જે ટૂંક સમયમાં જ વિવાદનું કારણ બન્યું હતું. વિલમાં પ્રસ્તાવ હતો કે કે.કે. મોદીની સંપત્તિ તેમની પત્ની અને ત્રણ બાળકો વચ્ચે સરખા ભાગે વહેંચવામાં આવે. જોકે, સમીર મોદીએ ફેબ્રુઆરી ૨૦૨૪માં



મોદી પરિવાર

મુકદમો દાખલ કર્યો હતો, જેમાં તેમની માતા પર ટ્રસ્ટની શરતોનું ઉલ્લંઘન કરવાનો અને કંપનીની બાબતોમાં ગેરરીતિ આચરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

સમીર મોદીએ બીના મોદી પર એકતરફી રીતે કંપનીનું સંચાલન કરવાનો પણ આરોપ મૂક્યો હતો. શરૂઆતમાં, સમીરે તેમની બહેન ચારુ મોદી સાથે મળીને કૌટુંબિક ટ્રસ્ટની જાળવણીમાં તેમની માતાને ટેકો આપ્યો હતો. બીજી તરફ, લલિત મોદીએ શરૂઆતથી જ ટ્રસ્ટનો વિરોધ કર્યો હતો અને ગોડફ્રે ફિલિપ્સના વેચાણ સાથે તેનું તાત્કાલિક વિસર્જન કરવાની માંગ કરી હતી. સમય જતાં, સમીર મોદીએ તેમના ભાઈ લલિત સાથે હાથ મિલાવ્યા, જેથી વિવાદ વધુ ઉગ્ર બન્યો.

શેરધારકોએ સમીર મોદીનું બોર્ડ પદ ખાલી રાખવાના નિર્ણયને પણ મંજૂરી આપી, જે કંપનીમાં તેમના સ્થાન માટે મોટો ઝટકો હતો.

કે.કે. મોદી પરિવારનો આ વિવાદ ભારતના પરિવારની માલિકીના વ્યવસાયો માટે એક ચેતવણી સમાન છે. જ્યારે આ સાહસો ઘણીવાર એકતા અને વહેંચાયેલા વિઝન પર ખીલે છે, ત્યારે નિયંત્રણ અને વારસા પરના વિવાદો મજબૂત સંબંધોને પણ તોડી શકે છે, જેનાથી રોકાણકારો, કર્મચારીઓ અને શેરધારકો અનિશ્ચિતતાની સ્થિતિમાં મુકાઈ જાય છે.

**ઓબેરોય કૌટુંબિક વિવાદ : વિલ અને ૪૯,૦૦૦ કરોડની સંપત્તિ**

નવેમ્બર ૨૦૨૩માં પ્રખ્યાત હોટેલિયર પૃથ્વી રાજ સિંહ (પીઆરએસ) ઓબેરોયના અવસાન પછી, આ વર્ષની શરૂઆતમાં ઓબેરોય પરિવારની ગાથા વધુ વણસી હતી, જેમણે પ્રતિષ્ઠિત ઓબેરોય અને ટ્રાઈડેન્ટ હોટેલ ચેઈન્સનું નિર્માણ કર્યું હતું. અન્ય વ્યાપારી પરિવારોની જેમ, વારસાનો આ મુદ્દો



ઝડપથી કોર્ટરૂમની લડાઈમાં ફેરવાઈ ગયો. આઈકોનિક હોટેલ સામ્રાજ્યનું સંચાલન કરતી પેરન્ટ કંપની ઇઆઇએચ લિમિટેડમાં નોંધપાત્ર હિસ્સાના નિયંત્રણને લઈને પરિવારના સભ્યો વચ્ચે ઝઘડો શરૂ થયો.

આ વિવાદના કેન્દ્રમાં પીઆરએસ ઓબેરોયની બીજી પત્નીથી થયેલી પુત્રી અનાસ્તાસિયા ઓબેરોય અને તેના સાવકા ભાઈ-બહેન વિક્રમજીત ઓબેરોય, નતાશા ઓબેરોય અને પિતરાઈ ભાઈ અર્જુન ઓબેરોય છે. આ કાનૂની લડાઈ બે સ્પર્ધાત્મક વિલ - એક ૧૯૯૨માં અને બીજી ૨૦૨૧માં બનાવવામાં આવી હતી - તેમજ ઓગસ્ટ ૨૦૨૨માં દાખલ કરાયેલા વસિયતનામાનો સુધારા વિશે છે.

નવેમ્બર ૨૦૨૪માં, કંપનીની વાર્ષિક સામાન્ય સભા (AGM) પહેલાં જ, અનાસ્તાસિયાએ દિલ્હી હાઈકોર્ટમાં અભિગમ અપનાવ્યો હતો, જેમાં ઓબેરોય હોટેલ્સ અને ઓબેરોય પ્રોપર્ટીઝના ડિરેક્ટર તરીકે તેના સાવકા ભાઈ-બહેન વિક્રમજીત અને નતાશા અને પિતરાઈ ભાઈ અર્જુન સિંહ ઓબેરોયની પુનઃનિયુક્તિ સહિતની એજીએમના વિવિધ એજન્ડા આઈટમ્સ પર સ્ટે માંગ્યો હતો.

**કલ્યાણી કૌટુંબિક વિવાદ : એક માતૃશ્રીના વિલ અને યુદ્ધમાં ભાઈ-બહેન**

નીલકંઠરાવ એ. કલ્યાણી એ ભારતીય ઉદ્યોગપતિ અને કલ્યાણી ગ્રુપ (તથા ભારત ફોર્જ (Bharat Forge) ના સ્થાપક હતા કલ્યાણી પરિવારનો વિવાદ અણઉકેલાયેલી કૌટુંબિક વ્યવસ્થા અને અપૂરતા કાનૂની દસ્તાવેજોનો એક વિશિષ્ટ કિસ્સો છે, જે હવે કડવા કોર્પોરેટ અને કાનૂની યુદ્ધમાં ફેરવાઈ રહ્યો છે. ભારત ફોર્જ (Bharat Forge) ની સ્થાપના ૧૯૬૧ માં નિલકંઠરાવ એ. કલ્યાણી દ્વારા કરવામાં આવી હતી, જે ઓટોમોટિવ, એનર્જી, ડિફેન્સ અને એરોસ્પેસમાં સાહસો સાથે વૈશ્વિક સમૂહ તરીકે ઉભરી આવી છે. જો કે, આ વારસો હવે એક ભાઈ-બહેનના વિવાદથી છવાયેલો છે જે પરિવારને વધુ વિભાજિત કરી શકે છે.

ફેબ્રુઆરી ૨૦૨૩માં પરિવારના માતૃશ્રી સુલોચના કલ્યાણીના અવસાન બાદ આ વિવાદ ફાટી નીકળ્યો હતો. હિકલ લિમિટેડના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુગંધા હિરેમઠના જણાવ્યા અનુસાર, ભારત ફોર્જના સીએમડી તેમના ભાઈ બાબા કલ્યાણી, તેમને અને તેમના પતિ જયદેવ હિરેમઠને હિકલના મેનેજમેન્ટમાંથી 'હાંસિયામાં ધકેલવા અને બહાર કાઢવા'નો પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે હિરેમઠ પરિવાર હિકલમાં ૩૫% હિસ્સો ધરાવે છે, બાબા કલ્યાણી ૩૪% ધરાવે છે, જે કંપનીનું નિયંત્રણ આ વિવાદનો મુખ્ય મુદ્દો હતા.

'રજૂ કરાયેલી વિલ સંપૂર્ણપણે વિરોધાભાસી છે અને તેને માન્ય ગણી શકાય નહીં,' તેણીએ કોર્ટમાં દલીલ કરી હતી.

**મુરુગપ્પા કૌટુંબિક વિવાદ : સત્તા, સંપત્તિ અને જાતિ સમાનતા**

'જે માણસ પોતાના પરિવાર સાથે સમય વિતાવતો નથી તે ક્યારેય અસલી માણસ બની શકતો નથી,' ફ્રાન્સિસ ફોર્ડ કોપોલાની ઓસ્કાર વિજેતા ક્લાસિક 'ધ ગોડફાધર'માં ડૉન વિટો કોર્લિયોન કહે છે. જ્યારે ફિલ્મોમાં મોટા પરિવારો ઘણીવાર એકતા દર્શાવે છે, વાસ્તવિક જીવનમાં, ખાસ કરીને ભારતના કોર્પોરેટ પરિવારોમાં, અપાર સંપત્તિ પરના વિવાદો ખરાબ રૂપ ધારણ કરી શકે છે. મુરુગપ્પા પરિવાર, ભારતના સૌથી આદરણીય વ્યાપારી વંશજોમાંનો એક, આમાં કોઈ અપવાદ નથી.

સ્વર્ગસ્થ એમ.વી. મુરુગપ્પનની પુત્રીઓ વલ્લી અરૂણાચલમ અને વેલ્લાચી મુરુગપ્પને તેમના પુરુષ સંબંધીઓ સાથે સમાનતાની માંગ કરી હોવાથી, જેમાં $૯ બિલિયનના મુરુગપ્પા ગ્રુપની હોલ્ડિંગ કંપની અંબાડી ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડ (AIL) ના બોર્ડમાં સીટનો સમાવેશ થાય છે, ૨૦૧૭માં કૌટુંબિક ઝઘડો ફાટી નીકળ્યો હતો. સો વર્ષથી વધુ સમયથી, પરિવારે પાંચ પેઢીઓથી સંવાદિતાપૂર્વક સાથે મળીને કામ કર્યું હતું. પરંતુ સમાનતાની આ માંગે એક મોટી તિરાડ ખુલ્લી પાડી. ભારતભરના કૌટુંબિક વ્યવસાયો માટે ઉપરોક્ત કિસ્સાઓ કેસ સ્ટડી તરીકે પણ કામ કરશે.

## ભારતમાં સ્ટીલની માગમાં વૃદ્ધિ સામે ચીનમાં ઘટ્યાના સંકેતો

દેશમાં આયર્ન એન્ડ સ્ટીલ (લોખંડ-પોલાદ) બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. સામાન્યપણે ચોમાસા દરમિયાન દેશમાં બાંધકામ ક્ષેત્રે તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ચહલપહલ ઘટતી હોય છે તથા આ ગાળામાં સ્ટીલ બજાર તથા સિમેન્ટ બજારમાં નવી માગ ધીમી પડતી હોય છે એવું બજારના જાણકારોએ જણાવ્યું હતું. જોકે હવે વરસાદની વિદાય વચ્ચે બાંધકામ પ્રવૃત્તિઓ ફરી વધવાની ગણતરી વચ્ચે સ્ટીલ તથા સિમેન્ટ બજારમાં ચહલ- પહલ તથા માગ ફરી વધતી જોવા મળી હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, ભારતમાં વર્તમાન વર્ષ ૨૦૨૬માં સ્ટીલની માગ આશરે આઠ ટકા વધી ૧૭૨૪ લાખ ટન થવાનો અંદાજ વર્લ્ડ

**દેશમાં સ્ટીલની ઉત્પાદન ક્ષમતા હાલ વાર્ષિક ૨૨૦૦ લાખ ટન છે**

સ્ટીલ એસોસીએશન દ્વારા બતાવવામાં આવ્યો છે. વર્તમાન વર્ષ ઉપરાંત ૨૦૨૭ના આગામી વર્ષમાં પણ ભારતમાં સ્ટીલની માગ ઉંચી રહેવાની ગણતરી સૂત્રોએ દર્શાવી હતી. દેશમાં ૨૦૨૭ના નવા વર્ષમાં સ્ટીલની માગ વધુ ૮ ટકા વધી ૧૮૬૨ લાખ ટન સુધી પહોંચવાની ગણતરી આ સૂત્રોએ દર્શાવી હતી. જોકે વૈશ્વિક સ્તરે ચીનમાં આ વર્ષે પ્રોપર્ટી બજારમાં પીછેહટ તથા અમેરિકાના ટેરીફ અને ત્યારબાદના યુધ્ધના માહોલમાં સ્ટીલની વૈશ્વિક માગ ૨૦૨૬માં ધીમી પડી હતી જ્યારે આથી વિપરીત ભારતમાં સ્ટીલની માગ ઉંચી જતી જોવા મળી છે. દેશમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે વિકાસ માટે સરકાર એકટીવ રહેતાં તથા રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ પ્રગતીએ વેગ પકડતાં ભારતમાં આ વર્ષે સ્ટીલની માગ વિશેષ જોવા મળી હોવાનું જાણકારોએ જણાવ્યું હતું. દેશમાં મેન્યુફેકચરીંગ તથા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટોમાં પણ સ્ટીલની માગ વર્ષે વધતી જોવા મળી છે. વિવિધ ક્ષેત્રે ઉત્પાદન ક્ષમતાઓ વધતાં તેના પગલે પણ ઘરઆંગણે સ્ટીલ



(લોખંડ)ની માગમાં વિશેષ વૃધ્ધિ દેખાઈ છે.

વૈશ્વિક સ્તરે સ્ટીલની માગ ૨૦૨૬માં ૧૭૨થી ૧૭૩ કરોડ ટન આસપાસ રહેવાનો અંદાજ વ્યક્ત કરાયો છે ત્યારે ૨૦૨૭માં આવતા વર્ષમાં સ્ટીલની વૈશ્વિક માગ સાધારણ વધી ૧૭૫થી ૧૭૬ કરોડ ટન થવાની ગણતરી જાણકારોએ દર્શાવી હતી. ચીનમાં આ વર્ષે સ્ટીલની માગમાં આશરે બે ટકાની પીછેહટ જોવા મળી છે. ત્યાં ૨૦૨૭માં પણ સ્ટીલની માગ ધીમી રહેવાની શક્યતા વિશ્વબજારના સૂત્રો દર્શાવી રહ્યા હતા. ભારતમાં તાજેતરમાં વિજળીના ધાંધીયા તથા પાણીની અછત ઉપરાંત કોલસાની સપ્લાય પણ અપેક્ષાથી ઓછી રહેતાં દેશમાં સ્ટીલના ઉત્પાદનમાં તાજેતરમાં પીછેહટ દેખાઈ હતી સામે માગ સારી રહેતાં સ્ટીલની બજાર ભાવ તાજેતરમાં ઉંચા જતા દેખાયા હતા. ભારતમાં ૨૦૨૬- ૨૭ના વર્તમાન નાણાંવર્ષમાં પ્રથમ છ મહિનાના ગાળામાં સ્ટીલના વપરાશમાં ૭.૫૦ ટકાની વૃધ્ધિ નોંધાઈ છે. આ ગાળામાં ભારતમાં ફિનીશ્ડ સ્ટીલની માગ વધી આશરે ૮૫૦ લાખ ટનને આંબી ગઈ હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. આ ગાળામાં દેશમાં કાચા (ક્રૂડ) સ્ટીલનું ઉત્પાદન આશરે ત્રણ ટકા વધી ૮૫૧ લાખ ટન નોંધાયું છે. ફિનીશ્ડ સ્ટીલની આયાત ૨૩થી ૨૪ ટકા વધી ૪૧થી ૪૨ લાખ ટન નોંધાઈ છે. જ્યારે નિકાસ ૨૬થી ૨૭ ટકા વધી ૩૫થી ૩૬ લાખ ટન થઈ છે. આમ આ ગાળામાં ભારતની સ્થિતિ સ્ટીલના નેટ ઈમ્પોર્ટર દેશ તરીકે જોવા મળી છે. દરમિયાન, ભારતમાં સ્ટીલની ઉત્પાદન ક્ષમતા વધી રહી છે તથા આવતા ૨૦ વર્ષમાં ૨૦૪૭ સુધીમાં આવી ક્ષમતા વધી ૬૦૪૦ લાખ ટન સુધી વાર્ષિક ધોરણે પહોંચી જશે એવો લક્ષ્યાંક સરકારે બનાવ્યો હોવાનું સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

# GSTના અધિકારીએ વેપારીનો મેન્યુઅલ જવાબ ધ્યાને લેવાનો રહે પછી ભલે તે સિસ્ટમ ઉપર અપલોડ ન કરેલ હોય

**GSTનું A to Z**

■ હર્ષ કિશોર

કેસનુ નામ : મે. ચંદન પાત્રા વિરુદ્ધ ભારત સરકાર અને અન્ય (ઓડિશા હાઈકોર્ટ). આદેશ તારીખ : ૭ ઓક્ટોબર, ૨૦૨૬-આદેશ ક્રમાંક : W. P. (C) નં. ૧૨૭૭૧/૨૦૨૬

**વિગતો :** આ કેસમાં પીટીશનર દ્વારા જીએસટીની કલમ ૭૪ હેઠળ થયેલ 'ઓર્ડર-ઈન-ઓરિજિનલ' અને ડિમાંડ નોટીસને પડકારવામાં આવેલ. માલિકી પેઢીના અરજદાર, 'વર્ક કોન્ટ્રાક્ટ' ના અમલીકરણના વ્યવસાયમાં રોકાયેલા છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન, અરજદારે ભંજનગર સિંચાઈ વિભાગના કાર્યકારી ઈજનેર (Executive Engineer) હેઠળ વર્ક કોન્ટ્રાક્ટ સેવા પૂરી પાડી હતી. આ કાર્ય NABARD સહાય RIDF-XXII હેઠળ કોકોલાબા નદીના જમણા પૂર-તટબંધ (right flood bank) ને સુધારવા માટેનું હતું. આ કામગીરી બદલ તેમણે કુલ રૂ. ૨૬,૩૬,૧૮૯/- ની રકમ મેળવી હતી, જેની વિગત ફોર્મ ૨૬AS (આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦૩AA હેઠળ વાર્ષિક કર નિવેદન)માં દર્શાવવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન હાથ ધરવામાં આવેલા કામો માટેની ટેન્ડર પ્રક્રિયા અગાઉની 'વેલ્યુ એડેડ ટેક્સ' વ્યવસ્થા હેઠળ અમલમાં રહેલી 'શિડ્યુલ ઓફ રેટ્સ, ૨૦૧૪'ના આધારે કરવામાં આવી હતી. તેથી, કોન્ટ્રાક્ટ આપનાર પક્ષને 'રનિંગ એકાઉન્ટ બિલ્સ' રજૂ કરતી વખતે, અરજદારે એમ માન્યું હતુ કે ૨૦૧૪ના 'શિડ્યુલ ઓફ રેટ્સ'ના આધારે સોંપવામાં આવેલા 'સિંચાઈના કામો' પર GST કાયદા હેઠળ કર લાગુ પડતો નથી; પરિણામે, અરજદારે કોઈ GST વસૂલ્યો ન હતો.

તારીખ ૧૦.૦૭.૨૦૨૫ના રોજ, અરજદારને સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા ૩૦.૦૬.૨૦૨૫ના રોજ જારી કરાયેલી એક નોટિસ મળી હતી. આ નોટિસનો વિષય 'નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વિવિધ સરકારી સંસ્થાઓને 'વર્ક કોન્ટ્રાક્ટ સર્વિસ' પૂરી પાડવા બદલ મળેલા નાણાં પર યોગ્ય GST જવાબદારીની ચુકવણી ન કરવા અથવા ઓછી ચુકવણી કરવા અંગેની તપાસ' એવો હતો.

તેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સંબંધિત વર્ષ દરમિયાન અરજદારે વિવિધ સરકારી સંસ્થાઓને




પૂરી પાડવામાં આવેલી 'વર્ક કોન્ટ્રાક્ટ સર્વિસ'ના અમલીકરણ બદલ રૂ. ૭૩,૫૮,૫૦૭/- ની રકમ મેળવી હતી, પરંતુ તે વ્યવહાર પર યોગ્ય GST જવાબદારીની ચુકવણી કરી ન હતી. વધુમાં, અરજદારને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ને લગતા ઓડિટ કરાયેલ બેલેન્સ શીટ, નફા-નુકસાન ખાતું, ફોર્મ ૨૬AS, આવકવેરા રિટર્ન, GSTR-૧, GSTR-3B, GSTR-૯/૯C, વર્ક ઓર્ડર્સ, બિલ/ઈન્વોઈસ, બેંક ખાતાના સ્ટેટમેન્ટ્સ અને ચૂકવવાપાત્ર/ચૂકવેલ GSTના મેળવણાની નકલો રજૂ કરવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેના જવાબમાં, સંબંધિત સત્તાધિકારી સમક્ષ રજૂ કરવા માટે માંગવામાં આવેલા તમામ પ્રતિનિધિને દસ્તાવેજો સોંપ્યા હતા.

તબીબી કટોકટીને કારણે, અરજદારના પ્રતિનિધિ નિર્ધારિત તારીખે સુપરિન્ટેન્ડેન્ટ સમક્ષ હાજર રહી શક્યા ન હતા. ૧૪.૦૭.૨૦૨૫ના રોજ, અરજદારે જરૂરી દસ્તાવેજો રજૂ કરવા માટે એક મહિનાનો સમય મેળવવા અંગેની અરજી દાખલ કરી હતી, જેના સંદર્ભમાં સુપરિન્ટેન્ડેન્ટની કચેરી તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. પૂછપરછ કરતાં, સુપરિન્ટેન્ડેન્ટની કચેરી દ્વારા અધિકૃત પ્રતિનિધિને જણાવવામાં આવ્યું હતું કે આવા દસ્તાવેજો રજૂ કરવા માટેની આગામી તારીખની જાણ કરવામાં આવશે. આ સ્થિતિમાં, અરજદારને ૦૪.૦૯.૨૦૨૫ની તારીખની 'માંગણી અને કારણ દર્શાવો' નોટિસ આપવામાં આવી હતી.

તારીખ ૨૭.૦૧.૨૦૨૬ના રોજ થયેલી સુનાવણી દરમિયાન, સુપરિન્ટેન્ડેન્ટની સૂચના મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ને લગતા ફોર્મ ૨૬AS ની નકલો તેમજ તારીખ ૨૨.૧૧.૨૦૧૯ ના રનિંગ એકાઉન્ટ બિલ અને ફાઈનલ બિલ રજૂ કરવાના નિર્દેશના પાલનરૂપે, અરજદારે સુનાવણીની મુલતવી રાખવામાં આવેલી તારીખ એટલે કે ૧૩.૦૨.૨૦૨૬ ના રોજ ઉપરોક્ત દસ્તાવેજો રજૂ કર્યા હતા.

જોકે અરજદારને ૧૩.૦૨.૨૦૨૬ના રોજ દસ્તાવેજો રજૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, તેમ છતાં તારીખ ૦૪.૦૨.૨૦૨૬નો મૂળ આદેશ અરજદારને ૧૨.૦૨.૨૦૨૬ ના રોજ બજાવવામાં આવ્યો હતો. તેથી, કુદરતી ન્યાયના સિદ્ધાંતોના સ્પષ્ટ ઉલ્લંઘનનો મુદ્દો ઉઠાવીને, અરજદારે GST અધિનિયમ અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમો મુજબ ઉપલબ્ધ વૈકલ્પિક ઉપાયનો આશરો લેવાને બદલે, કોર્ટ સમક્ષ વર્તમાન રિટ અરજી દાખલ કરી હતી. આ અરજી 'ડિમાન્ડ-કમ-શો કોઝ નોટિસ' (તારીખ ૦૪.૦૯.૨૦૨૫)ના જવાબ (તારીખ ૨૭.૦૧.૨૦૨૬)ને ધ્યાનમાં લીધા વિના પસાર કરવામાં આવેલા મૂળ આદેશમાં કરવામાં આવેલી મનસ્વી માંગણી સામે રક્ષણ મેળવવાના હેતુથી કરવામાં આવી હતી.

પીટીશનરે દલીલ કરી હતી કે GSTના સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા ૨૭.૦૧.૨૦૨૬ ના રોજ યોજાયેલી સુનાવણી દરમિયાન જરૂરી દસ્તાવેજો પાછળની તારીખે (૧૩.૦૨.૨૦૨૬ સુધીમાં) રજૂ કરવાની તક આપવામાં આવી હોવા છતાં, ૦૪.૦૨.૨૦૨૬ ના રોજ 'ઓર્ડર-ઈન-ઓરિજિનલ' પસાર કરીને કોઈ અંતિમ નિર્ણય લઈ શકાય નહીં. વધુમાં, અમોએ ૨૭.૦૧.૨૦૨૬ના ઉપરોક્ત જવાબ દ્વારા GST અધિનિયમની કલમ ૭૪ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને કાર્યવાહી શરૂ કરવાના નિર્ણય પર જ સવાલ ઉઠાવ્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે શું પ્રસ્તુત કેસ તે જોગવાઈના કાર્યક્ષેત્રમાં આવે છે કે કેમ. મૂળભૂત મુદ્દાને સંબોધિત ન કરવાને કારણે, 'ઓર્ડર-ઈન-ઓરિજિનલ' ટકી શકે તેમ નથી અને તેને રદ કરવાને પાત્ર છે. 'ઓર્ડર-ઈન-ઓરિજિનલ' એવો ભ્રામક ખ્યાલ ઊભો કરે છે કે જાણે અરજદારે કલમ ૭૪ હેઠળની કાર્યવાહીમાં ક્યારેય ભાગ લીધો ન હતો કે 'ડિમાન્ડ-કમ-શો કોઝ નોટિસ'નો કોઈ જવાબ દાખલ કર્યો ન હતો. આવી ખોટી ધારણા 'ઓર્ડર-ઈન-ઓરિજિનલ'ને અમાન્ય, બિનઅસરકારક અને કાયદાની દ્રષ્ટિએ ક્ષતિપૂર્ણ બનાવે છે.

સરકાર પક્ષે રજૂઆત થઇ કે 'ઓર્ડર-ઈન-ઓરિજિનલ'માં કોઈ ખામી કાઢી શકાય તેમ નથી, કારણ કે સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા કાયદા હેઠળ નિર્ધારિત પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું છે. 'ડિમાન્ડ-કમ-શો કોઝ નોટિસ' દ્વારા તેમજ રીમાઈન્ડર જારી કરીને અરજદારને દસ્તાવેજો અને જવાબ રજૂ કરવાની વાજબી, પૂરતી અને યોગ્ય તક આપવામાં આવી હોવાથી, કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થયું છે તેમ કહી શકાય નહીં. વધુ સ્પષ્ટતા કરતા તેમણે રજૂઆત કરી હતી કે ઉપર જણાવ્યા મુજબ રજૂ કરવાના દસ્તાવેજો ઉપરાંત, કુદરતી ન્યાયના સિદ્ધાંતોના એક પાસાનું પાલન કરવા માટે અરજદારને ૨૭.૦૧.૨૦૨૬ના રોજ 'ઓડી અલ્ટેરમ પાર્ટમ' (બીજા પક્ષને સાંભળવાની તક) પૂરી પાડવામાં આવી હતી.

## કરદાતાના જવાબને ધ્યાનમાં લીધા પછી આકારણીના આદેશો પસાર કરવા માટે આકારણી અધિકારી બંધાયેલા છે

ફેસની સુનાવણી દરમિયાન જીએસટીની કલમ ૭૪(૯) અને જીએસટીના નિયમ ૧૪૨(૪) ની વિગતવાર છણાવટ કરવામાં આવેલ હતી અને એવું નિષ્કર્ષ નીકળતું હતું કે સંબંધિત અધિકારી દ્વારા વેપારીની લેખિત રજૂઆત, જે મેન્યુઅલ સ્વરૂપે હતી તે સહી કરીને સ્વીકારવામાં આવેલ હતી તો પછી આદેશ કરતી વખતે તે ધ્યાને લીધા સિવાય અને માત્ર વેપારીનો જવાબ ઈલેક્ટ્રોનિક રીતે ફાઈલ થયેલ ના હોય તેવું જણાવીને કરવામાં આવેલ આદેશ કાયદાકીય યોગ્ય જણાતો નથી. વેપારીએ 'બોલ્ડ્રોચી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ સ્ટેટ ટેક્સ ઓફિસર' ૨૦૨૫ SCC OnLine Mad ૧૫૫૫૧ના કેસમાં અપાયેલા ચુકાદાનો સંદર્ભ ટાંક્યો હતો, જેમાં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ :

'અહીં એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત રહેશે કે કરદાતા પોર્ટલ દ્વારા જવાબ અપલોડ કરીને જવાબ રજૂ કરે કે રૂબરૂ (મેન્યુઅલી) રજૂ કરે, કરદાતા દ્વારા દાખલ કરાયેલા જવાબને ધ્યાનમાં લીધા પછી આકારણીના આદેશો પસાર કરવા માટે આકારણી અધિકારી બંધાયેલા છે'.

**કોર્ટનો નિર્ણય :** નામદાર હાઈકોર્ટે GSTની કલમ ૭૪ હેઠળ પસાર કરાયેલ નિર્ણય (adjudication order) રદ કર્યો. કોર્ટે ઠરાવ્યું કે નિર્ણય લેનાર સત્તાધિકારીએ 'કુદરતી ન્યાયના સિદ્ધાંતો'નું ઉલ્લંઘન કર્યું છે; કારણ કે તેમણે વ્યક્તિગત સુનાવણી દરમિયાન રજૂ કરાયેલ અને યોગ્ય રીતે સ્વીકૃત લેખિત જવાબને અવગણ્યો હતો અને ઉતાવળમાં આદેશ પસાર કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું કે માત્ર એટલા માટે કે જવાબ ઓનલાઈન અપલોડ કરવામાં આવ્યો ન હતો, તેને અવગણી શકાય નહીં; સત્તાધિકારીએ અધિકારક્ષેત્ર અને ગુણદોષ અંગેના વાંધાઓને ધ્યાનમાં લેવા આવશ્યક છે. આ બાબતને નવા નિર્ણય માટે પરત મોકલવામાં આવી છે અને તમામ બચાવ પક્ષ રજૂ કરવાની છૂટ આપવામાં આવી છે; અરજદારે ૧૫ દિવસમાં હાજર રહેવું પડશે અને સત્તાધિકારીને આઠ અઠવાડિયામાં કાર્યવાહી પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ગુણદોષ કે ખર્ચ અંગે કોઈ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો નથી.

# મસાલા ચીજોમાં ઉદ્ભવેલી વિક્રમી તેજી પાછળ સટ્ટાખોરીની આશંકા

**કોમોડિટી કરંટ**

■

દેશના કેટલાક ખાદ્ય ઉત્પાદક રાજ્યોમાં દુષ્કાળનું ભયંકર સંકટ ઉભું થતાં ખરીફ તથા આગામી રવિ સીઝનમાં ખાદ્ય ઉત્પાદન ખૂબ પ્રભાવિત થવાની આશંકાને પગલે હાલમાં મોટા ભાગની કૃષિ ચીજોમાં તેજી છવાતાં તહેવારોને સમયે મોંઘવારી માઝા મુકી રહી છે. તેલીબીયાં, મસાલા, દાળો તથા અનાજ સહિત મોટાભાગની ચીજોમાં તેજી દિનપ્રતિદિન આગળ વધી રહી છે. સૌથી વધુ વપરાશ ધરાવતી ખાંડમાં મોંઘવારીને કંટ્રોલ કરવા માટે સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના માર્કેટીંગ સીઝનમાં ઈથેનોલના ઉત્પાદનમાં શેરડીના ઉપયોગ ઉપર અઘોષિત પ્રતિબંધ લગાવ્યો છે. તહેવારો સમયે સરકાર ખાંડનું સ્થાનિક ઉત્પાદન વધારવા અતિ ગંભીર છે. ખાંડનો સ્ટોક ઉદ્યોગ પાસે ઓછો છે. જોકે મકાઈ, ચોખા તથા અન્ય ક્ષતિગ્રસ્ત અનાજોની મદદથી ઈથેનોલનું ઉત્પાદન ચાલુ રાખવામાં આવેલ છે.

એગ્રી કોમોડિટી બજારમાં ચાલુ માસથી વાયદા તથા હાજરમાં તેજી પકડાઈ છે. છેલ્લા બે-ત્રણ વર્ષોથી મંદીના કારણે વેપારીઓને સતત આર્થિક નુકસાન છે. જેના લીધે મુડી નબળી પડતાં માલ સ્ટોકની મર્યાદા પણ ઓછી થઈ ગઈ છે. આગામી સમયમાં દુકાળને લીધે નબળુ ઉત્પાદનની વકી તેમક ઓછો સ્ટોક રહેવાની ગણત્રીએ તેજીને હાલમાં ફુલ સપોર્ટ મળી રહ્યો છે. મસાલા બજારના કિંગ ગણાતા ઊંઝાના જીરા બજારમાં છેલ્લા પખવાડિયામાં પ્રતિ મણે રૂપિયા ૭૦૦ થી ૮૦૦ રૂપિયાના ઉછાળા સાથે ભાવો ૪૫૦૦ થી ૪૯૦૦ રૂપિયા અને બોલ્ડ પ્રિમીયમ માલોના ૫૧૦૦ રૂપિયાના આસપાસ ભાવોને કારણે નફારૂપી વેચવાલીનું પ્રેસર વધી રહ્યું છે. કેટલાય વેપારીઓને આ સમયે જીરાના જુના માલોથી છુટકારો મળતાં દિવાળી સુધરી હોવાનો માહોલ સર્જાયો છે. વરીયાળીમાં પણ ૧૪૦૦ થી ૧૫૦૦ ના આસપાસના માલોના હાલમાં ૨૫૦૦ ઉપરાંતના ભાવો મળી રહ્યા છે. ઈસબગુલમાં આવકો સામે સાતથી આઠ હજાર બોરીના વેપારો નોંધાઈ રહ્યા છે. ઈસબગુલમાં GST નો ઈસ્યૂ પોઝીટીવ સોલ્વ થતાં નિકારકારોની ખરીદીમાં તેજી છે. અજમાના માલોમાં પણ અછત હોવાથી બજાર ટાઈટ છે.

જીરા નવેમ્બર વાયદો પ્રતિ કિલોએ ૨૭૧ ની સપાટી કુદાવી છે. દિવાળી સમયે

## ઈથેનોલમાં ખાંડનો ઉપયોગ બંધ કરવા માટે ચેતવણી

ઉંચા ભાવો મળવાની અપેક્ષાએ ખેડૂત વર્ગ જીરાના માલોની વેચવાલી ઉપર વેઈટ એન્ડ વોચની સ્થિતિમાં છે. જોકે નાણાંની જરૂરિયાતવાળો વર્ગ જીરાનું વેચાણ કરી રહ્યો છે. NCDEX ના ગોડાઉનોમાં સ્ટોક ધીરે ધીરે વધી રહ્યો છે. યુરોપ તથા નોર્થ અમેરિકા તરફ પ્રિમીયમ માલોની માંગ છે. તુર્કી તથા સિરીયામાં જીરાનું ઉત્પાદન વધુ હોવાની સંભાવનાઓની અસર ભારતીય જીરાની નિકાસ ઉપર પડી રહી છે.

જીરાની સમાંતર ધાણા તથા હળદરમાં તેજીના ઉછાળા છે. મસાલા પ્રોસેસરોની સ્થિર માંગ અને સિમીત સ્ટોકના કારણે બજારો તેજી તરફી છે. ધાણા નવેમ્બર વાયદો પ્રતિ કિલોએ રૂપિયા ૧૭૪ સુધી ઉંચા સ્તરે છે. આ ઉપરાંત વધુ વપરાશ ધરાવતી હળદર બજારમાં પણ આગ ઝરતી તેજી છે. છેલ્લા એક વર્ષમાં ભાવોમાં ૮૦ ટકા વધારો થયો છે. માંગમાં સતત વધારો અને ઘટતા સપ્લાયને કારણે બજારો મજબૂત છે. હળદર ડિસેમ્બર વાયદો પ્રતિ કિલોએ ૨૫૪ રૂપિયાની સપાટી કુદાવી છે.

બીજી તરફ રાજસ્થાનમાં ગવારનું ઉત્પાદન ઘટવાની ધારણાએ તેજી છવાતાં ગવાર સીડના ભાવો વાયદામાં પ્રતિ ક્વિન્ટલે રૂપિયા ૮૪૦૦ અને ગવાર ગમના ભાવો ૧૬૩૦૦ ની સપાટી કુદાવી ગયા છે. વર્ષ ૨૦૧૨માં ગવાર સીડના ભાવો ૩૨૦૦૦ ની વિક્રમી સપાટીએ રહ્યા હતા. આ વર્ષે પણ ગુજરાત તથા રાજસ્થાનમાં વાવેતરમાં ઉતારામાં પણ ઘટાડો થવાની વકીએ તેજી છવાઈ છે. શેલ ગેસ કંપનીઓ તથા ફૂડ ઉદ્યોગમાં વધતી જતી સતત માંગ સામે પુરવઠો નબળો પડી રહ્યો હોવાથી ફંડામેન્ટલ મજબૂત જણાઈ રહ્યા છે. આ સ્થિતિમાં સટ્ટાખોરી પણ અગત્યનો રોલ ભજવી રહી હોવાની આશંકા પ્રબળ જણાઈ રહી છે. તેલીબીયાંમાં સૌરાષ્ટ્રના પીઠાઓમાં મગફળીની પૂરજોશમાં લાખો બોરીની આવકો છતાં ભર સીઝને તેજી છવાતાં સમગ્ર મામલો ચર્ચાસ્પદ છે. મગફળીના નબળા પાકને કારણે તેજી ઉછળી રહી હોવાની વ્યાપક ચર્ચા છે. તહેવારો પૂર્વે ભાવો ભડકે બળતાં મોંઘવારીનો ઈસ્યૂ આજકાલ ટોક ઓફ માર્કેટ બન્યું છે.

# શેરોમાં સ્ક્રીપ આધારીત પ્રત્યાઘાતી ઉછાળાની ચાલ જોવાશે

**ચાર્ટ સંકેત**

■ અશોક ત્રિવેદી

(ક્લોઝીંગ તા.૧૬-૧૦-૨૦૨૬)

**બીએસઈ ઈન્ડેક્સ (૭૪૭૨૯.૨૭)** ૭૧૨૯૨.૮૮નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૭૪૭૭૮ ઉપર ૭૫૦૪૦ કુદાવે તો ૭૫૨૧૮, ૭૫૪૩૦, ૭૫૭૧૦, ૭૬૧૫૦ સુધીની શક્યતા. નીચામાં ૭૪૨૩૫ નીચે ૭૩૭૪૭, ૭૩૨૮૦, ૭૨૮૯૬ સપોર્ટ ગણાય. મંદી બજારનો ઉછાળો છે.

**બેંક નિફ્ટી ફ્યુચર (૫૫૯૧૮.૦૦)** ૫૩૮૧૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૫૬૧૮૬ ઉપર ૫૬૨૪૦, ૫૬૭૮૫ સુધીની શક્યતા. નીચામાં ૫૫૫૨૫ નીચે ૫૫૩૫૫ સપોર્ટ ગણાય.

**નિફ્ટી ફ્યુચર (૨૩૧૧૯.૨૦)** ૨૨૨૩૮.૯૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૩૧૫૫ ઉપર ૨૩૨૨૦, ૨૩૩૬૦, ૨૩૪૮૪ કુદાવે તો ૨૩૫૧૩, ૨૩૬૭૦ સુધીની શક્યતા. નીચામાં ૨૨૮૨૦, ૨૨૬૭૧, ૨૨૫૮૦ સપોર્ટ ગણાય.

**બીએસઈ (૩૩૬૩.૦૦)** ૩૦૦૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૩૪૦૪ ઉપર ૩૪૫૫ કુદાવે તો ૩૪૯૩, ૩૫૩૮ સુધીની શક્યતા. નીચામાં ૩૩૪૬ નીચે ૩૩૧૦ સપોર્ટ ગણાય.

**બેંક ઓફ બરોડા (૨૩૦.૪૦)** ૨૮૭.૨૦નાં ટોપથી નરમાઈ તરફી છે.




ઉપરમાં ૨૪૦ ઉપર સુધારો જોવાય. નીચામાં ૨૨૩ નીચે ૨૨૧, ૨૧૨, ૨૦૪ સુધીની શક્યતા.

**એચડીએફસી બેન્ક (૭૨૮.૮૫)** ૬૯૦.૫૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૭૩૫ ઉપર ૭૫૦ કુદાવે તો ૭૫૨, ૭૬૨, ૭૭૨ સુધીની શક્યતા. નીચામાં ૭૧૫, ૭૦૮ સપોર્ટ ગણાય.

**એચસીએલ ટેકનો (૧૩૮૦.૦૦)** ૧૧૬૨.૩૬નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૩૮૫ ઉપર ૧૪૦૫, ૧૪૨૦, ૧૪૫૦, ૧૪૯૪ સુધીની શક્યતા. નીચામાં ૧૩૬૦ નીચે ૧૩૧૭, ૧૩૦૦, ૧૨૭૫ સપોર્ટ ગણાય.

**ટીસીએસ (૨૪૬૫.૦૦)** ૨૦૨૧, ૬૩નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૪૮૫ ઉપર ૨૫૩૦, ૨૫૫૧ કુદાવે તો ૨૬૧૨ સુધીની શકયતા. ૨૪૪૮ નીચે ૨૩૬૬, ૨૨૮૫, ૨૨૫૭ સપોર્ટ ગણાય.

**રિલાયન્સ (૧૨૧૧.૨૦)** ૧૧૫૨.૨૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૨૨૧ ઉપર ૧૨૪૦, ૧૨૫૨ મહત્ત્વની સપાટી ગણાય. નીચામાં ૧૨૯૪ નીચે ૧૧૭૭ સપોર્ટ ગણાય.

**જિંદગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી,**
**જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.**

-મરીઝ

# દેશમાં રૂની નવી મોસમ શરૂ થાય એ પૂર્વે ૬૦ લાખ ગાંસડી ઈમ્પોર્ટ નોંધાઈ

**ઊભી બજારે**

■ દિલીપ શાહ

દેશમાં કપાસ, રૂ, યાર્ન તથા ટેક્સટાઈલ ક્ષેત્રમાં તાજેતરમાં સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. ભારતમાં ઓકટોબર મહિનાથી રૂની નવી મોસમ શરૂ થઈ ગઈ છે તથા તાજેતરમાં મળેલા નિર્દેશો મુજબ નવી મોસમના આરંભમાં કપાસ તથા રૂની નવી આવકો અપેક્ષાથી ધીમી રહેતાં મોસમનો આરંભ ભાવમાં તેજી સાથે થયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, દેશમાં હર્બીસાઈડ ટોલરન્ટ કોટનનું વાવેતર વધતાં આ પ્રશ્ને ખાસ્સી ચર્ચા પણ તાજેતરમાં જાગી હોવાના સમાચાર મળ્યા હતા. રૂના વાવેતરનો જે કુલ વિસ્તાર નોંધાયો હતો એપૈકી આશરે ૩૦ ટકા વિસ્તારમાં હર્બીસાઈડ ડોલરન્ટ કોટન એચટીબીટી કોટનનું વાવેતર થયું હોવાનું બજારના અમુક વર્ગે જણાવ્યું હતું. ભારતમાં ૨૦૨૫-૨૬ની રૂ મોસમમાં કોટનની આયાત આશરે ૬૦ લાખ ગાંસડી નોંધાઈ છે.

સાઉથ એશિયા બાયોટેકનોલોજી સેન્ટરના સૂત્રોના જણાવ્યા મુજબ એક અભ્યાસમાં એવું જાણવા મળ્યું છે કે ભારતમાં ૨૦૨૫-૨૬ની ખરીફ મોસમમાં અનઓથોરાઈઝડ હર્બીસાઈડ ટોલરન્ટ બીટી કોટનના વાવેતર હેઠળનો વિસ્તાર આશરે ૬૫થી ૭૨ લાખ એકર્સ જેટલો અંદાજાયો છે તથા દેશમાં રૂના કુલ વાવેતર વિસ્તાર પૈકી આશરે ૨૪થી ૩૦ ટકા વાવેતરનો વિસ્તાર આવા એચટીબીટી કોટનનો મનાયો છે. ધી ફેડરેશન ઓફ સીડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા તથા નેશનલ સીડ એસોસીએશન ઓફ ઈન્ડિયાએ આ ફિલ્ડ સ્ટડીને આશ્ચર્યકારક ગણાવ્યું હતું. આવા સીડસની માર્કેટનું કદ આશરે રૂ.૮૨૦થી ૮૮૦ કરોડનું અંદાજવામાં આવ્યું છે. ભારતમાં રૂનું વાર્ષિક ઉત્પાદન ૨૦૦૨-૦૩માં ૮૬ લાખ ગાંસડી નોંધાયા પછી ઉત્પાદન વધી ૨૦૧૧-૧૨માં ૩૫૨ લાખ ગાંસડી સુધી પહોંચ્યું હતું. ભારતમાં ૨૦૦૨માં બીટી

## નવી મોસમ માટે હર્બીસાઈડ ટોલરન્ટ કોટનનું વાવેતર વધતાં બજારમાં ચર્ચા : નવી આવકો ધીમી જોવા મળી

કોટનને એપ્રુવલ આપવામાં આવ્યું હતું. આના પગલે બોલવોર્મ ડેમેજ તથા જંતુનાશક દવાઓનો વપરાશ ઘટતો હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા. ૨૦૦૨ પછીના ગાળામાં દેશમાં રૂના ઉત્પાદનમાં ઝડપી વૃદ્ધી જોવા મળી હતી. ૨૦૦૨-૦૩થી ૨૦૧૧-૧૨ દરમિયાનના ગાળામાં રૂના પાકમાં હેકટરદીઠ સરેરાશ પેદાશ ૧૯૧ કિલોથી વધી ૪૯૧ કિલો સુધી પહોંચી હતી. ભારતમાં રૂની એક ગાંસડીમાં આશરે ૧૭૦ કિલો રૂ ભરવામાં આવે છે. ૨૦૨૩-૨૪ સુધીમાં દેશમાં બીટી કોટન હેઠળના વાવેતરનો વિસ્તાર વધી આશરે ૯૬ ટકા સુધી પહોંચ્યો હતો. ૨૦૧૩-૧૪માં દેશમાં રૂનો પાક ૩૯૮ લાખ ગાંસડી થયા પછી ૨૦૨૫-૨૬ સુધીના ગાળામાં ઘટી ૨૯૧ લાખ ગાંસડી સુધી ઉતરી ગયાના વાવડ પણ મળ્યા હતા.

પીન્ક બોલવોર્મની જીવાતની અસર ઉત્પાદન પર દેખાઈ હતી. ભારતમાં રૂના વાવેતર માટે એચટીબીટી કોટનને મંજૂરી અપાઈ નથી. જોકે આવા કોટનનું વાવેતર દેશમાં ૨૦૧૦ પછીના ગાળામાં વધતું જોવા મળ્યું હતું. આવા કોટનનું વાવેતર વિશેષરૂપે મહારાષ્ટ્ર તથા તેલંગણા અને આંધ્રપ્રદેશમાં વધતું જોવા મળ્યું હતું. દરમિયાન, ભારતમાં ૨૦૨૬-૨૭ની નવી રૂ મોસમ ઓકટોબરથી શરૂ થઈ ગઈ છે તથા નવી મોસમના આરંભમાં રૂની આવકો અપેક્ષાથી ધીમી રહેતાં બજારભાવ ટૂંકાગાળામાં ખાંડીદીઠ રૂ.૩થી ૪ હજાર વધી રૂ.૬૮ હજાર સુધી ક્વોટ થતા દેખાયા હતા. દેશમાં રૂનો નવો પાક ઓછો આવવાની ભીતિ બજારનો અમુક વર્ગ બતાવી રહ્યો હતો. રૂ બજારમાં મિલોની પૂછપરછ તથા માગ તાજેતરમાં સારી રહ્યાના વાવડ પણ મળ્યા હતા. ભારતમાં આ વર્ષે ચોમાસા પર અલનીનોની ઈમ્પેક્ટ દેખાઈ હતી. વરસાદની ચાલ અનિયમિત રહી હતી. મિલો પાસે રૂનો સિલ્લક સ્ટોક ઘટતાં મિલો બજારમાં દાખલ થઈ હતી. રાયપુર તથા તેલંગણા ખાતે રૂના ક્વિ.દીઠ ભાવ વધી તાજેતરમાં રૂ.૯૨૦૦થી ૯૭૦૦ સુધી નોંધાયા હતા. રૂના ભાવ ઉંચા મળશે એવી આશાએ ખેડૂતો પણ બજારમાં ઓછો માલ લાવતા જોવા મળ્યા હતા.

# સીટી સર્વે વિસ્તારોમાં બહુમાળી મકાનોના ફ્લેટ-એપાર્ટમેન્ટની મિલ્કત કાર્ડમાં ફેરફાર અંગેની જોગવાઈઓ

**લોકાભિમુખ માર્ગદર્શન**

■ - એચ.એસ. પટેલ IAS (નિ.)

જમીન/ મિલ્કતના આધારભુત દસ્તાવેજમાં જમીન મહેસુલ અધિનિયમ / નિયમો હેઠળ મિલ્કતના કબજેદાર માલીક તરીકે ગામનો નમુનો-૭ અને મિલ્કત કાર્ડ અગત્યનું છે. આ નમુનાઓમાં ફેરફાર હક્કપત્રકમાં જે નોંધો પડે છે અને પ્રમાણિત કરવામાં આવે તે મુજબ ફેરફાર કરવામાં આવે છે. શહેરીકરણના કારણે મિલ્કત / જમીનના Usageમાં ફેરફારો થયા છે તેના મુખ્ય કારણમાં શહેરોમાં જમીનોની ઉંચી કિંમત અને શહેરો તરફનું સ્થળાંતર જેને કારણે પ્રણાલીકાગત જમીનનો ઉપયોગ Horizontal તરીકે થતો તેના બદલે Vertical થાય છે. તેના કારણે બહુમાળી મકાનો / ફ્લેટ / એપાર્ટમેન્ટનું નિર્માણ થાય છે. સ્વાભાવિક રીતે જમીનના તળ ઉપર જે બાંધકામ થાય છે તે મિલ્કતોનું વેચાણ થાય છે તે મિલ્કત ધારકોને પણ કાયદેસરનું મિલ્કત કાર્ડ આપવાનું થાય. મોટા શહેરો અને વિકસતા વિસ્તારોમાં સીટી સર્વે થયેલ હોય છે અને જ્યારે કોઈ મિલ્કત કે મકાન હોય તેની જ્યારે હક્ક ચોકસી થઈ હોય ત્યારે તેનું મિલ્કત કાર્ડ બનાવવામાં આવ્યું હોય અને તેનો ધારક મોટા ભાગે એક વ્યક્તિનું કે જો સોસાયટી હોય તો સોસાયટીના પ્રયોજકના નામ હોય છે. ઘણીવાર એવું પણ બને છે કે સબંધિત ડેવલપર અને પ્રયોજકના નામે ચાલે છે. વેચાણ દસ્તાવેજ પણ થયા હોય પરંતુ મહેસુલી રેકર્ડ નોંધ થયેલ ન હોય. દરેક વ્યક્તિને મિલ્કતમાં રહેણાંકનું મકાન સૌથી અગત્યનું અંગ છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા શહેરોમાં આવાસોની જરૂરીયાત મુજબ હાઉસીંગ સોસાયટીઓનું નિર્માણ કરવામાં આવ્યું હોય અને સોસાયટીનું નામ અને સોસાયટીના પ્રયોજકો નામ આજે પણ ચાલુ હોય છે પરંતુ વ્યક્તિગત નામે મિલ્કત કાર્ડ હોતુ નથી. ઘણીવાર સોસાયટી પૈકીમાંથી અમુક મકાનોમાં રહેણાંકના બહુમાળી મકાન અથવા કોમર્શીયલ / રહેણાંક સંયુક્ત એપાર્ટમેન્ટ બન્યા હોય પરંતુ અલગ વ્યક્તિગત મિલ્કત કાર્ડ હોતા નથી. સાથોસાથ કોમન યુટીલીટીમાં સ્ટેરકેસ (સીડી), બેઝમેન્ટ, પાર્કિંગ, ટેરેસ, કોમન પ્લોટની સ્પષ્ટતાઓ હોતી નથી. ઘણીવાર વિવાદો થાય છે. આમતો સૌપ્રથમ ૧૯૪૦માં મુંબઈ રાજ્ય વખતે સેટલમેન્ટ કમિશ્નર દ્વારા સંયુક્ત માલીકીની જમીન / મિલ્કતો હોય ત્યાં ભોંયતળીયાના (Ground Floor) કબજેદારને

## ટીપી સ્કીમ અને રેરા કાયદાના પ્રોજેક્ટ મુજબ સીટી સર્વે રેકર્ડમાં અમલીકરણ જરૂરી

ધારણકર્તા અને માલીક તરીકે અને મજલાના (Floors) કબજેદારોને બીજા હક્કમાં (Other Rights) નોંધવાની સુચનાઓ હતી. પરંતુ આમા Common Facility / Usage અંગે સુચનાઓની સ્પષ્ટતા ન હોવાને કારણે માલીકી હક્કના પ્રશ્નો ઉપસ્થિત થયા હતાં.

આ પરિસ્થિતિને નિયમન કરવા માટે રાજ્ય સરકારે ગુજરાત માલીકી ફ્લેટ અધિનિયમ ૧૯૭૩ (Flat Ownership Act) ઘડવામાં આવ્યો અને આ કાયદાની કલમ ૨૦(૧) અને ૨૫(૧) ની જોગવાઈ મુજબ દરેક ફ્લેટના માલીકને સુવાંગ માલીકી (Freehold Owner) અને કબજા માટે હક્કદાર ઠરાવ્યા છે. કલમ-૩૩ મુજબ મિલ્કત વેરા (Property Tax) માટે અલગ મિલ્કત ગણવાનું ઠરાવ્યું છે અને આ કાયદાકીય જોગવાઈઓ લાગુ થતાં મુંબઈ રાજ્યના સમયગાળામાં ૨૭/૯/૪૦થી જે પરિપત્ર લાગુ કરવામાં આવેલ તે અસ્તિત્વમાં રહેલો નથી. ૧૯૭૬માં ગુજરાતમાં ટાઉન પ્લાનીંગ એક્ટ અમલમાં આવ્યો અને આ કાયદા અંતર્ગત સુઆયોજીત વિકાસના ભાગરૂપે ટીપી સ્કીમો દાખલ કરવામાં આવી અને તે મુજબ દરેક સર્વે નંબર / મિલ્કતના ધારકને ફાયનલ પ્લોટ ફાળવવામાં આવ્યા અને સ્વાભાવિક રીતે ટીપી સ્કીમ આખરી (Final) થાય તેમાં મૂળ ક્ષેત્રફળમાં ફેરફાર થાય છે અને મિલ્કત ધારકને ફાયનલ પ્લોટ પ્રમાણે મિલ્કત કાર્ડ અને રેવન્યુ રેકર્ડ તૈયાર કરવાનું થાય. એટલે તેના અમલીકરણ માટે રાજ્ય સરકારે જે સમિતિની રચના કરે તેઓએ બધા પાસાનો અભ્યાસ કરીને અમલીકરણ કરવામાં સુચવવામાં આવ્યું. તેમાં સીટી સર્વેની વિગતવાર માપણી, હક ચોકસીના ફાયનલ નંબર આપવા, સનદ્ અને મિલ્કત કાર્ડ આપવા, કાયમી મહેસુલ વસુલ કરવા - ગામનો નમુનો નં-૨ તૈયાર કરવો અને નિભાવણી દરમ્યાન એટલ કે સીટી સર્વેમાં જે ફેરફારો કરવામાં આવે તેની નોંધણી કઈ રીતે કરવી તે અંગેની કાર્ય પધ્ધતિ સુચવવામાં આવેલ અને તે અનુસાર ભોંયતળીયામાં ફ્લેટ, પાર્કિંગ, Open Space, પ્રથમ માળ, તબક્કાવાર માળ, સીડી, ટેરેસ કઈ રીતે બતાવવો તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને જમીન / મિલ્કતનો ઉપયોગ, વ્યક્તિગત, સામુહિક, સોસાયટી, એસોસીયેશન, સંસ્થા, ધર્માદા, સરકારી / સહકારી વિગેરે મિલ્કત કાર્ડમાં સ્પષ્ટ દર્શાવવું, જ્યારે સ્વતંત્ર પ્લોટ / જમીન હોય ત્યારે જમીન મહેસુલ / વિશેષધારો / શિક્ષણ ઉપકર વસુલ કરવાનો હોય તે મિલ્કત કાર્ડમાં દર્શાવવામાં આવે છે. પરંતુ જ્યારે ફ્લેટ / એપાર્ટમેન્ટ થાય ત્યારે ફ્લેટ અને જમીન માટે અલગ કાયમી મહેસુલ નમુનો નં-૨ બનાવવાનો નથી પરંતુ તમામ ફ્લેટ / દુકાન / સેલર ધારકો હોય તેમના ક્ષેત્રફળ મુજબ વિશેષધારો નક્કી કરવાનો છે.



## જુદા જુદા કાયદાઓ હેઠળ મિલ્કતોની નોંધણી અને નિભાવણી કરવાની થાય છે

બાલ્કની અને છજ્જાનો વિશેષધારો વસુલ કરવા પાત્ર નથી. હવે દરેક મિલ્કતનો સતાપ્રકાર (Tenure) તે મૂળ જે હક્ક ચોકસી વખતે નક્કી કરેલ હોય તે યથાવત ચાલુ રાખવાનો છે. મોટા ભાગે આવી તમામ મિલ્કતો / જમીન મહેસુલને પાત્ર હોય છે. એટલે કે 'સી' સતાપ્રકાર આપવામાં આવે છે. પરંતુ જેમ જણાવ્યું તેમ મિલ્કતના ઉપયોગ પ્રમાણે જમીનનો સતાપ્રકાર નોંધવામાં આવ્યો છે. દા.ત. ધર્માદા, ટ્રસ્ટ હોય તો તે મુજબ.

બહુમાળી મકાનો / ફ્લેટમાં પણ જે વેચાણો / ફેરફાર થાય તેમાં હકપત્રકના નિયમોમાં જેમ ફેરફાર કરવામાં આવે છે તે મુજબ વેચાણ / તબદીલી / વારસાઈ / વિભાજન વખતે તે મુજબ અમલ કરવાનો થાય છે. જેમ જેમ શહેરી મિલ્કતોનો Usageમાં ફેરફાર થયા અને કાયદા અને નિતી નિયમો સમયાંતરે બદલાયા અને જેમ જણાવ્યું તેમ ફ્લેટ અધિનિયમ-૧૯૭૩, ત્યારબાદ ટીપી સ્કીમ ૧૯૭૬ અને હવે RERA કાયદો અમલમાં આવ્યો છે અને આ કાયદા મુજબ (૨૦૧૩) Carpet Area / Built-up Community Utility બાબતો / ટેરેસ / સીડી પાર્કિંગ / બગીચો જેવી તમામ બાબતો સ્પષ્ટ કરવામાં આવી છે. જેથી હવે જે RERA Project હેઠળ બાંધકામો થયા હોય તેની સીટી સર્વે રેકર્ડમાં તે મંજુરી મુજબ મિલ્કત કાર્ડમાં ફેરફાર કરવાનો થાય છે અને તે મુજબ રહેણાંક / કોમર્શિયલ મિલ્કતોનું વેચાણ પ્રયોજક દ્વારા થાય તે અનુસાર મિલ્કત રજીસ્ટરે ફેરફાર કરવાનો થાય. થોડા સમય પહેલાં આ કોલમના માધ્યમથી શહેરોની લગોલગ વાળા વિસ્તારોમાં સીટી સર્વે દાખલ કરવામાં આવ્યું નથી. પરંતુ બહુમાળી મકાનો / મોટા સંકુલો બંધાઈ ગયા છે. તે માટે Transition Area રૂપાંતરિત વિસ્તારો તરીકે Develop થઈ ગયા છે તેમાં અલગ પ્રકારની કાર્યપધ્ધતિ સુચવવામાં આવી છે. છેવટે તો જમીન / મિલ્કત ધારકને તેઓએ ધારણ કરેલ મિલ્કતને મહેસુલી રેકર્ડમાં કાયદેસરના કબજેદાર તરીકે મિલ્કત કાર્ડ આપવું. ખરેખર તો ૨૦૧૭ના Transition કાયદામાં એવુ જણાવવામાં આવ્યું છે કે બિનઅધિકૃત બાંધકામો સુચિત સોસાયટીઓનુ બાંધકામ વિનયમિત કરવાનો ઉદ્દેશ હતો. ખરેખર કેટલું અમલીકરણ થયું છે તે પ્રશ્નાર્થ છે. સીટી સર્વેની કામગીરી માટે સેટલમેન્ટ કમિશ્નરના નિયંત્રણ હેઠળ સીટી સર્વે અધિકારી આવે છે. આ કચેરીઓનુ મિલ્કતોના સાપેક્ષમાં હક્કચોકસી અને નિભાવણી માટે વધારો Qualified સ્ટાફ મંજુર કરવાની જરૂર છે. જે ઉપર જણાવ્યું તેમ સમયાંતરે જુદા જુદા કાયદાઓ હેઠળ મિલ્કતોની નોંધણી અને નિભાવણી કરવાની થાય છે તે થશે આજે પણ શહેરોની સોસાયટીઓ મિલ્કત રજીસ્ટરે ફક્ત સોસાયટીઓના પ્રયોજકોના નામે ચાલે છે. તમામ રહેણાંક / મિલ્કત ધારકોને તેઓને માલીક કબજેદાર તરીકે અલગ સુવાંગ મિલ્કત કાર્ડ આપવા પાત્ર છે. આશા રાખીએ કે મહેસુલ વિભાગ સીટી સર્વેના વ્યવસ્થાતંત્રને વધુ સક્ષમ બનાવે અને કાયદેસરના ધારકોને મિલ્કત કાર્ડ આપવાની ફરજ નિભાવે.

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

## જાપાનમા પેરા એશિયન ગેમ્સનો રંગારંગ કાર્યક્રમ સાથે પ્રારંભ



જાપાનમાં એશિયન ગેમ્સ બાદ દિવ્યાંગ ખેલાડીઓ માટેની પેરા એશિયન ગેમ્સનો રંગારંગ કાર્યક્રમ સાથે પ્રારંભ થયો હતો. નાગોયા શહેરમાં આવેલા મિઝુહો પાર્ક એથ્લેટિક્સ સ્ટેડિયમમાં રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો અને ગેમ્સમાં ભાગ લઈ રહેલા ૪૫ દેશોના ખેલાડીઓ પોતાના રાષ્ટ્ર ધ્વજ સાથે સ્ટેડિયમમાં પ્રવેશ્યા હતા. જાપાનના સમ્રાટ નારુહિતોએ પેરા એશિયન ગેમ્સને ખુલ્લી મુકાયેલી જાહેર કરી હતી. ભારતના ૧૯૮ ખેલાડીઓ વિવિધ ૧૮ રમતોમાં ભાગ લેવાના છે. પેરા બેડમિંટન સ્ટાર પ્રમોદ ભગતની સાથે એથ્લીટ સિમરને રાષ્ટ્રધ્વજ વાહક તરીકે ભારતીય ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. અગાઉ ગુજરાતની ભૂતપૂર્વ પેરાલિમ્પિક મેડલ વિજેતા અને ટેબલ ટેનિસની ખેલાડી ભાવિના પટેલનું નામ ફ્લેગ બેરર તરીકે જાહેર થયું હતુ. જોકે ભાવિનાની ઈવેન્ટ શરૂ થઈ ગઈ હોવાથી તેને બીજી મેચ પહેલા આરામ મળી રહે તેવા હેતુથી ફ્લેગ બેરર્સમાં પરિવર્તન કરવામાં આવ્યું હતુ. પેરા એશિયન ગેમ્સમાં ૧૯ રમતોમાં કુલ મળીને ૪૮૯ ઈવેન્ટ્સ એટલે કે ૪૮૯ ગોલ્ડ મેડલ દાવ પર લાગશે. એક સપ્તાહ સુધી ચાલનારી પેરા એશિયન ગેમ્સનો સમાપન સમારંભ તારીખ ૨૪મી ઓક્ટોબરે યોજાશે.

### તીરંદાજી શીતલ દેવી, શૂટર અવની તેમજ જેવલીન થ્રોઅર સુમિત અને પ્રમોદ ગોલ્ડ જીતવા માટેના પ્રબળ દાવેદાર

# જાપાન પેરા એશિયન ગેમ્સમાં ભારતના સ્ટાર ટુ વોચ

### જાપાન પેરા એશિયન ગેમ્સમાં આજે ૬૩ ગોલ્ડ મેડલ દાવ પર લાગશે : ગુજરાતની પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલને સતત ત્રીજી એશિયન ગેમ્સમાં મેડલની આશા

નવી દિલ્હી, તા.૧૮

જાપાનમાં શરૂ થયેલી પેરા એશિયન ગેમ્સમાં ભારતના ૧૯૮ ખેલાડીઓ વિવિધ ૧૧ રમતોની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતવા માટેની દાવેદારી નોંધાવશે. ભારતની પેરા એશિયન ગેમ્સની ટીમમાં પેરાલિમ્પિક તેમજ વર્લ્ડ પેરા ચેમ્પિયનશિપમાં ગોલ્ડ સહિતના મેડલ જીતી ચૂકેલા સુપરસ્ટાર ખેલાડીઓ સામેલ છે. હવે જાપાન પેરા એશિયન ગેમ્સમાં આ ખેલાડીઓની પાસેથી ભારતને ગોલ્ડ મેડલની આશા છે. આવતીકાલે પ્રથમ દિવસે કુલ મળીને ૬૩ ગોલ્ડ મેડલના વિજેતા નક્કી થવાના છે, ત્યારે ભારતીય ટીમમાં સામેલ કેટલાક સ્ટાર્સ પર એક નજર..

ભારતે ગત પેરા એશિયન ગેમ્સમાં કુલ ૩૦૯ ખેલાડીઓને સ્પર્ધામાં ઉતાર્યા હતા અને ૨૭ ગોલ્ડ, ૩૨ સિલ્વર અને ૪૯ ગોલ્ડ સાથે ૧૦૮ મેડલ જીત્યા હતા. જોકે આ વખતે ભારતીય પેરા ટીમમાં ખેલાડીઓની સંખ્યા અડધોઅડધ ઘટી ગઈ હોય તેમ જોવા મળી રહ્યું છે.

**શીતલ દેવી** (પેરા તિરંદાજી) : ભારતની પેરા તીરંદાજ શીતલ દેવીને હાથ નથી અને પગ અને ચહેરાતેમજ ગળાની મદદથી નિશાન સાધે છે. શીતલ દેવીએ પેરાલિમ્પિકમાં બ્રોન્ઝ અને ૨૦૨૫માં કમ્પાઉન્ડ વિભાગમાં વર્લ્ડ ચેમ્પિયન બનવામાં સફળતા મેળવી હતી. શીતલ દેવીએ ગત પેરા એશિયન ગેમ્સમાં બે ગોલ્ડ અને એક સિલ્વર જીત્યો હતો.



ભાવિના પટેલ

**અવની લેખરા** (પેરા શૂટિંગ) : છેલ્લી બે પેરાલિમ્પિકમાં બે ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ જીતી ચૂકેલી પેરા રાઈફલ શૂટર અવની લેખરા વ્હીલચેર પર બેસીને નિશાન સાધે છે. તેણે ૨૦૨૩ની હાંગઝોઉ પેરા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.



શીતલ દેવી

**સુમિત અંતિલ** (પેરા એથ્લીટ) : છેલ્લી બે પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકેલા ભાલા ફેંકની એફ૬૪ કેટેગરીનો આ સુપરસ્ટાર એથ્લીટ સાત વખત વર્લ્ડ રેકોર્ડ નોંધાવી ચૂક્યો છે. ત્રણ વખતનો વર્લ્ડ ચેમ્પિયન સુમિત અંતિલ ગત ગેમ્સમાં જીતેલો ગોલ્ડ મેડલ જાળવી રાખવાના ઈરાદાસ સાથે જાપાન આવી પહોંચ્યો છે.

**પ્રમોદ ભગત** (પેરા બેડમિંટન ) : નવ વખત વર્લ્ડ પેરા ચેમ્પિયન રહી ચૂકેલા પ્રમોદ ભગતે ૨૦૨૦ના ટોકિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. મેન્સ સિંગલ્સમાં એસએલથ્રી કેટેગરીમાં ભાગ લેતા આ ખેલાડીએ અગાઉ પેરા એશિયન ગેમ્સમાં બે ગોલ્ડ અને ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા છે.



અવની લેખરા

**ભાવિના પટેલ** (પેરા ટેબલ ટેનિસ) : ગુજરાતના પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે ૨૦૨૦ના ટોકિયો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ભાવિના પટેલે ૨૦૧૮ની પેરા એશિયન ગેમ્સમાં સિલ્વર અને ૨૦૨૩માં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આ વખતે તેમને મેડલની હેટ્રિક સર્જવાની તક છે.



પ્રમોદ ભગત

**અન્ય સ્ટાર્સ:** પેરા એથ્લેટિક્સમાં સિમરન શર્માની સાથે પ્રીતિ પાલ તેમજ દીપ્તી જીવનજી, હાઈજમ્પર નિષાદ કુમાર અને પ્રવિણ કુમાર, ગોળાફેંકમાં સચિન ખિલારી અને હોકાતો હોતોઝે સેમા, કલબ થ્રોમાં ધર્મબીર નૈન અને પ્રણવ સૂરમાની પાસે મેડલની આશા છે. બેડમિંટનમાં આઈએએસ અધિકારી સુહાસ યથિરાજ તેમજ ક્રિશ્ના નાગર, માનસી રામદાસ, પેરા તીરંદાજ હરવિન્દર સિંઘ તેમજ પેરાલિફ્ટર ઝંડુ કુમાર કમાલ કરી શકે છે.



સુમિત અંતિલ

### ટીમ ઈન્ડિયાનો અત્યંત વ્યસ્ત કાર્યક્રમ ક્રિકેટરોને ભારે પડી શકે

# ભારતને ન્યુઝીલેન્ડ સામેની ટી-૨૦ શ્રેણી અગાઉ પ્રેક્ટિસ માટે એક જ સેશન મળશે

### વિન્ડિઝ ટી-૨૦ શ્રેણી પુરી થયાના પાંચ દિવસ બાદ ભારતીય ટીમ ક્રાઈસ્ટચર્ચમાં ન્યુઝીલેન્ડ સામે શ્રેણીની પ્રથમ ટી-૨૦ મેચ રમશે

નવી દિલ્હી, તા.૧૮

વિશ્વના સૌથી ધનાઢ્ય ક્રિકેટ બોર્ડની હાઈપ્રોફાઈલ ટીમ ઈન્ડિયાનો અત્યંત વ્યસ્ત કાર્યક્રમ ઘણી વખત ખેલાડીઓ માટે પડકારરુપ બની જતો હોય છે. ભારતીય ટીમનો કાર્યક્રમ એટલો ભરચક રહેતો હોય છે કે, જેના કારણે સ્ટાર ખેલાડીઓને શ્રેણી કે પ્રવાસનો થાક ઉતારવાનો તેમજ નવી શ્રેણીની તૈયારી માટેનો પુરતો સમય પણ મળતો નથી. આ અંગે નિર્દેશ કરતાં ભારતીય બેટ્સમેન સેમસને કહ્યું કે, ન્યુઝીલેન્ડ સામેની ટી-૨૦ શ્રેણીની તૈયારી માટે અમને માત્ર એક જ બેટિંગ પ્રેક્ટિસ સેશન મળશે.

**પ્રેક્ટિસ કે તૈયારી માટે સમય જ નથી**

ટીમ ઈન્ડિયાને ટી-૨૦માં વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવનારા સેમસને કહ્યું કે, આજ-કાલ જે પ્રમાણે ક્રિકેટ કાર્યક્રમ ગોઠવાય છે, તેના કારણે અમને પ્રેક્ટિસ માટેની કે પૂર્વતૈયારીઓ કરવાની તક જ મળતી નથી. આ સમયે અનુભવ કામમાં આવે છે. ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રમાનારી શ્રેણીની પ્રથમ ટી-૨૦ અગાઉ અમને માત્ર એક જ બેટિંગ પ્રેક્ટિસ સેશન મળવાનો છે. નોંધપાત્ર છે કે, વિન્ડિઝ સામેની ટી-૨૦ શ્રેણીની આખરી મેચ ૧૭મી ઓક્ટોબરે રમાઈ હતી, જેના પાંચમા દિવસે એટલે ૨૨મી ઓક્ટોબરે તો ભારતીય ટીમ ક્રાઈસ્ટચર્ચમાં ન્યુઝીલેન્ડ સામે ટી-૨૦ રમવા ઉતરશે. નોંધપાત્ર છે કે, આ દરમિયાન તેમને ૧૭ કે વધુ કલાક તો મુસાફરી કરવી પડશે.

**નવી પરિસ્થિતમાં સેટ થવામાં સમય લાગે**

સેમસને એમ પણ ઊમેર્યું કે, અમે ન્યુઝીલેન્ડની ભૂમિ પર ૨૦મી ઓક્ટોબરે પહોંચીશું અને અમારો પ્રેક્ટિસ સેશન ૨૧મીએ યોજાશે. જ્યારે ૨૨મીએ તો ન્યુઝીલેન્ડની સામે શ્રેણીની પ્રથમ મેચ રમાવાની છે. અમે વિન્ડિઝ શ્રેણીના હકારાત્મક પાસાની સાથે સાથે અનુભવને લઈને ન્યુઝીલેન્ડમા આગળ વધીશું. ત્યાંની પરિસ્થિતિને અનુકૂળ થવામાં થોડો સમય લાગે તે સ્વાભાવિક છે. અમારા અનુભવને આધારે એક બાબત નક્કી છે કે, દરેક ખેલાડીએ કન્ડિશનને મહત્વ અને આદર આપવો જરુરી છે.

**એશિયન ગેમ્સ-વિન્ડિઝની શ્રેણી વચ્ચે ૩ દિવસનો ગાળો**

અગાઉ પણ ભારતીય ટીમને આવી જ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની ટીમે ત્રીજી ઓક્ટોબરે રમાયેલી એશિયન ગેમ્સની ફાઈનલમાં પાકિસ્તાનને હરાવ્યું હતુ. જોકે આ પછી ટીમ ઈન્ડિયા માત્ર ત્રણ જ દિવસ પછી ઘરઆંગણે વિન્ડિઝ સામે ટી-૨૦ શ્રેણી રમવા ઉતરી હતી. ભારત-વિન્ડિઝ વચ્ચેની શ્રેણીની પ્રથમ ટી-૨૦ છઠ્ઠી ઓક્ટોબરના રોજ આયોજીત થઈ હતી. જાપાનથી ભારત વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ સાડા આઠથી દસ કલાક જેટલો હોય છે. વિન્ડિઝ સામેની શ્રેણીમાં ભારતીય ટીમના દેખાવમાં જોવા મળેલો ચડાવ-ઉતાર સતત પ્રવાસ અને થાકના કારણે પણ હોઈ શકે.



### ટોપ ઓર્ડરના ફોર્મમાં આવતો ચડાવ-ઉતાર સામાન્ય

# ન્યુઝીલેન્ડમાં પણ વૈભવ સૂર્યવંશીને તક મળે તેવું લાગતું નથી : પુજારા

### વૈભવને વિન્ડિઝ સામેની પાંચમાંથી એક પણ મેચમાં તક મળી નહતી

બેંગલુરુ, તા.૧૮

ભારતીય ટી-૨૦ ટીમમાં સામેલ ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીને ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રમાનારી શ્રેણીમાં મેદાન પર ઉતરવાની તક મળે તેવું હાલની સ્થિતિ જોતાં લાગતું નથી તેમ ભૂતપૂર્વ ક્રિકેટર ચેતેશ્વર પુજારા માને છે. પુજારાએ કહ્યું કે, ન્યુઝીલેન્ડના પ્રવાસમાં પરિસ્થિતિ ખુબ જ મહત્વની બની જાય છે અને આ કારણે વધુને વધુ ઓલરાઉન્ડર્સને તક મળશે. આવી સ્થિતિમાં ટોપ ઓર્ડરમાં બહુ બધા સ્પેશિયાલીસ્ટ બેટ્સમેન માટે સ્થાન નથી.



પુજારાએ કહ્યું કે, મને નથી લાગતું કે ન્યુઝીલેન્ડની પરિસ્થિતિમાં ભારત સેમસન અને વૈભવને એક સાથે ઈલેવનમાં સામેલ કરે. આ કારણે વૈભવને રાહ જોવી પડશે. સેમસનના ફોર્મમાં આવતા ચડાવ-ઉતાર અંગે પુજારાએ કહ્યું કે, ટી-૨૦ના ફોર્મેટમાં ટોપ ઓર્ડરના બેટ્સમેનોના ફોર્મમાં જોવા મળતો ચડાવ-ઉતાર ખાસ મહત્વ ધરાવતો નથી. ટી-૨૦માં એકાદ સારી ઈનિંગ મેચનું પાસું પલ્ટી નાંખનારી બની રહેતી હોય છે.

### મહિલા ટી-૨૦

## ભારતે ઝિમ્બાબ્વે સામે શ્રેણી જીતી



રાયપુર : ભારતની મહિલા ટીમે ઘરઆંગણે ચાલી રહેલી ઝિમ્બાબ્વે સામેની ટી-૨૦ શ્રેણીમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી હતી. બીજી ટી-૨૦માં ઝિમ્બાબ્વેની મહિલા ટીમના ૧૦૨/૮ના સ્કોર સામે ભારતે ૮.૫ ઓવરમાં ૧ વિકેટે ૧૦૪ રન કરતાં નવ વિકેટથી જીત હાંસલ કરી હતી. શેફાલી વર્માએ ૫૫ અને કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૪૭* રન કર્યા હતા. અગાઉ નિક્કી પ્રસાદે ૭ રનમાં બે વિકેટ મેળવી હતી.

### બિહાર ૧૬૬માં ઓલઆઉટ : બરોડાના ૭૭/૩

# રણજી ટ્રોફી : બરોડા અને બિહારની મેચમાં પ્રથમ દિવસે ૧૩ વિકેટ પડી

### ગુજરાત સામે દિલ્હીના ૩૮૧/૪ : સૌરાષ્ટ્ર સામે કર્ણાટકના ૮ વિકેટે ૨૮૧

અમદાવાદ, તા.૧૮

રણજી ટ્રોફીના બીજા રાઉન્ડમાં બરોડા અને બિહારની મેચમાં પ્રથમ દિવસે કુલ ૧૩ વિકેટ પડી હતી. વડોદરામાં શરૂ થયેલી મેચમાં બિહારની પ્રથમ ઈનિંગ ૧૬૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી. જવાબમાં બરોડાની ટીમે પ્રથમ દિવસની રમતના અંતે ત્રણ વિકેટે ૭૭ રન કર્યા હતા. યજમાન ટીમ હજુ ૮૯ રનના દેવા હેઠળ છે અને તેમની સાત વિકેટ સલામત છે. ગુજરાતની સામે દિલ્હીએ ચાર વિકેટે ૩૮૧નો સ્કોર કર્યો હતો. જ્યારે સૌરાષ્ટ્ર સામે કર્ણાટકે આઠ વિકેટે ૨૮૧નો સ્કોર કર્યો હતો.

**રાજ લિમ્બાણીની ૩૨ રનમાં ચાર વિકેટ**

બિહારની ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. બરોડા આક્રમક શરૂઆત કરતાં બિહાર ૬૩/૫માં ફસડાયું હતુ. બિપિન સૌરભે ૫૮ રન સાથે લડત આપી હતી. રાજ લિમ્બાણીએ ૩૨ રનમાં ચાર અને ભાર્ગવ ભટ્ટે ૧૭ તેમજ મહેશ પિઠિયાએ ૨૫ રનમાં બે-બે વિકેટ ઝડપી હતી. બરોડાએ ધ્રુવ (૦)-શિવાલિક (૪)ની વિકેટ સસ્તામાં ગુમાવી હતી. શાસ્વત ૩૮ રને આઉટ થયો હતો. રમતના અંતે પ્રિયાંશુ મોલિયા ૩૨ અને મહેશ પિઠિયા બે રને ક્રિઝ પર હતા.

**ગિલ માત્ર એક રન કરીને આઉટ**



**ભારતીય ટેસ્ટ કેપ્ટન ગિલ રણજી ટ્રોફીમાં પંજાબ તરફથી ઉતર્યો હતો અને છત્તીસગઢ સામની મેચમાં પાંચ બોલ રમીને ૧ રને અજય માંડલની બોલિંગમાં ક્લિન બોલ્ડ થયો હતો. જોકે પંજાબે સહારનના ૧૦૬* અને પ્રભસિમરનના ૬૨ની મદદથી પ્રથમ દિવસના અંતે ૨૬૯/૪ સ્કોર કર્યો હતો.**

**પ્રિયાંશ આર્યના ૧૯૯: બડોની ૧૧૫***

ગુજરાત સામે હોમગ્રાઉન્ડ પર રમી રહેલી દિલ્હીની ટીમે રણજી ટ્રોફી મેચના પ્રથમ દિવસે ટોસ જીતીને બેટિંગ કરતાં ૪ વિકેટે ૩૮૧ રન નોંધાવ્યા હતા. પ્રિયાંશ આર્ય ૨૪ ચોગ્ગા અને છ છગ્ગા સાથે ૨૨૧ બોલમાં ૧૯૯ રન નોંધાવીને મનન હિંગરાજીયાનો શિકાર બન્યો હતો. બડોની ૧૧૫ અને સુમિત ૦ પર નોટઆઉટ હતા. હર્ષલ પટેલે બે વિકેટ ઝડપી હતી.

**ઉનડકટ-પાર્થ ભુતની ૩-૩ વિકેટ**

યજમાન કર્ણાટક સામે શરૂ થયેલી રણજી મેચમાં પ્રથમ દિવસે જયદેવ ઉનડકટ અને પાર્થ ભુતે અનુક્રમે ૫૧ અને ૭૩ રન આપીને ૩-૩ વિકેટ ઝડપી હતી. સૌરાષ્ટ્રે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી અને કર્ણાટકે રમતના અંતે આઠ વિકેટે ૨૮૧ રન કર્યા હતા. માનવંથ કુમારના નોટઆઉટ ૮૬ અને અનીષ ૫૯ રન હતા. નવમી વિકેટમાં માનવંથ-અભય શેટ્ટી (૮૫ બોલમાં ૬*) વચ્ચે ૮૭* રનની ભાગીદારી નોંધાઈ હતી.

**મુંબઈની ટીમ લીડ મેળવવા તરફ**

તુષાર દેશપાંડેએ ૪૬ રનમાં ચાર વિકેટ ઝડપતાં ટોસ ગુમાવીને બેટિંગ કરી રહેલી હિમાચલની પ્રથમ ઈનિંગ ૧૪૦માં સમેટાઈ હતી. મુંબઈએ રમતના અંતે બે વિકેટે ૧૦૭ રન કર્યા હતા.

## માંચેસ્ટર યુનાઈટેડ સળંગ છઠ્ઠી મેચમાં વિજયથી વંચિત : લીડ્સ સામેની મેચ ડ્રો

લંડન : માંચેસ્ટર યુનાઈટેડની ટીમને સળંગ છઠ્ઠી મેચમાં વિજયથી વંચિત રહેવું પડ્યું હતુ અને લીડ્સ યુનાઈટેડે ઈપીએલના મુકાબલાને ૧-૧થી ડ્રોમાં ખેંચ્યો હતો. બેયુમોએ પ્રથમ હાફમાં ગોલ ફટકાર્યો હતો. જોકે ડોમિનિક કૅલ્વેલ્ટ-લુઈસે સ્કોર કરતાં લીડ્સની ટીમને બરોબરી અપાવી હતી. આ સાથે યુનાઈટેડની ટીમ તમામ ટુર્નામેન્ટમાં મળીને આ સળંગ છઠ્ઠી મેચમાં વિજય મેળવી શકી નહતી. યુનાઈટેડની ટીમ ઈપીએલમાં ૧૩માં અને લીડ્સ સાતમા ક્રમે છે. બ્રાઈટને ૫-૦થી ક્રિસ્ટલ પેલેસની સામે જીત હાંસલ કરી હતી.

## પાકિસ્તાન સામેની વન ડેમાં શ્રીલંકા હાર્યુ

રાવલપિંડી : પાકિસ્તાન સામેની ત્રિકોણીય જંગની પ્રથમ વન ડેમાં શ્રીલંકાનો ૩૭ રનથી પરાજય થયો હતો. પાકિસ્તાને પ્લેયર ઓફ ધ મેચ સલમાન આગાના ૯૦ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથેના ૧૦૭ રનની મદદથી ૪૯.૫ ઓવરમાં ૩૦૫ રન નોંધાવ્યા હતા. અહસાન મલિંગાની ૪૬ રનમાં ચાર અને અસિથા ફર્નાન્ડોની ૫૯ રનમાં ત્રણ વિકેટ હતી. જવાબમાં રથ્નાયકેના ૭૯ અને લિયાનાગેના ૬૦ રનને સહારે શ્રીલંકા ૨૫૩/૫ના સ્કોર સુધી પહોંચ્યા બાદ ૪૮.૧ ઓવરમાં ૨૬૮માં ખખડી જતાં હાર્યું હતુ. આફ્રિદીએ ત્રણ વિકેટ ઝડપી હતી.

## ડેવિડોવિચે ફાઈનલમાં જોડારને હરાવી શાંઘાઈ માસ્ટર્સ ટ્રોફી જીતી



શાંઘાઈ : ઓલ સ્પેનિશ ફાઈનલમાં ડેવિડોવિચ ફોકિનાએ ૧-૬, ૭-૬(૭-૫), ૬-૪થી ૨૦ વર્ષના જોડાને હરાવીને શાંઘાઈ માસ્ટર્સ મેન્સ સિંગલ્સ ટાઈટલ જીતી લીધું હતુ. ૨૭ વર્ષના ડેવિડોવિચની કારકિર્દીનું આ સૌપ્રથમ માસ્ટર્સ ૧૦૦૦ ટાઈટલ હતું. ફાઈનલ મેચ બે કલાક અને ૨૮ મિનિટ ચાલી હતી. શાંઘાઈ માસ્ટર્સમાં સતત બીજા વર્ષે બે

**ડેવિડોવિચ ૧-૬, ૭-૬(૭-૫), ૬-૪થી જીત્યો**

સરપ્રાઈઝ ફાઈનલ્સ જોવા મળ્યા હતા.ગત વર્ષે વાચેરોટે તેના પિતરાઈ રિન્ડરનેચને હરાવી ટાઈટલ જીત્યું હતુ. અગાઉ રમાયેલી બંને સેમિ ફાઈનલમાં મેજર અપસેટ સર્જાયા હતા. સિઝનના અંતે વર્લ્ડ નંબર વનનું સ્થાન નિશ્ચિત કરી ચૂકેલા ટોપ સીડ જર્મન સ્ટાર ઝ્વેરેવને ડેવિડોવિચે ૫-૭, ૬-૪, ૬-૩થી પરાજીત કર્યો હતો. જ્યારે ૧૨માં ક્રમાંકિત જોડારે ભૂતપૂર્વ ચેમ્પિયન અને પાંચમો સીડ ધરાવતા રશિયાને મેડ્વેડેવને ૬-૩,૬-૪થી મહાત આપી હતી.ડેવિડોવિચ ફોકિનાએ ત્રીજા રાઉન્ડમાં ટિયાફો સામે મેચ પોઈન્ટ બચાવ્યો હતો અને જીત મેળવી હતી. ત્યાર બાદ તેણે હુર્કાઝ અનેઝ્વેરેવને હરાવીને અપસેટ સર્જ્યા હતા.

## બીજી ટેસ્ટ : ઓસ્ટ્રેલિયા સામે સાઉથ આફ્રિકા ૨૦/૨



ગાકેબેરહા : ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે શરૂ થયેલી બીજી ટેસ્ટના પ્રથમ દિવસે વરસાદના વિઘ્નને કારણે માત્ર ૧૨.૨ ઓવરની રમત જ શક્ય બની હતી. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી. બોલેન્ડે સતત બે બોલમાં માર્કરામ (૧૧) અને બેડિંગહામ (૦)ની વિકેટ ઝડપી હતી. એકેરમેન પાંચ અને કેપ્ટન બવુમા ચાર રને નોટઆઉટ હતા.

## આર્જેન્ટીનાની વર્લ્ડ ચેમ્પિયન ટીમના ગોલકિપરને EPLની મેચમાં ઈજા : જડબાની સર્જરી કરવી પડી



લંડન : ઈંગ્લિશ પ્રીમિયર લીગની ચેલ્સી કલબમાં સામેલ આર્જેન્ટીનાની વર્લ્ડ ચેમ્પિયન ફૂટબોલ ટીમના ગોલકિપર એમિલિનો માર્ટિનેઝને ચહેરા પર ગંભીર ઈજા થઈ હતી. ઈપીએલમાં ચેલ્સી અને એવર્ટન વચ્ચેની મેચના બીજા હાફ દરમિયાન એમિલિનો અને જૅર્ડ બ્રાન્થવેઈટના ચહેરા ટકરાયા હતા. આ કારણે એમિલિનો મેદાન પર ફસડાઈ પડ્યો હતો. તેને તત્કાળ ઓક્સિજન ચઢાવવો પડ્યો હતો. તેને નવ મિનિટ સુધી સારવાર આપવામાં આવી હતી અને આખરે સ્ટ્રેચરમાં મેદાન બહાર લઈ જવાયો હતો. હવે ચેલ્સીએ જાહેરાત કરી છે કે, માર્ટિનેઝને જડબાનું ફ્રેક્ચર થયું હતુ અને તેના પર તત્કાળ સર્જરી કરવી પડી હતી. હવે તે થોડા સપ્તાહ બાદ પુનરાગમન કરશે. આ મેચમાં નેટોના ગોલને સહારે ચેલ્સી ૨-૦થી જીત્યું હતુ.

## બાર્સેલોનાનો હાઈવોલ્ટેજ મેચમાં ૫-૨થી રિયલ બેટિસ સામે વિજય : યમાલ સાથેના ટકરાવ બદલ બર્નેલને રેડકાર્ડ



નોઉ કેમ્પ: સ્પેનિશ ફૂટબોલ કલબ બાર્સેલોનાએ લા-લીગામાં નવમી મેચ પણ જીતી લેતા ૧૦૦ ટકા વિજયનો રેકોર્ડ જાળવી રાખ્યો હતો અને હાઈવોલ્ટેજ મેચમાં ૫-૨થી રિયલ બેટિસને હરાવ્યું હતુ. યમાલે ૧૦મી, રોડ્રીએ ૪૧મી અને ગેબ્રિયલ જીસસે ૫૧મી મિનિટે સ્કોર કર્યો હતો. બેટિસ તરફથી ગોમેઝ અને એઝાલ્ઝોઉલીએ અનુક્રમે ૨૭મી અને ૫૩મી મિનિટે ગોલ ફટકાર્યો હતો. આ પછી મેદાન પર બર્નેલ અને યમાલ વચ્ચે ટકરાવ થયો હતો. બર્નેલે બંને હાથથી યમાલને પકડી લીધો હતો અને તેની સામે માથું અફળાવવાની કોશીશ કરી હતી. આ કારણે તેને ૫૪મી મિનિટે મળેલા રેડકાર્ડને કારણે મેદાન છોડવું પડ્યું હતુ. યમાલને પણ યલો કાર્ડ દેખાડવામાં આવ્યું હતુ. આખરે એરિક ગાર્સિયાએ ૬૨મી અને ડાની ઓલ્મોએ ૮૧મી મિનિટે સ્કોર કરતાં બાર્સેલોના ૫-૨થી જીત્યું હતુ.

# એકેડમી મ્યુઝિયમ ગાલામાં કિમ કર્દાશિયન છવાઈ




હોલિવૂડના જાણીતા કલાકારો, ગાયકો અને ફેશન જગતની હસ્તીઓની હાજરી વચ્ચે લોસ એન્જલસમાં એકેડમી મ્યુઝિયમ ગાલા યોજાયો હતો. ટેલર સ્વિફ્ટ, સબ્રિના કાર્પેન્ટર, કિમ કર્દાશિયન, કેન્ડલ જેનર, જેકબ એલોર્ડી, કેટ હડસન અને અન્ય જાણીતી હસ્તીઓએ રેડ કાર્પેટ પર હાજરી આપી હતી. જોકે, આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ટેલર સ્વિફ્ટનું મ્યુઝિકલ પર્ફોર્મન્સ અને સિનેમામાં વિશિષ્ટ યોગદાન બદલ ત્રણ દિગ્ગજ કલાકારોનું સન્માન રહ્યું હતું. **ટેલર સ્વિફ્ટનો ખાસ અંદાજ :** ટેલર સ્વિફ્ટે ગાલામાં અદભૂત પર્ફોર્મન્સ આપ્યું હતું. તેમાં 'ઓફેલિયા', 'બ્લેન્ક સ્પેસ' અને 'લવ સ્ટોરી' સહિતનાં સોંગ્સ રજૂ કર્યા હતાં. ટોય સ્ટોરી માટેનાં સોંગ 'આઇ ન્યૂ ઈટ, આઇ ન્યૂ યુ'ની રજૂઆત પણ કાર્યક્રમની નોંધપાત્ર બાબત રહી હતી. **ત્રણ દિગ્ગજોને સન્માન :** આ વર્ષના ગાલામાં અભિનેત્રી ચાર્લીઝ થેરોનને 'આઈકન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી હતી. તેમની ફિલ્મી કારકિર્દીના ગ્લોબલ ઈમ્પેક્ટને ધ્યાનમાં રાખીને આ સન્માન અપાયું હતું. ફિલ્મ ડિરેક્ટર અને મ્યુઝિશિયન જ્હોન કાર્પેન્ટરને 'લ્યુમિનરી એવોર્ડ' આપવામાં આવ્યો હતો. જ્યારે, એક્ટર કોલમન ડોમિંગોને 'વેન્ટેજ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. **ફેશન અને ફિલ્મનું મિલન :** એકેડમી મ્યુઝિયમ ઓફ મોશન પિક્ચર્સ દ્વારા આયોજિત આ ગાલાનો હેતુ સિનેમાના ઈતિહાસનું જતન અને ફિલ્મ આર્ટને પ્રોત્સાહન આપવાનો છે. કાર્યક્રમમાંથી મળતી રકમનો ઉપયોગ મ્યુઝિયમનાં પ્રદર્શનો, શૈક્ષણિક કાર્યક્રમો અને જાહેર ફિલ્મ સ્ક્રીનિંગને ટેકો આપવા માટે થાય છે. આ વર્ષની ગાલામાંથી મ્યુઝિયમ માટે ૧.૪ કરોડ ડોલરથી વધુની રકમ એકત્ર થઈ હતી. ગાલાના સહ-અધ્યક્ષ તરીકે ટોમ ફોર્ડ, રોબર્ટ રોડ્રિગેઝ, સ્ટીવન સ્પીલબર્ગ અને કેટ કેપશોએ જવાબદારી સંભાળી હતી.

### માર્શલ આર્ટસ અને કોમેડીનું મિશ્રણ હશે

## આમિર ખાન સ્ટીફન ચૌ સાથે એક્શન ફિલ્મ બનાવે તેવી શક્યતા

મુંબઈ, તા. ૧૮

બોલીવૂડ અભિનેતા આમિર ખાન હોંગકોંગના જાણીતા દિગ્દર્શક સ્ટીફન ચૌ સાથે આંતરરાષ્ટ્રીય સ્તરની એક્શન-કોમેડી ફિલ્મ બનાવવા માટે ચર્ચા કરી રહ્યા છે. આ ફિલ્મમાં માર્શલ આટ્ર્સ અને ફિઝિકલ કોમેડીનું અનોખુ મિશ્રણ જોવા મળશે. શાહરૂખ અને સલમાન ખાનની જેમ આમિર પણ એક્શન ફિલ્મો થકી પોતાની કારકિર્દીને નવો વેગ આપવા પ્રયાસ કરી રહ્યો છે.




સ્ટીફન ચૌ કુંગ ફૂ હસલ અને શાઓલીન સોકર જેવી વિશ્વપ્રસિદ્ધ ફિલ્મોમાં પોતાના ખાસ એક્શન અંદાજ અને કોમેડી માટે જાણીતા છે. જો આ જોડાણ સફળ થાય તો દર્શકોને તેમનાં ખાસ એકશન દ્રશ્યો માણવા મળશે. જો કે, આ પ્રોજેક્ટ હજી પ્રારંભિક તબક્કામાં છે અને બંને પક્ષ તરફથી કોઈ સત્તાવાર જાહેરાત હજી સુધી નથી થઈ.

હાલમાં આમિર ખાન અન્ય સ્ક્રિપ્ટ્સ વિશે પણ વિચાર કરી રહ્યો છે, જેમાં એટલી સાથેની સંભવિત ફિલ્મ સામેલ છે. હાલ તેમનું મુખ્ય ધ્યાન આશુતોષ ગોવારીકરની ૧૯૫૨ની ઐતિહાસીક ભારત-પાકિસ્તાન ક્રિકેટ શ્રેણી પર આધારીત 'લલકારા' અને રાજકુમાર હિરાનીની '૩ ઈડિયટ્સ'ની સીક્વલ પર છે, જેથી આ નવી ફિલ્મનો નિર્ણય થોડા સમય પછી લેવાશે.

### હજુ પ્રારંભિક તબક્કામાં વાતચીત, સત્તાવાર જાહેરાતની જોવાતી રાહ

### પુત્ર ઉત્કર્ષ માટે અનિલ શર્માની વધુ એક ફિલ્મ

## અર્જુન નાગામાં રણદીપ હુડા તથા સેલિના જેટલીની પણ એન્ટ્રી

મુંબઈ, તા. ૧૮

દિગ્દર્શક અનિલ શર્મા પુત્ર ઉત્કર્ષ શર્માની કારકિર્દીને ઉંચકવા વધુ એક ફિલ્મ 'અર્જુન નાગા બનાવી રહ્યા છે. તેમાં રણદીપ હુડા તથા સેલિના જેટલીની પણ એન્ટ્રી થઈ છે. આ ફિલ્મમાં અર્જુન રામપાલ ખલનાયકની ભૂમિકામાં હશે તે અગાઉ જાહેર થઈ ચૂક્યું છે. પુત્ર ઉત્કર્ષ માટે અનિલ શર્મા 'ગદર ટુ' જેવી ફિલ્મ પણ બનાવી ચૂક્યા છે પરંતુ હજુ સુધી ઉત્કર્ષની કારકિર્દી જામી નથી.




આ વાર્તા દુબઈમાં ૧૯૬૬માં થયેલી તેલની શોધ અને તેના ઐતિહાસીક પરિવર્તનની પૃષ્ઠભૂમિ પર આધારીત છે. ફિલ્મમાં સામાન્ય વેપારી કેન્દ્રમાંથી સમૃદ્ધ બનતા દુબઈની સફર સાથે સત્તા અને મહત્વાકાંક્ષા પણ દર્શાવાશે. ગરીબીમાંથી અત્યંત ધનિક બનતા યુવક તરીકે ઉત્કર્ષ શમાને મેઈન હિરો તરીકે દર્શાવાશે.

આ મેગા પ્રોજેક્ટના દરકે ભાગનું શીર્ષક અલગ હશે અને દસથી બાર જાણીતા કલાકારો મહત્વના પાત્રો નિભાવશે. હાલમાં મુંબઈમાં પ્રથમ ભાગનું શૂટિંગ ચાલી રહ્યું છે, જે ૨૦૨૭ સુધી પૂર્ણ થવાની શક્યતા છે.

### ફિલ્મ ચાર ભાગમાં બનશે તેવો દાવો, મુંબઈ ઉપરાંત દુબઈમાં શૂટિંગ થશે

### રણબીરની રામાયણ પાર્ટ ટુ સાથે ટકરાશે

## પ્રભાસ અને તૃપ્તિની સ્પિરિટ છેક આવતી દિવાળી પર પાછી ઠેલાઈ

મુંબઈ, તા. ૧૮

દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ પ્રભાસ અને તૃપ્તિ ડિમરી અભિનિત ફિલ્મ 'સ્પિરિટ'ની નવી રીલિઝ તારીખ ૨૯ ઓક્ટોબર, ૨૦૨૭ જાહેર કરી છે.

અગાઉ આ ફિલ્મ પાંચ માર્ચ, ૨૦૨૭ના રોજ રજૂ થવાની હતી, પણ હવે તે આવતાં વર્ષે દિવાળી પર રજૂ થશે. આ ફેરફારને કારણે બોક્સ ઓફિસ પર રણબીર કપૂર, યશ અને સની દેઓલની 'રામાયણ ટૂ' સાથે તેની સીધી ટક્કર થવાની પૂરી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે 'સ્પિરિટ' પ્રોજેક્ટ શરુ થયો ત્યારથી અનેક વિવાદો સર્જાતા રહ્યા છે. દીપિકા પાદુકોણે આ ફિલ્મ કામના કલાકો સહિતનાં કારણોસર છોડી દીધી હતી. તે પછી તેની જગ્યાએ તૃપ્તિ




ડિમરી ગોઠવાઈ ગઈ હતી. કાસ્ટિંગમાં ફેરફારને કારણે ફિલ્મનાં શૂટિંગમાં વિલંબ થશે એ નિશ્ચિત બની ગયું હતું.

વાંગાએ સોશિયલ મીડિયા પર પ્રભાસનો નવો લૂક ધરાવતું પોસ્ટર શેર કરીને આ સત્તાવાર જાહેરાત કરી હતી.

આ ફેરફાર સાથે પ્રભાસની અન્ય આગામી ફિલ્મ 'ફૌઝી'ની રિલીઝ શેડ્યુલમાં પણ ફેરફારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

આ ફિલ્મ દ્વારા પ્રભાસ અને વાંગા પ્રથમ વખત સાથે કામ કરી રહ્યા છે. આ એક્શન ડ્રામામાં પ્રભાસ એક ખાસ ટેવ ધરાવતા પોલીસ અધિકારીના દમદાર રોલમાં જોવા મળશે. ફિલ્મમાં વિવેક ઓબેરોય અને પ્રકાશ રાજ પણ મુખ્ય ભૂમિકામાં છે.

### કાસ્ટિંગમાં ફેરફારો સહિતનાં કારણોથી માર્ચ ૨૦૨૭ની ડેડલાઈન ચૂકી જશે

### કરણ જૌહર એક પૌરાણિક ફિલ્મ બનાવશે

## કરણ જોહરની કાલિયામાં કાર્તિક મુખ્ય ભૂમિકામાં

મુંબઈ, તા. ૧૮

કાર્તિક આર્યન હવે કરણ જોહરના ધર્મા પ્રોડક્શનની અત્યાર સુધીની સૌથી મોટી અને મહત્વાકાંક્ષી ફિલ્મ 'કાલિયા'માં મુખ્ય ભૂમિકા ભજવવા જઈ રહ્યો છે. આ પ્રોજેક્ટનું સત્તાવાર ટીઝર આગામી દિવાળીએ રિલીઝ થનારી રામાયણ ફિલ્મ સાથે સિનેમાઘરોમાં પ્રદર્શિત કરવામાં આવશે.



આ ફિલ્મનું નિર્દેશન 'ધી નાઈટ મેનેજર' ફેમ સંદીપ મોદી કરશે. 'કાલિયા' ભારતીય પૌરાણિક કથા પર આધારીત એક અનોખી ફીચર ફિલ્મ હશે, જેને ખૂબ જ મોટા બજેટ સાથે તૈયાર કરવામાં આવી રહી છે. હાલમાં આ ફિલ્મ પ્રી-પ્રોડક્શન તબક્કામાં છે અને તેનું શૂટિંગ ડિસેમ્બર ૨૦૨૬માં શરૂ થવાનું આયોજન છે.

'દોસ્તાના ટુ'નો ફિયાસ્કો થયા બાદ કાર્તિક અને કરણ જોહરના સંબંધો કથળ્યા હતા. પરંતુ, બંનેએ સમાધાન કરી લીધા બાદ હવે કરણ જોહર એક પછી એક પ્રોજેક્ટમાં કાર્તિકને રીપિટ કરી રહ્યો છે.

### ધી નાઈટ મેનેજરના ડિરેક્ટર સંદીપ મોદીને ફિલ્મનું સુકાન સોંપાયું

### ડાયાબિટિસ ઘટાડવા નિયંત્રણમાં રાખવાની નકલી દવાઓ ચીનમાંથી પગપેસારો કરી રહી છે

# ઓબેસિટી ઘટાડવાના નામે દેશમાં નકલી દવાઓનો વેપલો વધ્યો

ભારત આજે વિશ્વમાં ડાયાબિટીસની વૈશ્વિક રાજધાની બનવાની અણી પર આવીને ઊભું છે. ચીન પછી સૌથી વધુ ડાયાબિટીસના દર્દીઓ ધરાવતો આપણો દેશ એક વિકરાળ અને ભયાનક આરોગ્ય સંકટનો સામનો કરી રહ્યો છે. આ આંકડા માત્ર ચોંકાવનારા નથી, પણ આપણા ભવિષ્ય સામે ઊભેલા લાલ બત્તી જેવા ગંભીર જોખમની ચેતવણી આપે છે. અનિયમિત જીવનશૈલી, બેઠાડું દિનચર્યા અને અસ્વસ્થ ખાનપાનને કારણે ભારતીયોમાં મેદસ્વિતા એટલે કે સ્થૂળતા રોગચાળાની જેમ વકરી રહી છે. વજન વધવું એ કેવળ સુંદરતા કે બાહ્ય દેખાવનો પ્રશ્ન નથી રહ્યો, પણ હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી જીવલેણ બીમારીઓનું મૂળ કારણ બની ગયો છે. જ્યારે સમાજમાં પાતળા દેખાવાની અને રાતોરાત વજન ઘટાડવાની ઘેલછા વધે છે, ત્યારે માનવ સ્વાસ્થ્યના ખર્ચે નફાખોરીનું એક ઘૃણાસ્પદ ષડયંત્ર આકાર લઈ રહ્યું છે. આજે ભારતીય બજારમાં સ્લિમિંગ અને વેટ-લોસના નામે અબજો રૂપિયાનું કાળું સામ્રાજ્ય ઊભું થઈ ચૂક્યું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે હવે સામાન્ય બ્યુટી પ્રોડક્ટ્સ પૂરતું સીમિત ન રહેતાં, આ કાળો કારોબાર જીવરક્ષક દવાઓના નકલી ઉત્પાદન અને વેચાણ સુધી પહોંચી ગયો છે.

> ડેનમાર્કની નોવો નોર્ડિસ્ક કંપનીએ 'ઓઝેમ્પિક' નામનું ઈન્જેક્શન બજારમાં ઉતાર્યું, જે મૂળભૂત રીતે ટાઈપ-૨ ડાયાબિટીસના નિયંત્રણ માટે તૈયાર કરાયું છું. આ દવાનું મુખ્ય સક્રિય તત્વ સેમાગ્લુટાઈડ ભૂખને દબાવીને આંતરડા અને મગજ વચ્ચેના સંકેતોને નિયંત્રિત કરે છે. જેથી ડાયાબિટીસની સારવારની સાથે વજનમાં નાટકીય રીતે મોટો ઘટાડો થાય છે : પેટન્ટ સમાપ્તિ અને લોકોમાં વજન ઘટાડવાની તાલાવેલીનો પૂરેપૂરો ફાયદો ઉઠાવીને ભારતમાં નકલી વેટ-લૉસ દવાઓનું એક ભયાનક ઝેરી નેટવર્ક પથરાઈ ચૂક્યું છે. આંતરરાષ્ટ્રીય તબીબી એજન્સીઓના તાજેતરના અહેવાલો મુજબ, દેશના મેટ્રો શહેરોથી માંડીને નાના નગરો સુધી નકલી ઓઝેમ્પિક અને માઉનજારોના ઈન્જેક્શનોનો ખુલ્લેઆમ વેપાર થઈ રહ્યો છે : આ નકલી ડ્રગ રેકેટનો સૌથી મોટો અડ્ડો ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને અનવેરિફાઈડ ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ બન્યા છે. ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ, વ્હોટ્સએપ ગ્રૂપ્સ અને ગેરકાયદેસર ઓનલાઈન ફાર્મસીઓ પર ઓરિજિનલ ઓઝેમ્પિક ૫૦% છૂટમાં મેળવો કે પછી એક મહિનામાં ૧૦ કિલો વજન ઘટાડવાની ખાતરી જેવી આકર્ષક અને ભ્રામક જાહેરાતોનો રાફડો ફાટ્યો છે

વૈશ્વિક ફાર્મા ક્ષેત્રમાં ડેનમાર્કની નોવો નોર્ડિસ્ક કંપનીએ 'ઓઝેમ્પિક' (Ozempic) નામનું ઈન્જેક્શન બજારમાં ઉતાર્યું હતું, જે મૂળભૂત રીતે ટાઈપ-૨ ડાયાબિટીસના નિયંત્રણ માટે તૈયાર કરાયું હતું. આ દવાનું મુખ્ય સક્રિય તત્વ સેમાગ્લુટાઈડ ભૂખને દબાવીને આંતરડા અને મગજ વચ્ચેના સંકેતોને નિયંત્રિત કરે છે. ડાયાબિટીસની સારવાર કરતાં કરતાં ડોક્ટરો અને દર્દીઓએ જોયું કે આ દવાથી વજનમાં નાટકીય રીતે મોટો ઘટાડો થાય છે. બસ, પછી તો હોલીવુડથી લઈને બોલીવુડ સુધી, અને સેલિબ્રિટીઓથી માંડીને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સુધી બધા જ આને ચમત્કારિક વેટ-લોસ ડ્રગ ગણાવીને તૂટી પડ્યા. આ જ શ્રેણીમાં અમેરિકન ફાર્મા કંપની એલી લિલી દ્વારા 'માઉનજારો' ઈન્જેક્શન રજૂ કરવામાં આવ્યું. તેમાં ટિર્ઝેપેટાઈડ નામનું ડ્યુઅલ હોર્મોન એગોનિસ્ટ તત્વ છે. આ દવાઓ તબીબી વિજ્ઞાન માટે વરદાન સાબિત થઈ શકી હોત, કારણ કે ગંભીર સ્થૂળતા સામે લડી રહેલા લાખો દર્દીઓને સર્જરી વિના રાહત આપવાની ક્ષમતા આ ફોર્મ્યુલેશનમાં છે. ભારત જેવા દેશમાં, જ્યાં કરોડો લોકો મેદસ્વિતા અને ડાયાબિટીસના બેવડા ભાર હેઠળ દબાયેલા છે, ત્યાં આ દવાઓ સંજીવની સમાન સાબિત થઈ શકતી હતી.

ઉલ્લેખનીય છે કે, લોકો માટે મોટી મુશ્કેલી આ દવાઓની અસહ્ય અને અવાસ્તવિક કિંમત હતી. માઉનજારો કે ઓઝેમ્પિકના એક મહિનાના ઈન્જેક્શન ડોઝનો ખર્ચ ૧૩,૦૦૦ રૂપિયાથી લઈને ૨૦,૦૦૦ રૂપિયા કે તેથી વધુ થાય છે. વજન ઘટાડવા અને તેને જાળવી રાખવા માટે આ ઈન્જેક્શન મહિનાઓ સુધી લેવા પડે છે, જેના કારણે સારવારનો કુલ ખર્ચ સહેલાઈથી એક લાખ રૂપિયાથી પણ વધી જાય છે. સામાન્ય મધ્યમવર્ગીય ભારતીય પરિવાર માટે આટલો મોટો ખર્ચ કરવો અસંભવ છે. આ મોંઘી દવાઓ પર મોટી વિદેશી કંપનીઓનો લાંબા સમયથી પેટન્ટ અધિકાર હતો. માર્ચ મહિનામાં જ્યારે આ દવાઓના પ્રારંભિક પેટન્ટ્સ સમાપ્ત થવા લાગ્યા, ત્યારે દેશના આરોગ્ય ક્ષેત્રમાં એક નવી આશાનો સંચાર થયો. ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ વિશ્વભરમાં સસ્તી અને ગુણવત્તાસભર જેનરિક દવાઓ બનાવવા માટે જાણીતો છે. ભારતીય કંપનીઓ જ્યારે આ દવાઓના જેનરિક વર્ઝન લાવશે, ત્યારે કિંમતોમાં ૭૦ ટકા સુધીનો જંગી ઘટાડો થશે અને સામાન્ય ગરીબ કે મધ્યમવર્ગીય દર્દી પણ મોંઘી બ્રાન્ડના નામે લૂંટાયા વગર પોતાનું જીવન બચાવી શકશે એવી ગણતરી હતી.

ન્યુઝ ફોકસ

પરંતુ સામાન્ય નાગરિકો સુધી અધિકૃત અને સસ્તી જેનરિક દવાઓ પહોંચે તે પહેલાં જ મેડિકલ માફિયાઓએ બાજી મારી લીધી છે. પેટન્ટ સમાપ્તિ અને લોકોમાં વજન ઘટાડવાની તાલાવેલીનો પૂરેપૂરો ફાયદો ઉઠાવીને ભારતમાં નકલી વેટ-લોસ દવાઓનું એક ભયાનક ઝેરી નેટવર્ક પથરાઈ ચૂક્યું છે. આંતરરાષ્ટ્રીય તબીબી એજન્સીઓના તાજેતરના અહેવાલો મુજબ, દેશના મેટ્રો શહેરોથી માંડીને નાના નગરો સુધી નકલી ઓઝેમ્પિક અને માઉનજારોના ઈન્જેક્શનોનો ખુલ્લેઆમ વેપાર થઈ રહ્યો છે. જ્યાં લોકો સસ્તી કિંમતે સાચી દવા મળવાની રાહ જોઈ રહ્યા હતા, ત્યાં આ ગેરકાયદેસર સિન્ડિકેટ્સ દ્વારા અદ્દલ ઓરિજિનલ જેવું પેકેજિંગ ધરાવતા ઝેરી ઉત્પાદનો પધરાવી દેવામાં આવી રહ્યા છે. સાચી જેનરિક દવા સસ્તી એટલા માટે હોય છે કારણ કે તેના પર માર્કેટિંગ અને બ્રાન્ડ નેમનો ખર્ચ નથી હોતો, પરંતુ નકલી દવા બનાવનારાઓએ આ સસ્તા ભાવના મનોવિજ્ઞાનને હથિયાર બનાવીને સીધા લોકોના જીવ જોખમમાં મૂકવાનું શરૂ કરી દીધું છે. આ નકલી ડ્રગ રેકેટનો સૌથી મોટો અડ્ડો ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને અનવેરિફાઈડ ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ બન્યા છે. ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ, વ્હોટ્સએપ ગ્રૂપ્સ અને ગેરકાયદેસર ઓનલાઈન ફાર્મસીઓ પર ઓરિજિનલ ઓઝેમ્પિક ૫૦% છૂટમાં મેળવો કે પછી એક મહિનામાં ૧૦ કિલો વજન ઘટાડવાની ખાતરી જેવી આકર્ષક અને ભ્રામક જાહેરાતોનો રાફડો ફાટ્યો છે.

મુંબઈ, દિલ્હી, અમદાવાદ અને બેંગલુરુ જેવા શહેરોમાં જિમ ટ્રેનર્સ, અનધિકૃત વેલનેસ ક્લિનિક્સ અને બ્યુટી સ્પા સંચાલકો ડોકટરના કોઈપણ પ્રિસ્ક્રિપ્શન વિના આ ઈન્જેક્શનો ગેરકાયદેસર રીતે વેચી રહ્યા છે. ઉદાહરણ તરીકે, તાજેતરમાં સામે આવેલા એક કિસ્સામાં લગ્ન પહેલાં ઝડપથી પાતળા થવાના ચક્કરમાં એક યુવતીએ સોશિયલ મીડિયા પેજ પરથી સસ્તું માઉનજારો ઓર્ડર કર્યું હતું. માત્ર ત્રણ અઠવાડિયાના અનિયમિત ઉપયોગ બાદ તેણીને ભયાનક પેન્ક્રિયાટાઈટિસ અને ડીહાઈડ્રેશન થતાં તાત્કાલિક વેન્ટિલેટર પર મૂકવી પડી હતી. તપાસમાં બહાર આવ્યું કે તે ઈન્જેકશન કોઈ પણ લાયસન્સ વિના તૈયાર થયેલું નકલી કેમિકલ હતું.

આ સ્થિતિ ભારત સરકારની ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) અને રાજ્ય કક્ષાના ફૂડ એન્ડ ડ્રગ કમિશનરેટ સામે ગંભીર સવાલો ઊભા કરે છે. પેટન્ટ સમાપ્તિ બાદ જ્યારે સાચી જેનરિક દવાઓ ભારતીય બજારોમાં સત્તાવાર રીતે આવે ત્યારે આવે, પરંતુ અત્યારે જે બેરોકટોક નકલી ઝેર વેચાઈ રહ્યું છે તેને ડામવા માટે તાત્કાલિક લાલ આંખ કરવી પડશે. ઓનલાઈન ગેરકાયદે વેચાણ કરતી વેબસાઈટ્સને તાકીદે બ્લોક કરવી, કસ્ટમ્સ પોટ્ર્સ પરથી આવતા શંકાસ્પદ કેમિકલ શિપમેન્ટ્સનું કડક ચેકિંગ કરવું અને પ્રિસ્ક્રિપ્શન વગર દવા આપનારા સામે બિનજામીનપાત્ર ફોજદારી ગુના નોંધવા અનિવાર્ય છે. તબીબી નિષ્ણાતોનું સ્પષ્ટ કહેવું છે કે સેમાગ્લુટાઈડ કે ટિર્ઝેપેટાઈડ જેવી દવાઓ કોઈ સાદી પેરાસિટામોલ નથી. આ એન્ડોક્રિનોલોજિસ્ટ કે યોગ્ય લાયકાત ધરાવતા તબીબના કડક નિરીક્ષણ હેઠળ જ આપવાની દવાઓ છે, કારણ કે દર્દીના થાઈરોઈડ, સ્વાદુપિંડ અને હૃદયની સંપૂર્ણ તપાસ કર્યા વિના આ દવાઓ લેવી એટલે સીધા મોતના મુખમાં ધકેલાવું.



ભારતીય નાગરિકોએ પણ હવે અંધવિશ્વાસ અને શોર્ટકટની માનસિકતામાંથી બહાર આવવું પડશે. શરીરને સુડોળ બનાવવાના નામે પોતાના સ્વાસ્થ્ય સાથે રશિયન રૂલેટ રમવાનું બંધ કરવું પડશે. કોઈપણ અધિકૃત ફાર્મસી કે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર સિવાય સોશિયલ મીડિયા પરથી દવાઓ મંગાવવી એ આત્મઘાતી પગલું છે. જેનરિક દવાનો અર્થ સસ્તી દવા જરૂર થાય છે, પરંતુ જેનરિકના ઓઠા હેઠળ બજારમાં ફરતું કોઈપણ બિન-બ્રાન્ડેડ પ્રવાહી જીવન બચાવનારું નથી હોતું, એ કાળમુખું ઝેર પણ હોઈ શકે છે. જો દેશની નિયમનકારી સંસ્થાઓ, કાયદા અમલીકરણ એજન્સીઓ અને સામાન્ય જનતા સમયસર નહીં જાગે, તો મેદસ્વિતા અને ડાયાબિટીસ ઘટાડવાની આ ક્રાંતિ ભારતના લાખો પરિવારો માટે એક ક્યારેય ન પુરાય તેવી કાળી હોનારત બનીને ત્રાટકશે.

### નકલી પ્રોડકટ અને બીજી અનરેગ્યુલેટેડ કમ્પાઉન્ડેડ દવા જેવા સ્વરૂપે છેતરપિંડી

ઉલ્લેખનીય છે કે, આ નકલી દવાઓનો કાળો કારોબાર મુખ્યત્વે બે અત્યંત ઘાતક સ્વરૂપોમાં ચાલી રહ્યો છે. પહેલો પ્રકાર છે સંપૂર્ણ નકલી પ્રોડક્ટ્સ. આ કિસ્સામાં પેકેજિંગ, લેબલિંગ, લોગો અને પેન-ઈન્જેક્ટર બિલકુલ અસલી નોવો નોર્ડિસ્ક કે એલી લિલી જેવું જ દેખાય છે. અંદર માત્ર સાદું ખારું પાણી (સેલાઈન વોટર), કલર્ડ લિક્વિડ અથવા તો સસ્તું ઈન્સ્યુલિન ભરેલું હોય છે. કલ્પના કરો કે જે વ્યક્તિ ડાયાબિટીસની દર્દી નથી, તે વજન ઘટાડવાની લાલચમાં આવું ઈન્જેકશન લે અને તેમાં ઈન્સ્યુલિન નીકળે, તો તેનું બ્લડ સુગર અચાનક અત્યંત નીચે જઈ શકે છે. આ સ્થિતિ દર્દીને કોમામાં ધકેલી શકે છે અથવા સ્થળ પર જ તેનું મૃત્યુ નીપજાવી શકે છે. વિદેશોમાં અને હવે ભારતના કેટલાક વિસ્તારોમાં આવા ગંભીર કિસ્સા નોંધાયા છે જ્યાં લોકો વજન ઉતારવાની ઘેલછામાં અજાણ્યા ‌ોતો પાસેથી ઓઝેમ્પિકના નામે નકલી પ્રવાહી શરીરમાં ઈન્જેક્ટ કરીને સીધા આઈસીયુમાં પહોંચ્યા છે. જાણકારોના મતે બીજો અને વધુ જોખમી પ્રકાર છે અનિયંત્રિત, અનરેગ્યુલેટેડ કમ્પાઉન્ડેડ દવાઓ. આ દવાઓમાં સેમાગ્લુટાઈડ કે ટિર્ઝેપેટાઈડ જેવો સક્રિય રાસાયણિક ઘટક કદાચ હાજર હોય છે, પરંતુ તે બનાવવાની પદ્ધતિ તદ્દન ગેરકાયદેસર અને ખતરનાક હોય છે. આ દવાઓ બનાવવા માટે ચીન કે અન્ય દેશોમાંથી શંકાસ્પદ સ્ત્રોતો મારફતે કાચો કેમિકલ પાવડર દાણચોરીથી મંગાવવામાં આવે છે. વૈજ્ઞાનિક માપદંડો, ચોક્કસ મોલેક્યુલર સ્ટરિલાઈઝેશન કે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના કોઈ પણ નિયમોનું પાલન કર્યા વિના ગંદી, અંધારી બેકયાર્ડ લેબોરેટરીઓમાં આ ઈન્જેક્શન તૈયાર કરવામાં આવે છે. આ દવાઓ માત્ર કેમિકલ મિશ્રણ નથી; તે બાયોલોજિકલ પેપ્ટાઈડ્સ છે જેનું પ્રોસેસિંગ ચોક્કસ તાપમાન, બેક્ટેરિયા-મુક્ત વાતાવરણ અને અત્યંત જટિલ પ્રક્રિયા હેઠળ થવું ફરજિયાત છે. જ્યારે આ નિયમો નેવે મૂકીને નફા માટે ઈન્જેક્શન બનાવાય છે, ત્યારે તેમાં ભયાનક બેક્ટેરિયલ ઈન્ફેક્શન, સેપ્સિસ, કાયમી કિડની ફેલ્યોર, લીવર ડેમેજ અને જીવલેણ એલર્જીક રિએક્શન થવાનું જોખમ સો ગણું વધી જાય છે.

# અમેરિકામાં ટ્રમ્પ વિરૂદ્ધ ૩,૦૦૦થી વધુ 'નો કિંગ્સ' રેલીઓ




અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરતા 'નો કિંગ્સ પ્રોટેસ્ટ' હવે રસ્તા પરના દેખાવોથી આગળ વધીને ચૂંટણીમાં લોકોની ભાગીદારી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અમેરિકાનાં વિવિધ શહેરોમાં નો કિંગ્સ વોટ અર્લી નામે હજારો કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્રની ચૂંટણી પહેલાં લોકોને વહેલું મતદાન કરવા પ્રોત્સાહિત કરવાનો અને મતદાનના અધિકારો અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આયોજકોના જણાવ્યા અનુસાર, દેશભરમાં ૩,૦૦૦થી વધુ રેલીઓ, સ્થાનિક મેળાવડા અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વોશિંગ્ટન ડી.સી.માં લિંકન મેમોરિયલ પાસે યોજાયેલા કાર્યક્રમમાં લોકો વહેલું મતદાન કરો અને અમારા મતાધિકારમાં હસ્તક્ષેપ બંધ કરો એવા સંદેશા ધરાવતાં બેનરો સાથે જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, નો કિંગ્સ આંદોલન ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન તેમની નીતિઓના વિરોધમાં ઊભું થયું હતું. આંદોલન સાથે જોડાયેલા લોકોનો આરોપ છે કે ટ્રમ્પની કેટલીક નીતિઓ અને નિર્ણયો સત્તાના વધુ પડતા કેન્દ્રીકરણ તરફ દોરી જાય છે. ટ્રમ્પ પોતે રાજાની જેમ વર્તી રહ્યા છે.

### શરીફ સરકારે કબજે કરેલા ખૈબરમાં લઘુમતીઓ પર અત્યાચાર

## પાક.માં ૨૦૦ વર્ષ જૂના રામલીલા મંદિરને તોડવાના પ્રયાસ બાદ સીલ કરાયું

ઈસ્લામાબાદ, તા. ૧૮

પાકિસ્તાનમાં ૨૦૦ વર્ષ જુના રામ લીલા મંદિરને તોડી પાડવાનો પ્રયાસ થયો હતો, જેનો હિન્દુ સંગઠનો દ્વારા ભારે વિરોધ થતા સુરક્ષા વધારવાના બદલે સ્થાનિક પ્રશાસને મંદિરને જ પોતાના કબજામાં લઈ લીધું હતું અને સીલ મારી દીધુ હતું. મંદિર તોડીને કોમર્શિયલ પ્લાઝા તૈયાર કરવાનું આયોજન હતું, જોકે હાલ વિરોધને કારણે આ નિર્ણય પડતો મુકવો પડ્યો હતો.

### મંદિરને તોડીને કોમર્શિયલ પ્લાઝા બનાવવાનું કામ હાલ અટકાવાયું

તાજેતરમાં જ પાકિસ્તાનની શાહબાજ શરીફ સરકારે જે ખૈબર પ્રાંતમાં ઈમરાન ખાનની પાર્ટીની સરકારને સસ્પેન્ડ કરીને સત્તા પોતાના કબજામાં લઈ લીધી હતી તે પ્રાંતમાં જ



આ ઘટના સામે આવી છે. ખૈબરના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં આવેલા રામ લીલા મંદિરને તોડવાનો પ્રયાસ થયો હતો. જોકે વિવાદ વચ્ચે આખરે ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ દ્વારા તેને સીલ કરી દેવામાં આવ્યું હતું, આ મંદિર પર બાદમાં સ્થાનિક પ્રશાસને કબજો કરી લીધો હતો. જે મંદિરને તોડવાનો પ્રયાસ થયો હતો તેને આ જિલ્લાના ૪૦૦ જેટલા હેરિટેજ સ્થળોમાં સામેલ કરવામાં આવ્યું છે. જ ટ્રસ્ટ દ્વારા આ મંદિર પર કબજો કરવામાં આવ્યો તે એવી સંપત્તિઓનું સંચાલન કે વહીવટ કરે છે કે જે ભારતના ભાગલા બાદ હિન્દુઓએ છોડી દીધી હોય અને ભારત આવીને વસી ગયા હોય.

આ જિલ્લામાં અનેક હિન્દુ ધાર્મિક સ્થળો આવેલા છે. તાજેતરમાં જ પાકિસ્તાન માનવ અધિકાર પંચે કહ્યું હતું કે પાકિસ્તાનમાં લઘુમતીઓના અધિકારોનો વારંવાર ભંગ થઈ રહ્યો છે.

### જિલ્લાના ૪૦૦ હેરિટેજ સ્થળોમાં મંદિરનો સમાવેશ છતાં તોડવા પ્રયાસ, હિન્દુ સંગઠનો દ્વારા ભારે વિરોધ

### આંદોલન સાથે જોડાયેલા લોકોને ડરાવવામાં આવે છે : સીજેપી

## લડાઈ લાંબી છે, જેલમાં નાખશો તો પણ પાછીપાની નહીં કરીએ : દિપકે

નવી દિલ્હી/પણજી, તા. ૧૮

કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીત દિપકેએ એવી આશા વ્યક્ત કરી હતી કે સૌરવ દાસ અને આશુતોષ રાંકા બન્ને ટૂંક સમયમાં બહાર આવશે, તેમની સાથે બેઠક યોજ્યા બાદ આગળની રણનીતી તૈયાર કરાશે. આ લડાઈ બહુ લાંબી છે, જેલમાં ધકેલશો તો પણ પાછીપાની નહીં કરીએ. બીજી તરફ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની પાંચ દિવસની ન્યાયિક કસ્ટડી પૂર્ણ થઈ ગઈ છે. જોકે રવિવારે આ મુદ્દે સુનાવણી થવાની હતી જે ટળી જતા હાલ કોકરોચ પાર્ટીના આ બન્ને નેતાઓ તિહાર જેલમાં જ કેદ રહેશે.

### ફ્રાન્સ-બાંગ્લાદેશની જેમ ભારતમાં પણ હિંસાનું કાવતરું હતું, યુવાનોને ભડકાવવા પ્રયાસ કરાઈ રહ્યો છે : રિજિજૂ

કોકરોચ જનતા પાર્ટીના લિગલ હેડ રત્ના સિંઘે મીડિયાને જણાવ્યું હતું કે રવિવારે સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ સુનાવણી હોવાથી સવારથી જ સૌરવ અને આશુતોષના વકીલો પહોંચી ગયા હતા. જોકે બપોરના ૧૨ વાગ્યા છતા સુનાવણી શરૂ ના કરાઈ અને સાંજ પર ઢોળી દેવાયું, અંતે સાંજે સુનાવણી હાથ ધરવામાં આવી જોકે બન્નેના જામીન અંગે કોઈ જ સુનાવણી ના કરવામાં આવી અને સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે પોતાને ફોન પર ધમકીઓ મળી હોવાનો ઉલ્લેખ કરીને મામલો ટાળી દીધો. બીજી તરફ અભિજીત દિપકેએ કહ્યું હતું કે પ્રદર્શનકારીઓની ધરપકડો કરીને તેમને ડરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જોકે અમે કોઈનાથી ડરીશું નહીં કે પાછીપાની પણ નહીં કરીએ. જ્યારે ગોવાના પણજીના પોલીસ અધિકારી વિજયકુમાર ચોડનકરે કહ્યું હતું કે પણજીમાં આયોજિત વિરોધ પ્રદર્શનના કાર્યક્રમમાં સીજેપીના પદાધિકારીઓએ મુર્દાબાદ, મુર્દાબાદ હિન્દુત્વ મુર્દાબાદના નારા લગાવ્યા હતા, આ મામલે ૩૦૦ લોકોની સામે ફરિયાદ દાખલ કરી છે. દરમિયાન કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ દાવો કર્યો હતો કે ભારતમાં પણ ફ્રાન્સ અને બાંગ્લાદેશ જેવી હિંસા ફેલાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

## હવાઈનો જ્વાળામુખી બે વર્ષમાં ૫૫મી વખત ફાટ્યો

નવી દિલ્હી, તા. ૧૮

હવાઈનો પ્રખ્યાત જ્વાળામુખી કિલાઉએ ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ૫૫મી વખત ફાટ્યો છે.જેમા હવાઈ વાલ્કેનોઝ નેશનલ પાર્કના ઉત્તરવેન્ટમાંથી ૭૦૦ ફુટ ઊચા લાવાના ફુવારા નિકળ્યાં હતાં.

### લાવાના ૭૦૦ ફૂટ ઊંચા ફુવારા જોવા મળ્યા રાખના વાદળ ૨૫ હજાર ફૂટ જેટલા ઊંચે ગયા

કિલાઉએ સક્રિય જ્વાળામુખી છે અહી આવા વિસ્ફોટ થતાં રહે છે.વૈજ્ઞાનીકો સતત જ્વાળામુખી પર નજર રાખી રહ્યાં હોય છે. મેગ્માનો દબાવ વધવાથી લાવા સ્વરૂપે ફુવારા નિકળે છે.આ પ્રક્રિયા જ્વાળામુખીની ગતિશીલતાને સમજવામાં મદદ કરે છે.



ડિસેમ્બર ૨૦૨૪થી ચાલી રહેલા જ્વાળામુખી વિસ્ફોટોની શ્રેણીમા આ નવો અધ્યાય છે. લાવાની રાખના વાદળો ૨૫,૦૦૦ ફૂટની ઊચાઈએ પહોચ્યાં હતાં.આ નજારો લગભગ ૬ કલાક ચાલ્યો હતો અને સવારે ૯:૦૩ કલાકે સમાપ્ત થયો હતો.હવાઈ સમય મુજબ સવારે ૩:૧૯ કલાકે ઉત્તરીય વેન્ટમાંથી લાવાના ફુવારા ઉડવાનું શરુ થયું હતું. સવારે ૫ વાગ્યા સુધીમા લાવાના ફુવારા ૭૦૦ ફુટની ઊચાઈએ પહોચી ગયા હતાં. આ લાવા ક્રેટરની રાખ સમગ્ર ફ્લોર પર ફેલાઈ હતી. આગના ગોળા જેવા જ્વાળાઓનો ઝગમગાટ જોવા મળ્યો હતો. આકાશમા રાખના વાદળો જોવા મળ્યાં હતાં. યુએસ જીઓલોજીકલ સર્વેના હવાઈયન વોલ્કેનો ઓબ્ઝર્વેટરીએ આ વાતની પુષ્ટી કરી હતી.

### રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ

## કેનેડાના સૈન્ય મથકે ભીષણ આગ, ચાર જવાનનાં મૃત્યુ, અનેક ઘાયલ

નવી દિલ્હી, તા.૧૮

કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલા કેનેડિયન ફોર્સિસ બેઝ વેનરાઈટ ખાતે લાગેલી ભીષણ આગમાં ચાર લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સંરક્ષણમંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ દુર્ઘટનાની પુષ્ટી કરી હતી. જો કે, જાનહાનિનો ચોક્કસ આંકડો જાહેર નથી કરાયો. આગને કારણે સૈન્ય મથક અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ હતી.

### આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનું વાતાવરણ સર્જાયું, એમ્બ્યુલન્સની અછત સર્જાતા હેલિકોપ્ટરની મદદ લેવાઈ

આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બચાવદળો અને અગ્નિશામક કર્મચારીઓએ મોડી રાત સુધી કામગીરી ચાલુ રાખી હતી. ઘાયલોને વેનરાઈટ સહિત એડમન્ટન શહેરની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. દર્દીઓની સંખ્યા એટલી વધી ગઈ હતી કે આરોગ્ય સેવાઓ પર ભારે દબાણ સર્જાયું હતું. અનેક હોસ્પિટલોએ કોડ ઓરેન્જ જાહેર કર્યો હતો. એમ્બ્યુલન્સની અછતને કારણે હેલિકોપ્ટર અને વિમાનો દ્વારા પણ દર્દીઓને અન્ય સારવાર કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યા હતા.

કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોને જાણ કર્યા પછી જ જાનહાનિ વિશે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવશે. વેનરાઈટના મેયર બ્રુસ પ્યુએ સ્થાનિક આરોગ્યકર્મીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. મોડી રાત સુધીમાં આગને કાબૂમાં લેવાની કામગીરીમાં પ્રગતિ થઈ હતી અને મિલકતો તથા મહત્વના માળખા સુરક્ષિત હોવાની જાણકારી આપવામાં આવી હતી.

### ભારત દ્વારા રશિયન ક્રૂડ ઓઈલની આયાત યથાવત્

## ભારતની પશ્ચિમી દેશોમાં થતી ઈંધણ નિકાસમાં ગયા મહિને ૪૩ ટકાનો વધારો

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૮

ભારત, તૂર્કી અને બ્રુનેઈની રિફાઈનરીઓએ સપ્ટેમ્બરમાં યુરોપના દેશોમાં એક અબજ યુરોના ઓઈલ ઉત્પાદનોની નિકાસ કરી છે, જે ઓગસ્ટ મહિનાની નિકાસ કરતા ૪૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. યુક્રેન પર આક્રમણ કરવા બદલ યુરોપના દેશોએ રશિયન ક્રૂડ પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં યુરોપમાં ભારતીય કંપનીઓની ઓઈલ ઉત્પાદનોની નિકાસ વધી છે. બીજીબાજુ તેમણે રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત યથાવત્ રાખી છે.

### ભારતની રિફાઈનરીઓમાંથી પશ્ચિમી દેશોમાં રશિયન ક્રૂડમાંથી બનેલા ઓઈલ ઉત્પાદનોની આયાત એક અબજ યુરો થઈ

સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લિન એર (સીઆરઈએ)ના રિપોર્ટ મુજબ સપ્ટેમ્બરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઈનરીમાંથી છ કાર્ગો ભરીને ક્રૂડ ઓઈલ યુરોપીયન યુનિયનમાં ઠલવાયું હતું.

યુરોપીયન યુનિયને રશિયન ક્રૂડમાંથી બનેલા ઓઈલ ઉત્પાદન પર પ્રતિબંધ મૂકેલો હોવા છતાં ઈયુમાં રિલાયન્સની ઓઈલની નિકાસ વધી છે.

સીઆરઈએના રિપોર્ટ મુજબ ભારત, તુર્કી, બ્રુનેઈની ઓઈલ રિફાઈનરીઓના ઓઈલ ઉત્પાદનોની યુરોપમાં નિકાસ વધી છે. સપ્ટેમ્બરમાં ભારત, તુર્કીયે અને બ્રુનેઈ પાસેથી યુરોપીયન યુનિયને ૬૬.૭ કરોડ યુરો, ઓસ્ટ્રેલિયાએ ૧૬.૮ કરોડ યુરો, અમેરિકાએ ૧૫.૪ કરોડ યુરોપ તથા ન્યૂઝીલેન્ડે ૧.૯ કરોડ યુરોના ઓઈલ ઉત્પાદનોની આયાત કરી છે, જે રશિયન ક્રૂડમાંથી બનેલા હતા.

રિલાયન્સે જુલાઈથી સપ્ટેમ્બરમાં જામનગર રિફાઈનરીમાંથી ૧૨.૨ કરોડ યુરોના મૂલ્યના ઓઈલ ઉત્પાદનોની અમેરિકામાં નિકાસ કરી હતી અને આ જ સમયમાં કંપનીની ક્રૂડ ઓઈલની કુલ આયાતમાં રશિયન ક્રૂડનો હિસ્સો ૩૨ ટકાથી વધુ હતો. જામનગરમાંથી ઓઈલ ટેન્કરો ઈટાલી, રોમાનિયા, સ્પેન અને સાયપ્રસમાં પણ પહોંચ્યા હતા.

રશિયન ક્રૂડ ઓઈલનો ઉપયોગ કરતી રિફાઈનરીઓમાંથી ઈયુના બંદરો પર થતી નિકાસમાં ૮૦ ટકાનો ઊછાળો આવ્યો છે.

### ટ્રકની બ્રેક ફેઈલ થતા ગ્વાલિયરમાં શ્રદ્ધાળુઓનો ભોગ લેવાયો

## મધ્ય પ્રદેશ અને પંજાબમાં બે ભીષણ માર્ગ અકસ્માત : કુલ ૨૪ લોકોનાં મોત

ગ્વાલિયર, તા. ૧૮

મધ્ય પ્રદેશનાં ગ્વાલિયરમાં શીતલા માતાનાં મંદિરનાં મેળા દરમિયાન થયેલા ભીષણ માર્ગ અકસ્માતમાં ૧૫ લોકોનાં મોત થયા છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર અનાજ ભરેલુ ટ્રક ગુગલ મેપ્સ દ્વારા સૂચવવામાં આવેલા શોર્ટકર્ટ માર્ગે મંદિરની તરફ પહોંચ્યું હતું. બીજી તરફ પંજાબનાં સંગરુરમાં લહરાગાગા-જાખલ રોડ પર ઝડપથી જતી કારે મનરેગા મજૂરોને કચડી નાખતા ૯ મજૂરોનાં મોત થયા છે. દુર્ઘટના સમયે સડક પર ૨૪ મજૂરો કાર્ય કરી રહ્યાં હતાં.

### મધ્ય પ્રદેશની ઘટનામાં પીએમએ રૂ. બે લાખ અને સીએમએ રૂ. ચાર લાખનાં વળતરની જાહેરાત કરી

અનાજ ભરેલા ટ્રકની બ્રેક ફેઈલ થઈ જવાનાં કારણે વાહન શ્રદ્ધાળુઓની ભીડંમાં ઘૂસી ગયું હતું. જેનાં કારણે ૧૫ લોકોનાં મોત થયા છે અને ઓછામાં ઓછા ૨૬ લોકો ઘાયલ થયા છે. ટ્રક ડ્રાઈવર અને ટ્રક માલિકની ધરપકડ કરી લેવામાં આવી છે. આશંકા દર્શાવવામાં આવી રહી છે કે તેણે ગૂગલ મેપ પર લોકેશન શોધીને શોર્ટ કટ રસ્તાની પસંદગી કરી હતી. આ દરમિયાન મધ્ય પ્રદેશનાં મુખ્યપ્રધાન ડો. મોહન યાદવે આ ઘટના અંગે કડક વલણ અપનાવ્યું છે. કેસમાં બેદરકારી સામે આવ્યા પછી સંબધિત વિસ્તારનાં સીએસપી રવિ ભદૌરિયાને હટાવવાનાં નિર્દેશ આપવામાં આવ્યા છે. ત્રણ સ્ટેશન હાઉસ ઓફિસર સહિત આઠ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### મૃતદેહને દાટવા કે બાળવાથી પર્યાવરણને નુકસાનનો રિપોર્ટમાં દાવો

## પાણીમાં મૃતદેહ 'ડીકમ્પોઝ' કરવો સૌથી ઈકોફ્રેન્ડલી અંતિમસંસ્કાર : વૈજ્ઞાનિકો

વોશિંગ્ટન, તા. ૧૮

મૃતદેહના અંતિમ સંસ્કાર કે અંતિમવિધિ માટે જુદી જુદી પદ્ધતિઓ અપનાવાય છે, કોઈના મૃતદેહ દાટવામાં આવે છે તો કોઈના અગ્નિસંસ્કારથી બાળવામાં આવે છે. જોકે વૈજ્ઞાનિકોએ પાણીના ઉપયોગથી મૃતદેહનો નિકાલ કરવાની પદ્ધતિ શોધી છે. પાણીમાં મૃતદેહને ડીકમ્પોઝ કરવાની આ પદ્ધતિનો કેટલાક લોકો ઉપયોગ પણ કરી ચુક્યા છે. કેમ કે તેને વધુ ઈકો-ફ્રેન્ડલી પદ્ધતિ પણ માનવામાં આવે છે.

### પાણીથી ભરેલા ટેન્કમાં મૃતદેહને રાખ્યા બાદ તેમાં પોટેશિયમ હાઈડ્રોક્સાઈડ નાખીને તાપમાન ૧૫૦ ડિગ્રી સુધી લઈ જવાય છે

વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ મૃતદેહને દફનાવવા કે દાટવા કરતા સળગાવવાની પદ્ધતી પર્યાવરણીય રીતે વધુ યોગ્ય માનવામાં આવે છે. જોકે મૃતદેહ સળગાવવા માટે ફ્યુઅલ, લાકડા, ઈંધણ, વીજળી વગેરેની વધુ પ્રમાણમાં જરૂર પડે છે. જ્યારે બીજી તરફ મૃતદેહ સળગાવ્યા બાદ હવામાં મોટા પ્રમાણમાં પ્રદુષિત કાર્બન ડાયોક્સાઈડ ફેલાય છે. દફનાવવા અને બાળવા સિવાય હવે ત્રીજી પદ્ધતિ પર વૈજ્ઞાનિકો ભાર મુકી રહ્યા છે. જેને બાયોક્રિમેશન, ફ્લેમલેસ ક્રિમેશન અથવા તો વોટર ક્રિમેશન એટલે કે પાણીમાં જ અંતિમસંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે. જોકે અહીંયા પાણીમાં અંતિમસંસ્કારનો મતલબ પાણીમાં મૃતદેહને પધરાવી દેવાનો નથી થતો. પરંતુ એક ટેન્કમાં પાણી ભરીને તેમાં મૃતદેહને રાખીને એક ચોક્કસ પદ્ધતીથી તેનો નિકાલ કરવામાં આવે છે.

વિજ્ઞાનિકોના દાવા મુજબ આ પદ્ધતીને સૌથી વધુ ઈકો-ફ્રેન્ડલી માનવામાં આવે છે. કેમ કે તેમાં કોઈ જ પ્રદુષિત હવા નથી ફેલાતી, અંતે માત્ર હાડકાનો પાઉડર જ બચે છે. બધી બાજુથી બંધ કરી શકાય અને



### વોટર ક્રિમેશન પદ્ધતિમાં અંતે લિક્વિડ તૈયાર થાય છે જ્યારે હાડકાનો પાઉડર બનાવી પરિવારને સોંપાય છે

પ્રેશર જનરેટ કરી શકાય તેવા એક ટ્યુબ કે ટેન્કમાં પાણી ભરવામાં આવે છે, બાદમાં તેના પોટેશિયમ હાઈડ્રોક્સાઈડ નાખવામાં આવે છે.

મૃતદેહને અંદર નાખ્યા બાદ આ ટેન્કના પાણીને ખુબ ગરમ કરવામાં આવે છે અને તાપમાનને ૯૦થી ૧૫૦ ડિગ્રી સુધી લઈ જવામાં આવે છે. જેમ જેમ ટેન્કમાં પ્રેશર વધતું જાય છે તેમ તે મૃતદેહ ડિકમ્પોઝ થવા લાગે છે. ખાસ વાત એ છે કે આ પદ્ધતિમાં મૃતદેહને ઉકાળવામાં નથી આવતો. આ તુરંત નહીં પણ કલાકોનો સમય લેતી પદ્ધતિ છે જેમાં અંતે એક લિક્વિડ તૈયાર થાય છે તેનો ઉપયોગ બાદમાં ખાતર વગેરેમાં કરવામાં આવે છે, જે હાડકા બચે છે તેને બાદમાં એક અવનમાં નાખીને તેનો પાઉડર બનાવી દેવાય છે અને પરિવારજનોને સોંપવામાં આવે છે. એક અમેરિકન કંપનીના દાવા મુજબ પાણીમાં અંતિમસંસ્કારની પદ્ધતિ સળગાવવાની પદ્ધતિ કરતા ૯૦ ટકા ઓછી ઉર્જાનો ઉપયોગ કરે છે.

## મુંબઈની દુર્ગાપૂજામાં બોલીવૂડ સ્ટાર્સની હાજરી



નવરાત્રિના ઉત્સવ વચ્ચે મુંબઈના નોર્થ બોમ્બે સાર્વજનિક દુર્ગાપૂજાના પંડાલમાં બોલિવૂડની અનેક જાણીતી હસ્તીઓ એકત્ર થઈ હતી. અભિનેતા રણબીર કપૂર, અભિનેત્રી કાજોલ, ફિલ્મ મેકર અયાન મુખર્જી, શિલ્પા શિરોડકર, જેકી શ્રોફ, ઈશા કોપ્પીકર, તનિષા મુખર્જી અને અન્ય કલાકારોએ હાજરી આપી હતી. આ આયોજન દરમિયાન રણબીર કપૂર ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. તેણે સિંગર હર્ષદીપ કૌર સાથે સ્ટેજ પર પોતાની ફિલ્મ 'યે જવાની હૈ દીવાની'નું પોપ્યુલર સોંગ કબીરા ગાયું હતું. અયાન મુખર્જીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું સોંગ સાંભળીને ઉપસ્થિત લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. રણબીર અને અયાનની મિત્રતાએ પણ આ મુલાકાતને ખાસ બનાવી હતી. અભિનેત્રી કાજોલ પણ પોતાના પરિવાર સાથે પૂજામાં હાજર રહી હતી. તેની સાથે પુત્રી ન્યાસા દેવગન અને પુત્ર યુગ દેવગન પણ જોવા મળ્યાં હતાં. કાજોલની માતા તનુજા અને બહેન તનિષા મુખર્જી પણ આ પૂજાના આયોજન સાથે જોડાયેલાં રહ્યાં છે. આ રીતે આ કાર્યક્રમ માત્ર ધાર્મિક ઉજવણી જ નહીં, પરંતુ મુખર્જી પરિવારની પેઢી દર પેઢી ચાલતી પરંપરાનું પણ પ્રતીક બન્યો છે.





નવરાત્રીનું પર્વ આસ્થા અને ઉલ્લાસ ઉજવાઈ રહ્યું છે. યાત્રાધામ અંબાજી ખાતે આવેલ માં અંબેના દરબારમાં નવરાત્રી મહોત્સવની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ઐતિહાસિક ચાચર ચોકમાં ગરબાની અનોખી રમઝટ જામી હતી. નવરાત્રી દરમિયાન દરરોજ રાત્રે માતાજીની પૂજા-અર્ચના અને ભવ્ય આરતી સંપન્ન થયા બાદ ગરબાના કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવે છે.આરતી પૂર્ણ થતાં જ સમગ્ર ચાચર ચોક ખેલૈયાઓ અને ભક્તોના મહેરામણથી ઉભરાઈ ગયો હતો. બીજી તરફ હાલોલ તાલુકાના

શક્તિપીઠ પાવાગઢ ખાતે આજે આસો નવરાત્રીના સાતમના નોરતે અને રવિવારની રજા હોવાથી શ્રી મહાકાળી માતાજીના દર્શને પોણો લાખ ઉપરાંત ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતા.મહાકાળી માતાજીના દર્શને ગુજરાત, રાજસ્થાન મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાંથી વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો આવે છે.મધ્યરાત્રીથી મંદિર પરિસર તેમજ મંદિરના પગથિયા પર ભક્તોની ભારે ભીડ નિજ મંદિરના દ્વાર ખુલે તેની પ્રતીક્ષામાં કલાકો સુધી પ્રતીક્ષા કરતા ભક્તો જોવા મળ્યા હતા.

### ગુજરાતમાં પવન રૂઠ્યો, કોલસો પણ ખૂટ્યો

# કેન્દ્રની મદદ છતાં વીજળીની કટોકટીનું સંકટ થાળે પડતાં હજુ વાર લાગશે

અમદાવાદ, રવિવાર

ગુજરાતમાં વીજળીની માગ અને પુરવઠા વચ્ચેનું સંતુલન ખોરવાયું છે. પવન આધારિત વીજ ઉત્પાદનમાં ઘટાડો અને કોલસાની અછતને કારણે રાજ્યમાં વીજ કટોકટીના વાદળો ઘેરાયા છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર પાસે તાકીદે મદદ માંગી છે, પરંતુ કેન્દ્રની હકારાત્મક ખાતરી છતાં પણ વીજ પુરવઠો સંપૂર્ણપણે સરભર થતાં હજુ કેટલાંક દિવસો લાગી શકે તેમ છે. આ દરમિયાન પીક અવર્સમાં વીજ કાપ આવવાની પૂરેપૂરી સંભાવના છે.

## વીજ પુરવઠો સામાન્ય નહીં થાય તો રવિ સિઝનની વાવણીમાં પણ વિલંબ થઈ શકે છે : ખેડૂતો ચિંતામાં

રાજ્યમાં અચાનક સર્જાયેલી આ અછત પાછળ બે મુખ્ય પરિબળો જવાબદાર છે. એક તો, પવન આધારિત વિન્ડ પાવરના ઉત્પાદનમાં એકાએક ૫,૦૦૦ મેગાવોટનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. બીજું કે, ઉત્તર પ્રદેશ અને બિહારમાં પ્રતિકૂળ વાતાવરણના કારણે ગુજરાતમાં આવતા કોલસાની સપ્લાય ખોરવાઈ છે. અગાઉ જ્યાં રાજ્યમાં ૨૦થી ૨૫ દિવસનો કોલસાનો બફર સ્ટોક રહેતો હતો, તેમાં ભારે ઘટાડો થયો છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી વીજળીની માગ રોકેટ ગતિએ વધી રહી છે. વર્ષ ૨૦૨૫માં રાજ્યનું કુલ વીજ ઉત્પાદન ૧,૧૯,૫૦૦ મિલિયન યુનિટ હતું, જેની સામે માગ ૧,૨૮,૨૦૦ મિલિયન યુનિટ પર પહોંચી ગઈ હતી.

ચાલુ વર્ષે ઓક્ટોબરના મધ્યમાં જ વીજળીની પીક ડિમાન્ડ ૨૯,૮૨૨ મેગાવોટ પર પહોંચી ગઈ છે, જે ગત વર્ષે ઓક્ટોબર ૨૦૨૫માં ૨૧,૮૨૨ મેગાવોટ હતી. આમ, ગત વર્ષની સરખામણીએ વીજ ડિમાન્ડમાં આશરે ૮,૦૦૦ મેગાવોટનો વધારો થયો છે.

**પીક અવર્સમાં વીજ કાપ આવે તો કારખાનાઓમાં ઉત્પાદન ઠપ થવાની શક્યતા : હજારો શ્રમિકો રોજીરોટી ગુમાવે તેવી ભીતિ**

જો આગામી દિવસોમાં વીજ પુરવઠો સામાન્ય નહીં થાય તો સૌથી મોટો ફટકો જીઆઈડીસી અને કારખાનાઓને પડશે. પીક અવર્સમાં વીજળી ગુલ થવાના ડરના કારણે જો કારખાનાઓમાં ઉત્પાદન ઠપ થશે, તો દૈનિક વેતન પર જીવતા હજારો ગરીબ શ્રમિકોએ પોતાની રોજીરોટી ગુમાવવાનો વારો આવી શકે છે.

બીજી તરફ, આ અછતની સીધી અસર કૃષિ સેક્ટર પર પડી રહી છે. વીજળીના અભાવે સિંચાઈની કામગીરી ઠપ થઈ ગઈ છે, જેના કારણે ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત, રવિ સીઝનની વાવણીનો સમય શરૂ થઈચૂક્યો હોવા છતાં, પાવર શોર્ટેજને કારણે વાવણીમાં વિલંબ થવાની શક્યતા છે.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તાકીદે ૧,૦૦૦ મેગાવોટ વધારાની વીજળી ફાળવવા માટે માગણી કરી હતી. કેન્દ્ર સરકારે આ માગણીનો સ્વીકાર કરીને વધારાનો પાવર પૂરો પાડવાની ખાતરી

(અનુસંધાન બીજા પાને)

### 'પાવર સરપ્લસ' ગુજરાતમાં વીજસંકટ સર્જાયું કેમ?

# એક બાજુ સરકારી વીજ ઉત્પાદન ઘટ્યું, બીજી બાજુ ખાનગી કંપની પાસે મોંઘી વીજળી ખરીદી

અમદાવાદ, રવિવાર

ગુજરાત 'પાવર સરપ્લસ' રાજ્ય ગણાવી મોટી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. હવે જ્યારે વીજ સંકટ સર્જાયું છે ત્યારે સરકાર ના વીજ આયોજન સામે સવાલ ઉઠયા છે. એક તરફ સરકારી વીજ ઉત્પાદનમાં ઘટાડો થાય છે, બીજી તરફ ખાનગી વીજ કંપનીઓ પાસેથી મોંઘી વીજળી ખરીદવામાં આવે છે. અંતે મોંઘી વીજ વ્યવસ્થાનો બોજ જનતાએ સહન કરવો પડે છે. જો ગુજરાતમાં પૂરતી વીજ ઉત્પાદન ક્ષમતા ઉપલબ્ધ છે, તો વારંવાર વધારાની વીજળી ખરીદવાની જરૂર કેમ ઊભી થાય છે? તે સવાલ ઉઠ્યો છે.

## વીજ વપરાશમાં ૧,૧૬૦ મિલિયન યુનિટનો વધારો થયો : સરકારી વીજ ઉત્પાદનમાં ૨,૨૮૦ મિલિયન યુનિટનો ઘટાડો નોંધાયો

વિધાનસભામાં રજૂ થયેલી માહિતીના આધારે ઉપલબ્ધ આંકડાઓ મુજબ, વર્ષ ૨૦૨૪માં અદાણી પાવર પાસેથી ૧૫,૪૯૨ મિલિયન યુનિટ વીજળી ખરીદવા માટે રૂ. ૮,૦૯૫ કરોડ ખર્ચવામાં આવ્યા હતા, જ્યારે વર્ષ ૨૦૨૫ના આંકડા મુજબ ૧૩,૨૨૩ મિલિયન યુનિટ વીજળી માટે રૂ. ૭,૩૦૦ કરોડ ખર્ચાયા હતા. આમ, આ બે વર્ષમાં કુલ ૨૮,૭૧૫ મિલિયન યુનિટ વીજળીની ખરીદી પાછળ રૂ. ૧૫,૩૯૫ કરોડનો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૧૧,૭૭૭ મિલિયન યુનિટ વીજળીની ખરીદી, રૂ. ૧,૩૨૨ કરોડના ફિક્સ્ડ ચાર્જ અને રૂ. ૩.૭૭ પ્રતિ યુનિટના સરેરાશ વેરિએબલ ખર્ચનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ફિક્સ્ડ અને વેરિએબલ ચાર્જ અલગ પ્રકારના ખર્ચ હોવાથી, સમગ્ર નાણાકીય ચિત્ર સમજવા માટે કરારની શરતો, સંબંધિત સમયગાળો અને કુલ ચુકવણીની વિગતો જાહેર થવી જોઈએ.

**બે વર્ષમાં કુલ ૨૮,૭૧૫ મિલિયન યુનિટ વીજળીની ખરીદી પાછળ રૂ. ૧૫,૩૯૫ કરોડનો ખર્ચ થયો**

ગુજરાતમાં વીજ વપરાશ વર્ષ ૨૦૨૪માં ૧,૨૬,૯૬૮ મિલિયન યુનિટથી વધીને વર્ષ ૨૦૨૫માં ૧,૨૮,૧૨૮ મિલિયન યુનિટ થયો હતો. બીજી તરફ, સરકારી વીજ કંપનીઓનું ઉત્પાદન ૧,૨૧,૭૭૬ મિલિયન યુનિટથી ઘટીને ૧,૧૯,૪૯૬ મિલિયન યુનિટ થયું હતું. એટલે કે, દર્શાવેલા આંકડાઓ મુજબ વીજ વપરાશમાં ૧,૧૬૦ મિલિયન યુનિટનો વધારો થયો, જ્યારે સરકારી વીજ ઉત્પાદનમાં ૨,૨૮૦ મિલિયન યુનિટનો ઘટાડો નોંધાયો હતો .

વીજ માંગમાં વધારો થવાનો અંદાજ સરકારને અગાઉથી હોવો જોઈએ. ઉનાળાની ગરમી, ખેતી માટેની વીજ જરૂરિયાત, ઔદ્યોગિક ઉત્પાદન અને ઘરેલુ વપરાશ કોઈ અણધારી ઘટના નથી. તેમ છતાં સરકારી વીજ ઉત્પાદનમાં ઘટાડો થાય અને ખાનગી ખરીદી પર આધાર વધે, તો સરકારના આગોતરા આયોજન સામે સવાલો ઊભા થાય તે સ્વાભાવિક છે. સરકારે દરેક સરકારી વીજ મથકનું પ્લાન્ટવાર ઉત્પાદન, સ્થાપિત ક્ષમતા, ક્ષમતાનો વાસ્તવિક ઉપયોગ, જાળવણીને કારણે બંધ રહેલા સમયગાળા, ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદન ઘટવાનાં કારણો જાહેર કરવાં જોઈએ. સાથે જ સરકારી વીજ ઉત્પાદનની સરેરાશ કિંમત અને ખાનગી કંપનીઓ પાસેથી ખરીદાતી વીજળીના દરોની તુલનાત્મક વિગતો પણ રજૂ કરવી જોઈએ.

રાજ્ય સરકારે ઑક્ટોબર માટે ૨,૯૯૯ મેગાવોટ, નવેમ્બર માટે ૧,૭૪૦ મેગાવોટ અને ડિસેમ્બર માટે ૧,૩૩૫ મેગાવોટના ટૂંકા ગાળાના વીજ કરારો અંગે જાહેરાત કરી હતી. આવી ખરીદીની વ્યવસ્થામાં માત્ર કેટલા મેગાવોટ વીજળી મેળવવામાં આવશે તેની જાહેરાત પૂરતી નથી. કઈ કંપની પાસેથી વીજળી ખરીદવામાં આવશે, પ્રતિ યુનિટ દર કેટલો હશે, કરારનો સમયગાળો કેટલો છે, કુલ નાણાકીય જવાબદારી કેટલી છે અને અન્ય ઉપલબ્ધ વીજ સ્ત્રોતો સાથે દરોની સરખામણી કરવામાં આવી છે કે નહીં આ તમામ વિગતો જનતા સમક્ષ મૂકવી જોઈએ તેવી કોંગ્રેસે માંગ કરી છે.

### ડિજિટલ ઈન્ડિયાના દાવા વચ્ચે ગર્ભવતી મહિલાઓ રામભરોસે

# પ્રસૂતિ પાછળ ગરીબ મહિલા સરેરાશ રૂ.૧૬,૯૫૧નું દેવું કરવા મજબૂર

અમદાવાદ, રવિવાર

ગુજરાતમાં 'ડિજિટલ ગવર્નન્સ' અને 'મહિલા સશક્તિકરણ'ના મસમોટા દાવાઓ વચ્ચે ગર્ભવતી અને ધાત્રી માતાઓના અધિકારોને લઈને કડવી વાસ્તવિકતા સામે આવી છે. 'અન્ન સુરક્ષા અધિકાર અભિયાન' દ્વારા રાજ્યના નવ જિલ્લાઓમાં હાથ ધરાયેલા એક અભ્યાસમાં એવો ખુલાસો થયો છે કે, કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' હેઠળ પાત્રતા ધરાવતી માત્ર ૨૭.૪ ટકા મહિલાઓને જ નાણાકીય સહાય મળી શકી છે. જ્યારે રાજ્ય સરકારની ગાજવીજ સાથે શરૂ થયેલી 'નમો શ્રી' યોજનાનું બાળમરણ થયું છે કેમ કે, માત્ર ૪.૮ ટકા અરજદારો સુધી જ સહાય પહોંચી છે.

## પીએમ માતૃ વંદનાનો માત્ર ૨૭.૪ ટકાને ફાયદો : 'નમો શ્રી' યોજનાનું બાળમરણ : ૪.૮ ટકા મહિલાઓને જ લાભ મળ્યો

આ યોજનાઓનો લાભ સમયસર ન મળવાને કારણે ૭૭.૨ ટકા મહિલાઓએ પ્રસૂતિ દરમિયાન બધો તબીબી ખર્ચ પોતે જ ભોગવવો પડ્યો હતો. સર્વે અનુસાર, ગરીબ અને શ્રમિક પરિવારોએ પ્રસૂતિ માટે સરેરાશ

**અન્ન સુરક્ષા અધિકાર અભિયાનના સર્વેમાં પોલ ખુલી ડિજિટલ ભૂલો મહિલાઓ માટે આશીર્વાદને બદલે શ્રાપ બની**

રૂ.૧૬,૯૫૧નો ખર્ચ કરવો પડ્યો છે. જે પરિવારો રોજનું કમાઈને રોજ ખાય છે, તેમને આ નાજુક સમયે આરામ અને પૌષ્ટિક આહાર મળવાને બદલે દેવાના ડુંગર નીચે દબાવવાનો વારો આવ્યો છે.

સરકારે યોજનાઓને ઓનલાઈન તો કરી દીધી, પરંતુ જમીની હકીકત એ છે કે ટેક્નોલોજી જ હવે અવરોધ બની છે. સર્વેમાં સામે આવ્યું કે, ૯૩.૨ ટકા મહિલાઓ પાસે આધાર કાર્ડ અને ૮૨.૭ ટકા પાસે બેંક ખાતા હોવા છતાં તેઓ વહીવટી માળખાનો ભોગ બનીછે.

૫૭.૫ ટકા કિસ્સામાં આધારના વન-ટાઈમ પાસવર્ડ મહિલાઓના બદલે તેમના પતિના મોબાઈલ પર જાયછે.

આ ઉપરાંત મહિલાઓના બેંક ખાતા પણ પતિના મોબાઈલ નંબર સાથે લિંક હોવાથી સિસ્ટમમાં ગૂંચવાડો ઊભો થાય છે, જેને કારણે અરજીઓ ક્યાં તો નામંજૂર થાય છે અથવા લટકી પડે છે.

સામાજિક સંગઠનોનું છે કે, 'માતૃત્વ લાભ એ સરકાર તરફથી અપાતું કોઈ દાન કે પ્રોત્સાહન નથી, પરંતુ તે ગર્ભવતી મહિલાઓનો સામાજિક સુરક્ષાનો અધિકાર છે. એવી માંગ કરવામા આવીછે કે, ડિજિટલ પ્રક્રિયાને સરળ બનાવવામાં આવે, સહાયની રકમને મોંઘવારી સાથે જોડી વેતન સમાન કરવામાં આવે, અને પ્રથમ બાળકની મર્યાદા તેમજ ઉંમરના નિયમો હટાવી તમામ જન્મ માટે સાર્વત્રિક લાભ આપવામાં આવે.

**પીએમ માતૃ વંદના યોજના હેઠળ કયા જીલ્લા માં કેટલો લાભ મળ્યો**

| | | |
|---|---|---|
| ભાવનગર | : | ૪૭.૨ ટકા |
| દાહોદ | : | ૩૫.૫ ટકા |
| વડોદરા | : | ૩૪.૮ ટકા |
| સાબરકાંઠા | : | ૨૦.૦ ટકા |
| મોરબી | : | ૧૬.૯ ટકા |

### નર્મદાના નીરના ભરોસે નહીં રહેતા

# સરકારના મંત્રીએ જ જળસંકટ હોવાનું સ્વીકાર્યું, ખેડૂતોને ચેતવ્યા

અમદાવાદ, રવિવાર

જ્યારે ખુદ સરકારના જવાબદાર મંત્રી જ જાહેરમાં આવીને કહી દે કે 'પાણી આપી શકાય તેમ નથી', ત્યારે પરિસ્થિતિ કેટલી ગંભીર હશે તેનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે. બનાસકાંઠાના વાવ અને થરાદ પંથકમાં આગામી ઉનાળામાં સર્જાનારા ભયાનક પાણી સંકટ પર ખુદ મંત્રી સ્વરૂપજી ઠાકોરે મહોર મારી દીધી છે અને ખેડૂતોને અત્યારથી જ સાવધ કરી દીધા છે.

## મંત્રી સ્વરુપજી ઠાકોરે ખેડૂતોને સલાહ આપી કે, એવા જ પાક વાવજો જે ઓછા પાણીમાં થઈ શકે

સામાન્ય રીતે ચૂંટણીઓ કે જાહેરસભાઓમાં પાણીના મોટા-મોટા વાયદાઓ થતા હોય છે, પરંતુ આ વખતે વાસ્તવિકતા કડવી છે. એક સમારોહમાં મંત્રી સ્વરૂપજી ઠાકોરે સ્વીકાર્યું કે, ચાલુ વર્ષે ઓછા વરસાદના કારણે નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શકાય તેમ નથી. સરકાર સક્ષમ નથી તેવી સ્થિતિ સર્જાઈ છે, તેથી ખેડૂતોએ પોતાની રણનીતિ જાતે જ

(અનુસંધાન બીજા પાને)

### ખેડૂતોનું સરકારને આખરી અલ્ટિમેટમ

# જામનગર, દ્વારકા, પોરબંદરમાં ૩૧મીએ ખેડૂતોનું વિરોધ પ્રદર્શન

અમદાવાદ, રવિવાર

ગુજરાતના ધરતીપુત્રો ફરી એકવાર પોતાના હક્ક અને અધિકાર માટે સરકાર સામે આરપારની લડાઈ લડવાના મૂડમાં છે. હાલમાં જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાના ખેડૂતોએ સરકારની નીતિઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કરીને ઉગ્ર આંદોલનની રણનીતિ તૈયાર કરી છે.

## ખેડૂતો આરપારના મૂડમાં : દુષ્કાળ જાહેર કરવા અને વીજ લાઈનના વળતર મુદ્દે સરકાર સામે લડાઈ

ખેડૂતોએ સરકારને અલ્ટિમેટમ આપ્યું છે કે ,જો ૩૦ ઓક્ટોબર સુધીમાં વાજબી માંગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવે, તો ૩૧ ઓક્ટોબરના રોજ હજારો ખેડૂતો રસ્તા પર ઉતરી આવશે અને શક્તિ પ્રદર્શન કરશે.

ખેડૂતો લાંબા સમયથી બે મુખ્ય પ્રશ્નોને લઈને સંઘર્ષ કરી રહ્યા છે, જે અંગે અગાઉ પણ સરકારને રજૂઆતો કરી હતી. તેમની માંગ છે કે, વરસાદની ખેંચ અને ખરીફ પાક નિષ્ફળ જવાથી આર્થિક સંકટમાં મુકાયેલા

(અનુસંધાન બીજા પાને)

### રાજ્યમાં પર્યાવરણ,ટ્રાફિક વ્યવસ્થા સામે માટે પડકાર

# ગુજરાતમાં ૬૫ ટકાથી વધુ વાહનો નિયમોનું પાલન જ કરતાં નથી

અમદાવાદ, રવિવાર

દેશભરમાં વાહનોના ક્લાસિફિકેશન ફ્રેમવર્ક અંતર્ગત જાહેર થયેલા સત્તાવાર આંકડાઓમાં ગુજરાતની સ્થિતિ અત્યંત ચિંતાજનક સામે આવી છે. રાજ્યમાં દોડતા કુલ સક્રિય વાહનોમાંથી અડધાથી વધુ વાહનો નિયમોનું પાલન ન કરતા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

## કાયદાનું પાલન કરતાં વાહનોની સંખ્યા ૭૬,૫૧,૯૭૨ જ્યારે ૯૩,૯૧,૬૪૯ વાહનો નિયમોનું પાલન નહીં કરતા હોવાનું નોંધાયું

તાજેતરના સરકારી અહેવાલ મુજબ, ગુજરાતમાં કુલ એક્ટિવ વાહનોની સંખ્યા ૧,૭૦,૪૩,૬૨૧ છે. આ કુલ વાહનોમાંથી માત્ર ૭૬,૫૧,૯૭૨ વાહનો નિયમોનું પાલન કરતા માલૂમ પડ્યા છે. તેની સામે આશરે ૬૫.૨ ટકા એટલે કે ૯૩,૯૧,૬૪૯ વાહનો નિયમોનું પાલન ન કરતા હોવાનું સત્તાવાર રીતે નોંધાયું છે.

**પ્રગતિશીલ રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ, ફિટનેસ સર્ટિફિકેટ અને રોડ સેફ્ટીના માપદંડોમાં લાખો વાહનો ખરા ઉતર્યા નથી**

આ આંકડા દર્શાવે છે કે કાયદાનું પાલન કરતા વાહનો કરતાં નિયમભંગ કરતા વાહનોની સંખ્યા ૧૭,૩૯,૬૭૭ જેટલી વધારે છે. ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ, ફિટનેસ સર્ટિફિકેટ અને રોડ સેફ્ટીના માપદંડો પર આટલી મોટી સંખ્યામાં વાહનોનું ખરું ન ઉતરવું એ તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે.

પ્રથમ ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્ર ૨.૫૩ કરોડ સાથે બીજા ક્રમે છે. ત્યારપછી તમિલનાડુ (૧.૯૮ કરોડ) અને કર્ણાટક (૧.૮૮ કરોડ) નો નંબર આવે છે. ગુજરાત પાંચમા ક્રમે હોય, પરંતુ બિન-નિયમબદ્ધ વાહનોની આટલી મોટી સંખ્યા રાજ્યની ટ્રાફિક વ્યવસ્થા અને પર્યાવરણ માટે એક ગંભીર પડકાર બની ગઈ છે. મહારાષ્ટ્ર જેવા મોટા રાજ્યમાં ૧.૧૧ કરોડ વાહનો નિયમબદ્ધ છે, જેની સરખામણીએ ગુજરાતમાં નિયમબદ્ધ વાહનોનો આંકડો ઘણો પાછળ છે.

જો ગુજરાતની સરખામણી તેના પડોશી રાજ્યો સાથે કરવામાં આવે તો ચોંકાવનારી વિગતો સામે આવે છે. રાજસ્થાનમાં કુલ ૧.૩૩ કરોડ વાહનોમાંથી ૮૮ લાખ વાહનો નિયમબાહ્ય છે, જ્યારે મધ્યપ્રદેશમાં ૧.૨૫ કરોડ વાહનોમાંથી ૯૮ લાખ વાહનો નિયમોનું ઉલ્લંઘન કરે છે. વાહનોની કુલ સંખ્યામાં ગુજરાત આ બંને રાજ્યો કરતાં ઘણું આગળ છે, જેના કારણે રસ્તા પર દોડતા નિયમબાહ્ય વાહનોની વાસ્તવિક સંખ્યા અને તેનાથી થતું પ્રદૂષણ પડોશી રાજ્યો કરતાં ગુજરાતમાં વધુ મોટો ખતરો પેદા કરી રહ્યું છે.

ગુજરાતમાં નિયમોનું પાલન ન કરતા વાહનોની આટલી મોટી સંખ્યા આગામી સમયમાં માર્ગ સલામતી, ટ્રાફિક વ્યવસ્થા અને પર્યાવરણના પ્રદૂષણ નિયંત્રણ માટે આરટીઓ અને ટ્રાફિક પોલીસ સામે મોટો પડકાર ઉભો કરી શકે છે. આગામી દિવસોમાં આવા નિયમબાહ્ય વાહનોને રસ્તા પરથી હટાવવા માટે કેન્દ્રની સ્ક્રેપેજ પોલિસીનો કડક અમલ કરવામાં આવે તો ઘણો ખરો સુધારો થાય. એટલું જ નહીં, ફિટનેસ અને પીયુસી વગર દોડતા વાહનો સામે ટૂંક સમયમાં જ રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરી કાર્યવાહી કરવી જોઈએ તેવો સૂર ઉઠ્યો છે.

### દ. ગુજરાત, સૌરાષ્ટ્રમાં વાતાવરણમાં પલટો આવી શકે

# આજે ૮ જિલ્લામાં વરસાદની આગાહી : ખેલૈયાઓમાં ચિંતા

અમદાવાદ,રવિવાર

ગુજરાતના અનેક જિલ્લામાં આવતીકાલે વરસાદની આગાહી કરવામાં આવતા ખેલૈયાઓની ચિંતામાં વધારો થયો છે. હળવા વરસાદની આગાહી કરાઈ છે તેમાં રાજકોટ, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદાનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

## ૧૦ શહરેમાં ૩૭ ડિગ્રીથી વધુ તાપમાન : રાજકોટમાં ૩૯.૯, અમદાવાદમાં ૩૭.૪ ડિગ્રી

ગુજરાતમાં મંગળવારથી વરસાદની કોઈ સંભાવના નથી અને સૂકું વાતાવરણ રહેવાની આગાહી છે. આજે અમદાવાદમાં ૩૭.૪ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૪ ડિગ્રીનો વધારો થયો હતો. ગત રાત્રિના ૨૫.૮ ડિગ્રી સાથે ૨૫.૮ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાન સામાન્ય કરતાં ૪.૯ ડિગ્રી વધારે નોંધાયું હતું. હજુ આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાન ૩૮ જ્યારે લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રીની આસપાસ જ રહેશે.

રાજ્યમાંથી અન્યત્ર રાજકોટમાં ૩૯.૯, ભુજમાં ૩૯.૨, અમરેલીમાં ૩૮.૭, ડીસામાં ૩૮.૬, જુનાગઢમાં ૩૮.૪, સુરતમાં ૩૭.૭, પોરબંદરમાં ૩૭.૫, વડોદરામાં ૩૭.૪, ભાવનગરમાં ૩૭.૨, ગાંધીનગરમાં ૩૫.૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.


॥ बेसना ॥



अतयंत दुःख के साथ सूचित किया जाता है की हमारे पूजनीय
श्री श्रीकिशनजी मोदी
दि. 17-10-2026, शनिवार को स्वर्गवास हो गया है
सदगत का बेसना दि. 19-10-2026 सोमवार को
सुबह 9.30 से 11.00 बजे तक
निम्न लिखित स्थान पर रखा गया है
स्थान :
गज्जर हॉल, निर्माण भवन, लॉ गार्डन, अहमदाबाद
शोकाकुल
धर्मपत्नी : बिंदुजी मोदी
पुत्र-पुत्रवधू : अजय-निशि, आशीष-सिंपल
पौत्र- पौत्रवधू : आयुष-मुस्कान, अनुज-राशि, विराज
पौत्री-जमाई : अनमोल-मोहितजी अग्रवाल, आरव (प्र-पौत्र)
भतीजे-वधु : विजय-जूलिया, संजय-सोनल
एवं समस्त मोदी परिवार
फर्म : मोदी प्रोपैक प्रा. लि.। टॉपसेल पैकर्स

બેસણું



સ્વ. ધીરેનકુમાર હીમંતલાલ વ્યાસ
તારીખ ૧૪-૧૦-૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ગતનું બેસણું તારીખ ૨૦-૧૦-૨૦૨૬ ને મંગળવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ: ડો. મુકુલ શાહ કોમ્યુનીટી હોલ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે સેટેલાઈટ અમદાવાદ.
ભાવના વ્યાસ (પત્નિ)
બ્રિન્દા યતીન ભટ્ટ (પુત્રી) — યતીન ભટ્ટ જમાઈ (USA)
પ્રિયંકા શુકલ (પુત્રી) — હિમાંશુ શુકલ જમાઈ (USA)
કલ્પેશભાઈ વ્યાસ (ભત્રીજા) — વૈશાલી વ્યાસ
ધરીતા દવે (ભત્રીજી) — કલ્પેશ દવે (જમાઈ)
હરીતા પંચોલી (ભત્રીજી) — અનિલ પંચોલી (જમાઈ)
જોલીબેન કૌશશીકભાઈ વ્યાસ (ભત્રીજી)

બેસણું



અમારા ભાઈશ્રી સાહીલ અરૂણકુમાર ચોક્સી
અરિહંત શરણ થયેલ છે.સદ્ગતનું બેસણું તા.૧૯-૧૦-૨૦૨૬, સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.
(સફેદ વસ્ત્રો પહેરવા નહી)
સ્થળ- મણીભુવન, લિટલ ફ્લાવર સ્કૂલની સામે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ
લિ. અરૂણકુમાર ચીનુભાઈ ચોક્સી
દિલીપકુમાર ચીનુભાઈ ચોક્સી
દીપકકુમાર રમણલાલ ચોક્સી — પ્રેક્ષા સાહીલકુમાર ચોક્સી
બિરજુ અરૂણકુમાર ચોક્સી — રિદ્ધિ બિરજુભાઈ ચોક્સી
વિશાલ દિલીપકુમાર ચોક્સી — મીનાબેન ધરણેન્દ્રકુમાર શાહ
રાજન દીપકકુમાર ચોક્સી — વિભાબેન ઉપેનભાઈ શાહ
વૈશલકુમાર પ્રકાશભાઈ શાહ — સાન્વી, દ્વિશા, દિયાન — સેજલ વૈશલકુમાર શાહ
ફર્મ - ચોક્સી હિમ્મતલાલ છોટાલાલ (પાટણવાળા)
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
પ્રબોધકુમાર બાલચંદભાઈ શાહ પરિવાર (શંખલપુરવાળા)